


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

પોષ વદ -૧૧ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૨૫-૧-૨૦૨૫ - શનિવાર | રાજકોટ (સીટી)




વર્ષ : ૩૯ અંક : ૧૩૨ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

પ્રજાસતાક દિન પર્વ પૂર્વે.....

## કાશ્મીરમાં સેના કેમ્પ પર આતંકીઓનું ફાયરીંગઃ જવાનોનો જડબાતોડ જવાબ

### આતંકીઓને ઠાર કરવા સર્ચ અભિયાન



કઠુઆ (જમ્મુ-કાશ્મીર) તા.૨૫

આવતીકાલે પ્રજાસતાક દિન પર્વ પૂર્વે જમ્મુ-કાશ્મીરનાં કઠુઆ જીલ્લાનાં બિલાવર વિસ્તારમાં ભટોડી અને મુઆર વિસ્તારમાં આતંકીઓએ મોડી રાત્રે સેનાના કેમ્પ પર ફાયરીંગ કર્યું હતું. સેનાએ જવાબી કાર્યવાહીમાં સામે ફાયરીંગ કર્યું હતું.

સેનાના કેમ્પ પર હુમલો કરનારા આતંકીઓને ઠાર કરવા માટે સેના દ્વારા સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે. પુરા વિસ્તારમાં નાકાબંધી કરવામાં આવી છે.

આ પહેલા શુક્રવારે બીએસએફ પશ્ચિમી કમાનના એડીજી સતીષ ખંડોરએ ગણતંત્ર દિવસ પહેલા કઠુઆ જીલ્લામાં ભારત-પાકિસ્તાનની બોર્ડર પર સુરક્ષા વ્યવસ્થાની જાણકારી મેળવી હતી.

સતાના પ્રથમ સપ્તાહમાં જ દુનિયાને એક બાદ એક આંચકા આપતા પ્રમુખ ટ્રમ્પ

# દુનિયાભરના દેશોની લશ્કરી સહિતની મદદો સ્થગીત કરતુ અમેરિકા

### ટ્રમ્પનો આદેશઃ ફકત ઈઝરાયેલ અને ઈજીપ્ત બાકાતઃ યુક્રેન ફસાઈ જશેઃ અમેરિકાની લશ્કરી મદદો બંધ થતા રશિયા સામે લડવું મુશ્કેલઃ ગલ્ફ ઓફ મેકસીકોનું નામ પણ બદલી નાખ્યુ



### અમેરિકામાંથી ગેરકાનુની વસાહતીઓને પકડી વિમાનમાં બેસાડાય છેઃ મેકસીકોએ નહોર ભરાવ્યાઃ અમેરિકી વિમાનોને લેન્ડીંગ મંજુરી નહીઃ ટ્રમ્પે સરહદ પર સૈન્ય ખડકયુ

વોશિંગ્ટનઃ અમેરિકામાં શાસન સંભાળ્યાના પ્રથમ સપ્તાહમાંજ દુનિયાભરમાં ટ્રમ્પ ઈફેકટ સર્જી રહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક આકરા પગલામાં દુનિયાભરમાં મળતી અમેરિકી મદદ ઈજીપ્ત અને ઈઝરાયેલ સિવાય સ્થગીત કરી છે. ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ યુક્રેન સહિતના દેશોમાં અમેરિકાના જે સહાય સહિતના પ્રોજેકટ છે તેને તાત્કાલીક અટકાવી દેવા આદેશ આપી છે અને ખાસ કરીને ઈઝરાયેલ અને ઈજીપ્ત સિવાય અન્ય તમામ દેશોને અપાતી લશ્કરી સહિતની મદદો પણ હાલ સ્થગીત કરી દેતા હાલ રશિયા સામે લડી રહેલા યુક્રેનને સૌથી મોટો ફટકો પડશે. ટ્રમ્પ શાસનના આ પગલાથી આફ્રિકા સહિતના ગરીબ દેશોમાં આરોગ્ય-ભોજન સહિતની જે જંગી અમેરિકી મદદો મળે છે તેને પણ મોટો ફટકો પડયો છે.

અમેરિકા ૨૦૨૩ના અંદાજ મુજબ વિશ્વભરમાં ૭૨ બીલીયન ડોલરની અલગ અલગ રીતે મદદ કરે છે. હાલ આ આદેશ ૯૦ દિવસ સુધી લાગુ રહેશે અને આ ઉપરાંત તમામ વિભાગોને વિદેશી મદદો માટે કોઈ નવી ખાતરી આપવા કે કરાર નહી કરવા પણ આદેશ અપાયા છે.

આ અગાઉ ગઈકાલે જ અમેરિકાએ શરણાર્થી યોજના હેઠળ આપતા તમામ વિદેશીઓને પણ અમેરિકામાં પ્રવેશ પર રોક લગાવી દેતા હજારો લોકો વિશ્વભરના વિમાની મથકો પર ફસાઈ પડયા છે. જો કે ઈઝરાયેલને અપાયેલી મુકતી ગાઝા ક્ષેત્રમાં અમેરિકી મદદ યથાવત રહેશે. ખાસ કરીને અન્ન સહિતની સહાયતા આ ક્ષેત્રમાં પહોંચી રહી છે.

બીજા એક આદેશમાં ટ્રમ્પ શાસને અગાઉ જાહેર કર્યા મુજબ ગલ્ફ ઓફ મેકસીકોનું નામ બદલીને ગલ્ફ ઓફ અમેરિકા કર્યુ છે. ટ્રમ્પે અગાઉ જ આ જાહેરાત કરી હતી તો અલાસ્કામાં ૨૦૦૦૦ ફુટની ઉંચાઈએ આવેલા માઉન્ટ ડેનાલીનું નામ પણ બદલીને માઉન્ટ મેકેનલી કર્યુ છે. ટ્રમ્પે આ રીતે ઓબામા શાસન સમયે આપેલા નામો બદલવાથી ચુંટણીમાં જ ખાતરી આપી હતી.

બીજી તરફ અમેરિકામાંથી ગેરકાનુની રીતે રહેતા વિદેશીઓને બહાર કાઢવાની ઝુંબેશ ચાલુ છે અને મેકસીકો સરહદે યુદ્ધ જેવી સ્થિતિ છે. ટ્રમ્પના આદેશથી

(અનુસંધાન ૧૨ મા પાને)

## જો ટ્રમ્પ હોત તો રશિયા-યુક્રેન યુદ્ધ ન થયું હોત : પુતિન



### ૨૦૨૦ ની અમેરિકી ચૂંટણીમાં પણ ઘાંઘલી થઈ હતી

મોસ્કો : રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. તેણે કહ્યું છે કે ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૦ની અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં હેરાફેરી કરીને હાર્યા હતા. તેમણે એમ પણ કહ્યું છે કે જો ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૨૦માં અમેરિકાના રાષ્ટ્રપતિ હોત તો ૨૦૨૨માં રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ન થયું હોત. પુતિને શુક્રવારે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, ‘‘હું તેમની સાથે સંમત છું કે જો તેઓ રાષ્ટ્રપતિ રહ્યા હોત, જો ૨૦૨૦માં તેમની હાર ન થઈ હોત, તો કદાચ ૨૦૨૨માં યુક્રેનમાં જે કટોકટી સર્જાઈ હતી તે ન સર્જાઈ હોત.’’

તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પે પણ સતત એવો દાવો કર્યો છે કે ૨૦૨૦ની યુએસ પ્રમુખપદની ચૂંટણી ‘‘ચોરી’’ અને ‘‘ધાંધલી’’ કરવામાં આવી હતી, જેમાં રિપબ્લિકન પાર્ટીની હાર થઈ હતી.

રશિયન રાષ્ટ્રપતિએ શુક્રવારે ડોનાલ્ડ ટ્રમ્પની વૈશ્વિક મુદ્દાઓને હેન્ડલ કરવાની ક્ષમતાની પ્રશંસા કરી, તેમને સ્માર્ટ અને વ્યવહારુ ગણાવ્યા. પુતિને કહ્યું, ‘‘મને કલ્પના કરવામાં મુશ્કેલી થાય છે કે એવા નિર્ણયો લેવામાં આવશે જે અમેરિકન અર્થતંત્ર માટે નુકસાનકારક હશે.’’ તેમણે વધુમાં કહ્યું કે તેલના ભાવમાં વધઘટ રશિયા અને અમેરિકા બંને માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે. પુતિને

(અનુસંધાન ૧૨ મા પાને)

ગુજરાતમાં આવતીકાલે તાપી જિલ્લાના વ્યારામાં ગણતંત્ર દિનની ઉજવણી

# કાલે આન-બાન-શાન સાથે ત્રિરંગો લહેરાવાશે

### દેશના ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં દિલ્હીમાં શાનદાર પરેડ યોજાશેઃ મુખ્ય અતિથિ તરીકે હાજર રહેનાર ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિનું આગમનઃ રાષ્ટ્રપતિ ભવન ખાતે સ્વાગત



નવી દિલ્હી, તા.૨૫

દેશના ૭૬મા પ્રજાસત્તાક દિનની આવતીકાલે આન-બાન અને શાનથી ઉજવણી કરવામાં આવશે. દિલ્હીમાં રાજપથ ખાતે ભારતીય સૈન્ય દ્વારા આધુનિક શક્તિનું પ્રદર્શન અને સાથોસાથ દેશના વિવિધ રાજ્યો દ્વારા વિકાસ અને સાંસ્કૃતિક ઝાંખીઓ સાથે પરેડ યોજાશે. લાલ કિલ્લા ખાતે રાષ્ટ્રધ્વજની સલામી આપવામાં આવશે. આવતીકાલના ગણતંત્ર દિનના મુખ્ય અતિથિ તરીકે ઈન્ડોનેશીયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબીયાંતો આજે ભારત આવી પહોંચ્યા હતા અને રાષ્ટ્રપતિ દ્રોપદિ મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં તેમનું સ્વાગત કર્યું હતું. વિમાની મથકે વિદેશ રાજ્ય મંત્રી દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રસપ્રદ બાબત એ છે કે ગણતંત્ર દિનના મુખ્ય અતિથિ તરીકે ભારતમાં હાજરી આપનાર તેઓ ઈન્ડોનેશીયાના ચોથા રાષ્ટ્રપતિ બન્યા છે. ૧૯૫૦માં દેશના પ્રથમ ગણતંત્ર દિનમાં ઈન્ડોનેશીયાના પ્રથમ રાષ્ટ્રપતિ સુકર્ણો મુખ્ય અતિથિ હતા. ભારત અને ઈન્ડોનેશીયા વચ્ચે ગાઢ સંબંધોમાં હવે તે ભારત પાસેથી બ્રહ્મોસ્ત્ર સહિતના મિસાઈલ અને અન્ય શસ્ત્રો ખરીદવાના કરાર થશે.

આવતીકાલે ગણતંત્ર દિનની ઉજવણી પૂર્વે દિલ્હી સહિત દેશભરમાં જબરી સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. ગુજરાતમાં ગણતંત્ર દિનની ઉજવણી તાપી જિલ્લામાં વ્યારામાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર

(અનુસંધાન ૧૨ મા પાને)

## ૭૩ દેશોનાં રાજદુતોની ગંગા ડુબકી સમયે મહાકુંભમાં ફરી આગ : ૨ વાહનો બળીને ખાખ

### મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે મૌની અમાવસ્યાના સ્નાનની તૈયારીઓની સમીક્ષા કરવા પ્રયાગરાજમાં બેઠક કરશે



પ્રયાગરાજ : પ્રયાગરાજમાં આજે મહાકુંભ મેળામાં આગની વધુ એક ઘટના સામે આવી છે. અહીં મેળા વિસ્તારમાં સેક્ટર ૨ પાસે પાર્ક કરેલી બે કારમાં આગ લાગી હતી. જો કે ફાયર વિભાગે તાત્કાલિક આગ પર કાબુ મેળવી લીધો હતો જેથી મોટી દુર્ઘટના ટળી હતી. એક વાહન સંપૂર્ણ બળી ગયું હતું જ્યારે બીજું અડધું બળી ગયું હતું.આ ઘટના અંગે ફાયર ઓફિસર વિશાલ યાદવે જણાવ્યું કે અમને અનુરાગ નામનાં વ્યક્તિનો ફોન આવ્યો હતો. એક કારમાં આગ લાગી હતી. તેની બાજુમાં પાર્ક કરાયેલ અન્ય એક વાહન પણ આંશિક રીતે બળી ગયું હતું. તેમણે જણાવ્યું કે અર્ટિગા કાર સંપૂર્ણપણે બળી ગઈ હતી, જ્યારે વેન્યુ કાર અડધી બળી હતી. આગને કાબુમાં લેવામાં આવી છે. દરેક વ્યક્તિ સુરક્ષિત છે.

(અનુસંધાન ૧૨ મા પાને)






























# ગુજરાતમાં બે વર્ષમાં ઉત્સવો-પર્યટન સ્થળે ૩૫.૮૯ કરોડ પ્રવાસી ઉમટ્યા

## વાઈબ્રન્ટ નવરાત્રી ફેવરીટઃ રણોત્સવ, પતંગ મહોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેતરના મેળાનું મોટું આકર્ષણ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં વાયબ્રન્ટ નવરાત્રી, ધોરડો રણોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ, સાપુતારા મેઘ મલ્હાર, તરણેત્તર મેળો, માધવપુર મેળો, કાંકરિયા કાર્નિવલ જેવા અનેક ઉત્સવો તેમજ સોમનાથ, દ્વારકા, અંબાજી, સૂર્યમંદિર મોઢેરા, રાણીની વાવ, હેરીટેજ સિટી અમદાવાદ, સ્ટેચ્યુ ઓફ યુનિટી, શિવરાજપુર બીચ સહિત વિવિધ પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. જેના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૧૭.૨૬ કરોડથી વધુ તેમજ વર્ષ ૨૦૨૪માં ૧૮.૬૨ કરોડ એમ છેલ્લા બે વર્ષમાં વિવિધ પર્યટન સ્થળો અને ઉત્સવોમાં અંદાજે ૩૫.૮૯ કરોડથી વધુ પ્રવાસીઓ સહભાગી થયા છે.





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગુજરાતમાં પ્રવાસન સ્થળોના સર્વાંગી વિકાસની સાથે ઉત્સવોને વિશેષ પ્રાધાન્ય આપી રહી છે. ગુજરાતમાં છેલ્લા બે વર્ષમાં મુખ્યત્વે સૌથી વધુ વાઈબ્રેન્ટ નવરાત્રી મહોત્સવમાં ૨૩.૧૨ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.જ્યારે કચ્છમાં યોજાતા ધોરડો રણોત્સવમાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૭.૪૨ લાખ અને વર્ષ ૨૦૨૪-૨૫માં અત્યાર સુધીમાં ૭.૫૨ લાખ એમ કુલ મળીને ૧૪.૯૪ લાખ જેટલા પર્યટકો નોંધાયા છે.

આ ઉપરાંત, છેલ્લા બે વર્ષમાં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવમાં ૯.૨૯ લાખ, સાપુતારા મેઘ મલ્હાર ફેસ્ટીવલમાં ૦૫ લાખ જેટલા તેમજ તરણેત્તર મેળામાં ૦૪ લાખથી વધુ પ્રવાસીઓ- નાગરિકોએ મુલાકાત લીધી છે.

### કચ્છ રણોત્સવ

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૫માં ફક્ત ત્રણ દિવસના આયોજન સાથે કચ્છના રણમાં ધોરડો ખાતે 'રણોત્સવ'ની શરૂઆત કરાવી હતી જે આજે ગ્લોબલ ઈવેન્ટ બની ગઈ છે. એક સમયે જે રણની ઓળખ ઉજ્જડ જમીન તરીકેની હતી, તે સ્થળે આજે રણોત્સવ ઉજવાય છે. વડાપ્રધાનના વિઝનથી આજે કચ્છનું રણ વિશ્વ પ્રવાસનનું તોરણ બન્યું છે. યુનાઇટેડ નેશન્સની એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઈઝેશન દ્વારા ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

### આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ

'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'ના આયોજન થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો પ્રમોટ થાય છે, જેના થકી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે.

આ વર્ષે આયોજિત પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજ્યોમાંથી ૪૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો. જ્યારે ગુજરાતના ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો એમ કુલ ૬૦૭ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો.

### વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવ

વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રી ઉત્સવ ૧૦ દિવસનો ઉત્સવ છે છેલ્લા બે વર્ષમાં ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં અંદાજે ૨૩.૧૨ લાખથી વધુ ખેલૈયાઓ સહભાગી થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશમાં દર વર્ષે ૨૫મી જાન્યુઆરીને 'રાષ્ટ્રીય પર્યટન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે, જે ભારતના વૈવિધ્યસભર પર્યટન સ્થળો અને તેની ધરોહરના જતન માટે નાગરિકોને જાગૃત કરવાનો એક અનોખો પ્રયાસ છે. દેશભરમાં વર્ષ ૨૦૨૫માં રાષ્ટ્રીય પર્યટન દિવસ ''ટુરિઝમ ફોર ઇન્કલુસિવ ગ્રોથ''ની થીમ ઉપર ઉજવાશે તેમ, પ્રવાસન નિગમની યાદીમાં જણાવાયું છે.






















# પૂ.નેમિસુરિસમુદાયના સાધ્વીજી ભગવંત શ્રી શ્રેયપ્રજ્ઞાશ્રીજી મહારાજ કાળધર્મ પામ્યા



પ.પૂ.શાસન સમ્રાટ આચાર્યશ્રી વિજય નેમિસુરિશ્વરજીમ.સમુદાયના પૂ.સાધ્વીજી શ્રી પુષ્પા શ્રીજીમ.ના પરિવારના પૂ.સા.શ્રી શ્રેયપ્રજ્ઞો શ્રીજીમ.(દેવા વાળા) (શિલામહારાજ) આજે તા.૨૫ના શનિવારે સવારે પ્રાચીથી ધોલેરા તરફ વિહાર કરતાં અકસ્માતમાં કાળધર્મ પામ્યા છે. તેઓશ્રીની પાલખીયાત્રા બપોરે ૨:૧૫ કલાકે પરિમય જૈન સંઘ (અમદાવાદ) ખાતેથી 'જય જય નંદા જય જય ભદ્રાના' સુરો સાથે નીકળી હતી.અને મુકિતધામમાં અંતિમ વિધિ કરાઈ હતી.

# મોરબી શહેર ભાજપના પુર્વ પ્રમુખ લાખાભાઈ જારીયાના ધર્મપત્નિ પુરીબેનનું અવસાન, સોમવારે બેસણું



**(જીજ્ઞેશ ભટ્ટ) મોરબી તા.૨૫**

મોરબી નિવાસી પુરીબેન લાખાભાઈ જારીયા (ઉ.વ.૬૫) તે લાખાભાઈ મગનભાઈ જારીયા (પૂર્વ પ્રમુખ, મોરબી નગરપાલિકા, પૂર્વ પ્રમુખ મોરબી શહેર ભાજપ, પુર્વ પ્રમુખ આહિર સમાજ-મોરબી) ના પત્ની તેમજ અશ્વિનભાઈ, ભુપતભાઈ અને આરતીબેનના માતા તથા કાનજીભાઈ મગનભાઈ જારીયા (યદુનંદન ગૌશાળા) ના ભાભી તેમજ યશ અને ધ્રુવના દાદીમાંનું તા.૨૪ ના રોજ અવસાન થયું છે.સદગતનું બેસણું તા.૨૭ ને સોમવારે સાંજે ૪ થી ૬ ''શ્રી રવેચી કૃપા'' શેરી નંબર-૪, એવન્યુ પાર્ક સોસાયટી, રવાપર રોડ મોરબી ખાતે રાખેલ છે.

# અવસાન નોંધ

**ધ્રોલ:** ગં.સ્વ. પ્રમિલાબેન ચંદુલાલ જોશી (ઉ.વર્ષ ૮૭) તે સ્વ. ચંદુલાલ શામજીભાઈ જોશીના ધર્મપત્ની તથા સ્વ. ગિરિશભાઈના માતુશ્રી તા.૨૪-૦૧-૨૦૨૫ શુક્રવારના રોજ કૈલાસવાસી થયેલ છે.સદગતનનું બેસણુ તારીખ ૨૫-૦૧-૨૦૨૫ શનિવારના રોજ સાંજે ૪-૩૦ થી ૫-૩૦ કલાકે વૈજનાથ મહાદેવના મંદિરે ધ્રોલ રાખેલ છે.

**ઉના:** ઉના કવા દિનેશભાઈ નાથાભાઈ (ઉ.વ.૬૪) તે મણિભાઈ ના નાના ભાઈ ત્થા જીતેન ભાઈ ( નાયાબ મામલતદાર ઉના) રૂપમબેન ( ઓસ્ટ્રેલિયા )તેમજ દિપાલીબેન (વડોદરા) ના પિતા નું તારીખ ૨૪ ના અવસાન પામેલ છે તેમનું બેસણું તારીખ ૨૭ ને સોમવારે સાંજે ૪ થી ૬ વિશ્વકર્મ હોલ જુના બસ સ્ટેન્ડ કેનેરા બેન્ક સામે ઉના મુકામે રાખેલ છે


**રાજકોટ:**સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ જ્યોત્સનાબેન દિનકરરાય દવે તે સ્વ. દિનકરરાય હરીશંકર દવેના પત્ની તથા જયકિશન ડી. દવેના માતૃશ્રીનું તા. ૨૩ ના અવસાન થયેલ છે. બેસણું તા : ૨૫ ને શનિવારે સાંજે ૪ થી ૫:૩૦ શ્રી ધારેશ્વર મંદિર, ભક્તિનગર સર્કલ, રાજકોટ ખાતે રાખેલ છે.ઉમેશભાઇ (મો : ૯૪૨૬૨ ૧૬૩૪૮),જયભાઇ મો : ૯૩૭૬૬ ૦૮૯૭૮.

**રાજકોટ:** જગદીશચંદ્ર કેશવલાલ પંડયાના ધર્મપત્ની સ્વ.કંચનબેન (જયશ્રીબેન) (ઉ.વ.૬૫)નું તા.૨૩ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તે રીટાબેન અશોકકુમાર પંડયા, અંજનાબેન મેહુલકુમાર દવે તથા નિરંજનભાઈ જગદીશચંદ્ર પંડયાના માતૃશ્રી તેમજ સ્વ. ગુણવંતભાઈ, નટવરભાઈ, બળવંતભાઈ તથા જનકભાઈના ભાભી તથા મુ.ઘુનડા (આ.)નિવાસી સ્વ.વૃજલાલ રામેશ્વર જોષીના દીકરી તેમજ સ્વ.શાંતિલાલ, સ્વ.મનસુખભાઈ, હસમુખભાઈ તથા હરેશભાઈના બહેન થાય ઉઠમણું તથા પિયર પક્ષનું બેસણું તા.૨૭/૧ સોમવાર સાંજે ૪ થી ૫ ચા.મ.મોઢ બ્રાહ્મણની વાડી, સાવસર પ્લોટ, મોરબી ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ગુર્જર સુથાર મુળ સુલતાનપુર હાલ રાજકોટ સ્વ . વિનોદભાઈ ખંભાયતા તે સ્વ . પુરૂષોતમ દાસ માધવજી દાસ ખંભાયતા ના સુપુત્ર તથા તુષારભાઈ , કૃણાલ ભાઈ ના પિતા તથા ધીરજલાલ કાનજીભાઈ પાટડીયા ના જમાઇ તથા લલીતભાઈ ડી. પાટડીયા , અનીલભાઈ ડી. પાટડીયા ના બનેવી તારીખ . ૨૪ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તારીખ . ૨૭ ને સોમવાર ના રોજ સાંજે ૩ થી ૫ વાગે , ગુર્જર સુથાર પ્રગતી મંડળ ગોંડલ રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રાહ્મણ મૂળ રાજ સમઢીયાળા હાલ રાજકોટ સ્વ. અમૃતલાલ હીરજીભાઈ ભટ્ટના પુત્ર દુષ્યંતભાઇ (ઉ.વ. ૬૬) તે સ્વ. મુકેશભાઈના લઘુબંધુ તેમજ અતુલભાઇ અને સતિષભાઈના વડીલ બંધુ તેમજ સ્વ. અમૃતલાલ ત્રિભોવન જોષી (માસ્તર દાદા)ના દોહિત્ર તેમજ કોટડા સાંગાણીવાળા સ્વ. જયસુખભાઈ શાંતિલાલ જોષીના જમાઈ તે કુમારના પિતાશ્રીનું તા. ૨૪ને શુક્રવારે અવસાન થયું છે. સદગતનું ઉઠમણું અને બેસણું તા. ૨૬ને રવિવારે સાંજે ૪ થી ૫.૩૦ ધારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખ્યું છે.

# અખબારી ફોટોગ્રાફર શરદભાઈ વાગડીયાના પિતાશ્રીનું નિધન સોમવારે બેસણું



રાજકોટ: ફોટોગ્રાફર શરદ:આર.વાગડીયા, અનુરાગ. આર. વાગડીયાના પિતાશ્રી રમણભાઈ વનુભાઇ વાગડીયા (ઉ.વ. ૭૬) તા. ૨૫/૧/૨૦૨૫ ના શ્રીજી ચરણ પામેલ છે.તેમની અંતિમયાત્રા અમારા નિવાસસ્થાનથી ગીરીકંન્દ્રા '' ૧૦/૧૪ જયરાજ પ્લોટ, કેનાલ રોડ ખાતેથી આજે ૧૧:૩૦ વાગે નીકળી હતી. ૯૩૭૭૭૨૧૧૨૩/૨૪

સદ્‌ગતનું બેસણું: તા.૨૭ના સોમવારે સાંજે ૪ થી ૬ વાગ્યે, રાષ્ટ્રીય શાળા મધ્યસ્થખંડ રાજકોટ ખાતે રાખવામાં આવ્યું છે.

### હત્યા પ્રયાસ, ફરજ રુકાવટ સહિતની ગંભીર કલમો સાથે ફરિયાદમાં નોંધાઈ હતી

# વિંછીયા પોલીસ સ્ટેશન પર પથ્થરમારો થયાના ગુનામાં આરોપીઓનો જામીન પર છુટકારો

## આ ગુના સંબંધિત આરોપીઓનો કેસ વિનામૂલ્યે લડી આપવા રણજીત મકવાણા સહિતના એડવોકેટે જાહેરાત કરી

રાજકોટ, તા.૨૫

વિંછીયા પોલીસ સ્ટેશન પર પથ્થરમારો થયાના ગુનામાં આરોપીઓનો જામીન પર છુટકારો થયો છે.

કેસની વિગત મુજબ, ૮૪ વ્યક્તિ વિરુદ્ધ ભારતીય ન્યાય સીહતાની કલમ ૧૮૯(૨),૧૮૯(૩), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૫(૧), ૧૦૯(૧), ૧૨૧(૧), ૧૨૧(૨), ૪૯, ૧૩૨, ૩૨૪(૪),૬૧(૨),૧૧૫(૨), ૧૨૫(એ), ૧૨૫(બી) તથા સાર્વજનિક મિલકત નુકશાન અટકાવવાનો અધિનિયમ ૩ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબની ફરીયાદ નોંધવામા આવેલ હતી. પોલીસે નોંધેલ ફરીયાદ મુજબ તા.૬ના રોજ હાલના આરોપીઓએ ઘનશ્યામ રાજપરાની હત્યા કરનારા આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢવા માંગ કરેલી. જે બાબતે પોલીસ અને ટોળા વચ્ચે ઘર્ષણ થયેલ હોય જેમા ટોળાઓએ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરેલ હોય અને ફરજપરના પોલીસ અને સરકારી વાહનો ઉપર પથ્થરમારો અને હુમલો કરી આમ પ્રજાજનોમાં ભયનો માહોલ ફેલાવી પોલીસ અધિકારીઓને ગંભીર ઈજાઓ કરી સરકારી મિલકતને નુકસાન કરેલ. આ ગુનામાં આરોપીઓને ઝડપી ગોંડલ સબ જેલ હવાલે કરાયા હતા.



એડવોકેટ રણજીત મકવાણા, વલ્લભ રંગપરા

જેમાં આરોપી (૧) મુકેશભાઈ મનસુખભાઈ રાજપરા (૨)જયદિપભાઈ રાજુભાઈ ડાભી (૩) જયદીપભાઈ પાચાભાઈ સાંકળીયા (૪) રમેશભાઈ છગનભાઈ જાંબુકીયા (૫) મુન્નાભાઈ ઉર્ફે મુનો મગનભાઈ ઝાપડીયા (૬)જયંતીભાઈ મેઘાભાઈ ગોહીલ (૭) નવનીતભાઈ લાલજીભાઈ સોલંકી (૮) ગોપાલભાઈ ચોથાભાઈ વાલાણી (૯) અજયભાઈ લાલજીભાઈ રાજપરા (૧૦) વલ્લભભાઈ સોમાભાઈ કુંકડીયાની જામીન અરજીઓ વિંછીયા કોર્ટે નામંજૂર કરતા રાજકોટ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં આ આરોપીઓએ પોતાના એડવોકેટ રણજીત બી.મકવાણા મારફતે જામીન અરજી કરતા તેના વકીલે કરેલી દલીલો, રજૂ રાખેલા ચુકાદા ધ્યાને લઈ ડીસ્ટ્રક્ટ કોર્ટે આરોપીઓને જામીન મુક્ત કરવા હુકમ કર્યો હતો.

આ ૧૦ આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ રણજીત બી. મકવાણા, જીજ્ઞેશ એમ.સભાડ, વિરલભાઈ કે. ચૌહાણ, કેવીન એમ. ભેડેરી, યોગેશ જાદવ, મદદમાં અભય ચાવડા, વિશાલ રોજાસરા, વિંછીયાના એડવોકેટ વલ્લભભાઈ રંગપરા, ભરતભાઈ ધરજીયા રોકાયેલ હતા. એડવોકેટ રણજીત મકવાણાએ જાહેરાત કરી છે કે, આ કેસ સંબંધિત આરોપીઓ માટે તેઓ વિના મુલ્યે કાનૂની સેવા આપી છે અને આગળ પણ તેઓ વિના મૂલ્યે આ કેસ આરોપીઓ તરફથી લડશે.

છટ્ઠી પુણ્યતિથીએ

## શ્રદ્ધાંજલી



**સ્વ. નારણભાઈ જગુભાઈ મકવાણા (ખીંટ)**

સ્વ.તા. ૨૫-૧-૨૦૧૯

તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદૈવ જીવંત રહેશે.
ન વિસરાય તેવું સૌમ્ય વ્યકિતત્વ, માયાળુ, ઉદાર સ્વભાવ
હસમુખો ચહેરો અમારી નજર સમક્ષ તરવરતો રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ. ઘોઘાભાઈ જીણાભાઈ મકવાણા (ખીંટ) ગિરીશભાઈ અજયભાઈ મકવાણા (ખીંટ)
સ્વ. ભરતભાઈ ઘોઘાભાઈ મકવાણા (ખીંટ) નિકુંજ રામભાઈ મકવાણા (ખીંટ)
અજયભાઈ ઘોઘાભાઈ મકવાણા (ખીંટ) દેવ કિશોરભાઈ મકવાણા (ખીંટ)
રામભાઈ ભરતભાઈ મકવાણા (ખીંટ) દિવ્યેશ લાલાભાઈ મકવાણા (ખીંટ)
કિશોરભાઈ ભરતભાઈ મકવાણા (ખીંટ) રાજ ગીરીશભાઈ મકવાણા (ખીંટ)
લાલાભાઈ ભરતભાઈ મકવાણા (ખીંટ) રાઘવ ગીરીશભાઈ મકવાણા (ખીંટ)

SIMPLE

**સમગ્ર મકવાણા પરિવારના જયશ્રીકૃષ્ણ**

## શ્રદ્ધાંજલિ



**કર્મયોગી સ્વ.શાંતિલાલ ઠાકરશીભાઈ ફળદુ**
**સ્વ.તા.૨૩-૦૧-૨૦૨૫ ગુરૂવાર**

સમય જીંદગીનો ઓછો હશે... કયાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ... કયાં ખબર હતી,
કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા, ભગવાન દિવ્ય આત્માને
આશીર્વાદ આપે,એજ ભાવનાત્માક શ્રદ્ધાંજલિ ૐ શાંતિ.

**કુંડારિયા કેન્સર પ્રીવેન્શન ફાઉન્ડેશન**
**ડિવિઝન ઓફ રાજકોટ કેન્સર સોસાયટી**

Samrat-97129 95133

## શ્રદ્ધાંજલી - રાજકોટ



**સ્વ. કુંદનબેન સવજીભાઈ કલોલા**
**સ્વ. તા. ૨૩-૦૧-૨૦૨૫, ગુરૂવાર**

સ્નેહનો પર્યાય, વાત્સલ્યના વહેણ... પ્રેમના પ્રતિક, લાગણીનું મહાસાગર,
જેમની યાદ માત્રથી હૃદયપ્રેમથી છલકાઈ ઉઠે છે.
આજે અમારા પરિવારના સૌના હૈયે અને હોઠે છે એક જ પ્રાર્થના...
જીવંત રહો અમારા હૃદયમાં, સદા ધબકતા રહો અમારી ચેતનામાં અને પ્રેરણામાં...
સદૈવ-સર્વદા પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લી.

**મુકેશભાઈ રામજીભાઈ કલોલા**
**ઉમાબેન મુકેશભાઈ કલોલા**
**પાર્થ કલોલા • સુરભી કલોલા**
**એકયુફીન બાયોમેડિકલ • બોસ ઓટોમેશન**
**તથા કલોલા પરિવારના જય શ્રીકૃષ્ણ**

## શ્રદ્ધાંજલી



**કર્મયોગી સ્વ.શાંતિલાલ ઠાકરશીભાઈ ફળદુ**

સ્વ.તા.૨૩-૦૧-૨૦૨૫ ગુરૂવાર

સમય જીંદગીનો ઓછો હશે... કયાં ખબર હતી,
વિદાય તમારી અણધારી હશે એ... કયાં ખબર હતી,
કોઈ સૂચના વગર સર્વત્ર સુવાસ ફેલાવી
સંભારણા સૌના દિલમાં રાખી ગયા, ભગવાન દિવ્ય
આત્માને આશિર્વાદ આપે, એજ ભાવનાત્મક શ્રદ્ધાંજલિ
ૐ શાંતિ...

**B.T. SAVANI KIDNEY HOSPITAL**
Saurashtra Kidney Research Institute
University Road, Rajkot-360 005



# દુઃખદ અવસાન - બેસણું

દિલગીરી સાથ જણાવવાનું મોરબી નિવાસી **લાખાભાઈ મગનભાઈ જારીયા**ના ધર્મપત્નિ **પુરીબેન**(ઉ.વ.૬૫) તા. ૨૪/૦૧/૨૦૨૫ ને શુક્રવારના રોજ રામ ચરણ પામેલ છે.

આપશ્રીએ પ્રેમના પાયા ઉપર પરિવાર મંદિરમાં સત્કાર્યોની સુવાસથી સહુને પ્રેરણાના અમૃત પાયા. આપના સર્મપણ યુકત સિધ્ધાંતો, પરોપકારી સ્વભાવ, સેવા,નિષ્ઠા, ધાર્મિકતા અમને સદૈવ પ્રેરણા આપતા રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અને સદ્‌ગતિ અર્પે એ જ પ્રાર્થના...

**સદ્‌ગતનું બેસણું**

**તારીખ :-** ૨૭/૦૧/૨૦૨૫, સોમવારે સાંજે ૪ થી ૬
**સ્થળ :-** શ્રી રવેચી કૃપા, શેરી નં. ૪, એવન્યુ પાર્ક, રવાપર રોડ, મોરબી ખાતે રાખેલ છે.

:: લી. ::

**લાખાભાઈ મગનભાઈ જારીયા** (પતિ)
(પૂર્વ પ્રમુખશ્રી, મોરબી નગરપાલીકા)
(પૂર્વ પ્રમુખ, મોરબી શહેર ભાજપ)
**અશ્વિનભાઈ લાખાભાઈ જારીયા** (પુત્ર)
**ભૂપતભાઈ લાખાભાઈ જારીયા** (પુત્ર)
**કાનજીભાઈ મગનભાઈ જારીયા** (દિયર)
(શ્રી યદુનંદન ગૌ સેવા ટ્રસ્ટ, મોરબી)
**યશ અશ્વિનભાઈ જારીયા** (પૌત્ર)
**ધ્રુવ ભૂપતભાઈ જારીયા** (પૌત્ર)
**તથા જારીયા પરિવારના જયશ્રી કૃષ્ણ**

**લૌકિક ક્રિયા : તા. ૦૩/૦૨/૨૫ ને સોમવારે રાખેલ છે**

# સ્વ. પુરીબેન લાખાભાઈ જારીયા

સ્વ. તા. ૨૪/૦૧/૨૦૨૫, (ઉ.વ.૬૫)મોરબી

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

### કુંભમેળામાં ૫૦૦ થી વધુ ધમધમતા ભંડારાઃ લાખો શ્રધ્ધાળુઓનો ઠરતો જઠરાગ્નિ

# મહાકુંભમાં માનવ સેવામાં મશીનોનો સાથ!ઃ ૧ કલાકમાં ૪૦ હજાર રોટલી તૈયાર

## એક જ કડાઈમાં બને છે ૪૦ હજાર કિવન્ટલ શાકભાજીઃ પુલીંગ સિસ્ટમથી વિશાળ વાસણોને ઉઠાવીને પ્લેટફોર્મ પર ચડાવાય છેઃ વિશાળ કુકરમાં એક સમયમાં ૧૧૦ કિલો ચોખા ચડી જાય છેઃ લાખો લોકો લે છે ભોજન પ્રસાદ

પ્રયાગરાજ તા.૨૫

મહાકુંભ નગરીમાં પુણ્ય કર્મ માટે લોકો હજારો લોકોનાં જઠરાગ્નિ ઠારી રહ્યા છે. મહાકુંભમાં દરેક જગ્યાએ ૫૦૦ થી વધુ ભંડારા ચાલી રહ્યા છે. જયાં લાખો શ્રધ્ધાળુઓ પ્રસાદ ગ્રહણ કરી રહ્યા છે. આટલી મોટી ભોજન અને પ્રસાદ ઉપલબ્ધ કરાવવા માટે અન્નક્ષેત્રમાં મોટા પ્રમાણમાં વ્યવસ્થા કરવામાં આવી છે. મેળા ક્ષેત્રમાં સૌથી મોટા રસોઈ સેકટર ૧૯ માં આવેલ ઈસ્કોન આંતર રાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘનુ છે જયાં ત્રણ ઓટોમેટીક મશીનો પર એક કલાકમાં ચાલીસ હજાર રોટલીઓ બને છે.

રસોઈના આસીસ્ટંટ ઈન્ચાર્જ રાધાકુંડદાસે જણાવ્યું હતું કે અહી લોટ બાંધવા, શાકભાજી સમારવા વગેરેનાં મશીનોની સાથે સાથે ૧૦૦ થી વધુ લોકો મહાપ્રસાદ બનાવી રહ્યા છે. ઈસ્કોનનું જ એક મેગા કીચન પ્રયાગરાજ જંકશન પાસે પણ છે.

ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના સહયોગથી બન્ને કીચનથી દરરોજ દોઢ લાખ શ્રધ્ધાળુઓને ભોજનની સેવા કરવામાં આવી રહી છે.



### મેળા ક્ષેત્રમાં ૭ ભંડારાઃ

લાલ મહેન્દ્ર શિવશકિત સેવા સમિતિ તરફથી ઓમ નમઃશિવાય નામે ૭ જગ્યાએ ભંડારો ચાલી રહ્યો છે. સેવાભાવી વિશાલે જણાવ્યું હતું કે રોજ ૧૩-૧૪ કવિન્ટલ લોટનો વપરાશ થાય છે. કડાઈમાં એક વખતમાં ૪૦ કિવન્ટલ બટેટા, અઢી કવીન્ટલ ટમેટાથી શાક બને છે.



### વિશાળ ચુલા પર બને છે પ્રસાદ

પુલી સીસ્ટમથી મોટા વાસણો ઉઠાવીને પ્લેટફોર્મ પર રાખવામાં આવે છે અને પછી પાટા પર એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવામાં આવે છે. મશીનો ૧૫ મીનીટમાં ૫૦ કિલો લોટ બાંધી દે છે. કિચનમાં ૧૫ લાકડાથી અને ૧૦ ગેસથી સળગતા ચુલા છે.



### મશીનોથી બને છે હજારોનું ભોજન

સેકટર ૬ સ્થિત અક્ષય પાત્રની શિબીરમાં દરરોજ ૨૦ હજાર શ્રધ્ધાળુઓ માટે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. અહી મોટાભાગનું કામ મશીનથી થઈ રહ્યું છે. ચોખા માટે ખાસ કુકર છે. જેમાં એક સમયે વધુમાં વધુ ૧૧૦ કિલો ચોખા ચડે છે.

# છેલ્લી એક સદીમાં મહિલાઓની તુલનામાં પુરૂષોની લંબાઈ અને વજનમાં થયો વધારો!

## વૈજ્ઞાનિકોએ ૬૯ દેશોના એક લાખ લોકોના કરેલા અધ્યયનમાં રસપ્રદ ખુલાસોઃ રહેણી-કરણીમાં સુધારાથી પુરૂષોમાં મજબુત ફેરફાર

લંડન તા.૨૫

એક અધ્યયનમાં એક રસપ્રદ વિગત બહાર આવી છે કે દુનિયાભરનાં પુરૂષોની લંબાઈ ગત સદીમાં મહિલાઓની તુલનામાં બે ગણી ઝડપથી વધી છે. સંશોધકોએ પુરૂષોનાં વજનમાં પણ આ અંતર જોયુ છે. અમેરિકા, બ્રિટન અને ઈટલીનાં સંશોધકોએ આ સંશોધન કર્યુ છે.

બાયોલોજી લેટર્સ પત્રિકામાં પ્રકાશીત અધ્યયન અનુસાર સંશોધકોએ ૬૯ દેશોમાં એક લાખથી વધુ લોકોની ઉંચાઈ અને વજનનું વિશ્લેષણ કર્યું હતું. તેમાં ૨૦૦૩ માં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલ ડેટાનો ઉપયોગ કરવામાં આવેલો.


અધ્યયન-કર્તાઓએ માનવ વિકાસ સૂચકાંક (એચડીઆઈ)નો પણ ઉપયોગ કર્યો છે. જે રાષ્ટ્રીય સ્તરને માપે છે.

**લંબાઈ-વજનમાં અંતરઃ**

અધ્યયન દરમ્યાન જાણવા મળ્યું કે એચડીઆઈમાં પ્રત્યેક ૦.૨ ની વૃધ્ધિથી મહિલાઓ માટે લગભગ ૧.૬૨ સેન્ટીમીટર (૦.૬૬ ઈંચ) અને પુરૂષો માટે ૪.૦૩ સેન્ટીમીટર (૧.૫૯ ઈંચ)ની ઉંચાઈમાં વધારો જોવા મળ્યો. જયારે વજનના મામલામાં મહિલાઓ માટે ૨.૭૦ કિલો અને પુરૂષો માટે ૬.૪૮ કિલોનો સરેરાશ વજન વધેલો જોવા મળ્યો. આ પ્રવૃતિના વેરીફીકેશન માટે વિશ્વ બેન્કનાં ગીની ઈન્ડેકસના આંકડાનૂં આકલન કરવામાં આવ્યુ હતું જે વર્ષ ૨૦૦૦ થી ૨૦૦૬ દરમ્યાન ૫૮ દેશો માટે આવક સમાનતાનાં રાષ્ટ્રીય સ્તરને માને છે.

**આ નિષ્કર્ષ નીકળ્યોઃ**

પુરૂષોનો આકાર મહિલાઓની તુલનામાં જીવન સ્થિતિઓ પ્રત્યે વધુ સંવેદનશીલ હોય છે. અર્થાત જયારે તેમનામાં વધુ બિમારીનો બોજવાળુ તનાવપૂર્ણ વાતાવરણ હોય છે તો પુરૂષોના આકારને મહિલાઓની તુલનામાં વધુ અસર થાય છે.



**અંતરનું શું છે કારણઃ**

લંડનના રોહેમ્પટન વિશ્વ વિદ્યાલયના પ્રો. લુઈસ હેલ્સીએ આકલન કરવા માટે માનવ વિકાસ સુચકાંકનો ઉપયોગ કર્યો હતો તેમાં જોવા મળ્યુ કે રહેણી-કરણીમાં સુધારાથી મહિલાઓની તુલનામાં પુરૂષોમાં ફેરફાર વધુ મજબુત જોવા મળ્યો હતો.


**મળે છે જૈવિક લાભઃ**

સંશોધકોએ જોયુ કે જયારે આર્થિક સ્થિતિમાં સુધારો થાય છે ત્યારે પુરૂષો અને મહિલાઓની તુલનામાં વધુ જૈવિક લાભ મળે છે પુરૂષોનું લાંબા હોવુ જીવનમાં સુધારો અને સામાજીક સ્તર પર લોકોથી વધુ જોડાણ પણ કારણ છે.

# યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે થર્ડ જેન્ડર પાસપોર્ટની પ્રક્રિયા અટકાવી

## એક્સ જેન્ડર ઓળખ સાથેનાં હાલનાં પાસપોર્ટ માન્ય રહેશે, નવાં પાસપોર્ટની પ્રક્રિયામાં મુશ્કેલી થશે

વોશિંગ્ટન : યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે 'X' લિંગ એટલે કે ટ્રાસ જેન્ડર અથવા થર્ડ જેન્ડર પાસપોર્ટ એપ્લિકેશનની પ્રક્રિયાને સ્થગિત કરી દીધી છે આ ફેરફાર ડોનાલ્ડ ટ્રમ્પનાં એકિઝક્યુટિવ ઓર્ડરને પગલે આવ્યો છે.



રાજયના સેક્રેટરી માર્કો રૂબીઓએ ગુરુવારે વિભાગીય કર્મચારીઓને સત્તાવાર દસ્તાવેજીકરણ માટે નવી કડક માર્ગદર્શિકા લાગું કરવા નિર્દેશ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે યુનાઇટેડ સ્ટેટસની નીતિ એ છે કે વ્યકિતનું લિંગ પરિવર્તનક્ષમ નથી.''

રૂબિયોની સૂચનાઓ સ્પષ્ટ કરે છે કે પાસપોર્ટ અને કોન્સ્યુલર બર્થ રિપોર્ટ પર એક જ લિંગનો ઉપયોગ થવો જોઈએ''.

સ્ટેટ ડિપાર્ટમેન્ટનાં કર્મચારીઓને ગુરુવારે એકિઝક્યુટિવ ઓર્ડરમાં જણાવ્યા મુજબ ટ્રાસ જેન્ડરની પાસપોર્ટ માટેની એપ્લિકેશનને સ્થગિત કરી છે'' અને કોઈપણ અરજી જયાં અરજદાર તેમનો સેકસ બદલવા માંગે છે તેને પણ સ્થગિત કરી છે. આ નિયમો વર્તમાન અને આગામી બંને પાસપોર્ટ અરજીઓને અસર કરે છે. સ્ટેટ ડિપાર્ટમેન્ટે એપ્રિલ ૨૦૨૨માં થર્ડ જેન્ડર અને ટ્રાસ જેન્ડર માટે 'X' માર્ક સાથે પાસપોર્ટ જારી કરવાની શરૂઆત કરી હતી. વ્હાઇટ હાઉસની માહિતી અનુસાર, 'X' ઓળખ સાથેના હાલના પાસપોર્ટ માન્ય રહેશે, નવીકરણ પ્રક્રિયા દરમિયાન મુશ્કેલીઓ ઊભી થશે.

# પ્રજાસત્તાક દિવસે ૯૪૨ સૈનિકોને વિવિધ કેટેગરીના વીરતા અને સેવા મેડલ મળશે

## ૧૦૧ સૈનિકોને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પદક અને ૯૫ સૈનિકોને વીરતા પદક આપવામાં આવશે

નવી દિલ્હી : પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ પોલીસ, અગ્નિશમન, હોમગાર્ડ અને નાગરિક સંરક્ષણ અને સુધારાત્મક સેવાઓના કુલ ૯૪૨ જવાનોને વિવિધ કેટેગરીના વીરતા અને સેવા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યાં છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે પુરસ્કારમાં ૯૫ વીરતા પદક સામેલ છે અને પદક મેળવનારાઓમાં પોલીસ, ફાયર, હોમગાર્ડ્સ અને નાગરિક સંરક્ષણ કર્મચારીઓ અને સુધારાત્મક સેવાઓમાં કામ કરતાં કર્મચારીઓનો સમાવેશ થાય છે.

શૌર્ય પુરસ્કાર વિજેતાઓમાં, ડાબેરી ઉગ્રવાદ પ્રભાવિત વિસ્તારોમાં તૈનાત ૨૮, જમ્મુ અને કાશ્મીર ક્ષેત્રમાં ૨૮, ઉત્તર પૂર્વમાં ત્રણ અને અન્ય વિસ્તારોમાં તૈનાત ૩૬ સૈનિકોને તેમનાં બહાદુરી કાર્યો માટે સન્માનિત કરવામાં આવી રહ્યાં છે.

૧૦૧ સૈનિકોને વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ પદક એનાયત કરવામાં આવ્યાં છે. જેમાં ૮૫ પોલીસ કર્મચારીઓ, પાંચ ફાયર સર્વિસના જવાનો, સાત સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સેવાઓ અને ચાર સુધારાત્મક સેવા પુરસ્કાર આપવામાં આવ્યાં છે. આ ઉપરાંત કર્મચારીઓને આપવામાં આવેલાં ૭૪૬ મેરીટોરીયસ સર્વિસ મેડલ પૈકી ૬૩૪ પોલીસ સેવા, ૩૭ ફાયર સર્વિસ, ૩૯ સિવિલ ડિફેન્સ અને હોમગાર્ડ સેવા અને ૩૬ સુધારાત્મક સેવાને આપવામાં આવશે.



**વીરતા પદક કોને મળે છે ?**

વીરતા મેડલએ વીરતાના કાર્ય માટે અને જીવન અને સંપત્તિના રક્ષણ, ગુનાને રોકવા અથવા ગુનેગારોની ધરપકડ સાથે સંકળાયેલી બહાદુરીના કાર્ય માટે એનાયત કરવામાં આવે છે.

આમાં, સંબંધિત અધિકારીની જવાબદારીઓ અને ફરજો અનુસાર જોખમનું મૂલ્યાંકન કરવામાં આવે છે. વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ ચંદ્રક સેવામાં ખાસ કરીને વિશિષ્ટ રેકોર્ડ માટે આપવામાં આવે છે અને મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ કોઠાસૂઝ અને ફરજ પ્રત્યેની નિષ્ઠા દ્વારા દર્શાવવામાં આવેલી મૂલ્યવાન સેવા માટે એનાયત કરવામાં આવે છે.

**મેડલની સાથે આ લાભો પણ મળશે**

વિશિષ્ટ સેવા માટે રાષ્ટ્રપતિ મેડલ મેળવનાર સૈનિકોને દર મહિને ૬૦૦૦ રૂપિયા આપવામાં આવે છે.

શૌર્ય ચંદ્રક મેળવનાર સૈનિકોને દર મહિને રૂ. ૬૦૦૦ આપવામાં આવે છે.

### રૂપિયાની અસ્થિરતાને ઘટાડવા આરબીઆઈના પ્રયાસથી...

# ભારતનો વિદેશી મુદ્રા ભંડાર વધુ ઘટ્યોઃ ૧.૮૮ અબજ ડોલર ઘટીને ૬૨૩.૯૮૩ અબજ ડોલર થયો

નવી દિલ્હી તા.૨૪

ભારતનો વિદેશી મુદ્રા ભંડાર ૧૭ જાન્યુઆરીએ સમાપ્ત થતા સપ્તાહમાં ૧.૯ અબજ ડોલર ઘટીને ૬૨૩.૯૮૩ અબજ ડોલર રહી ગયો છે. આરબીઆઈએ શુક્રવારે આ જાણકારી આપી હતી. આ પહેલા ૧૦ જાન્યુઆરીએ સમાપ્ત સપ્તાહમાં ફોરેકસ રિઝર્વનો કુલ ભંડાર ૮.૭૧૪ અબજ ડોલર ઘટીને ૬૨૫.૮૭૧ અબજ રહી ગયો. છેલ્લા કેટલાક સપ્તાહમાં ભંડારમાં ઘટાડાનું વલણ છે અને આ ઘટાડાનું કારણ રૂપિયામાં અસ્થિરતાને ઘટાડવા માટે આરબીઆઈ તરફથી ઉઠાવવામાં આવેલા પગલા છે. કેન્દ્રીય બેન્ક તરફથી રૂપિયાને સ્થિર રાખવા માટે સમયાંતરે વિદેશી મુદ્રા બજારમાં હસ્તક્ષેપ કરવામાં આવે છે. શુક્રવારે જાહેર આંકડા મુજબ ૧૭ જાન્યુઆરીએ સમાપ્ત સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડારનું મુખ્ય ઘટક વિદેશી મુદ્રા રૂા.૨૮૭૮ અબજ ડોલર ઘટીને રૂા.૫૩૩.૧૩૬ અબજ ડોલર થઈ ગઈ હતી.



# અમેરિકાની સુપ્રીમ કોર્ટે મુંબઈ હુમલાના આરોપી તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપી

## તહવ્વુર રાણા મુંબઈનાં ૨૬/૧૧ આતંકી હુમલાનો માસ્ટરમાઈન્ડ હતો : રાણા લોસ એન્જલસમાં કસ્ટડીમાં છે

મુંબઈ ,તા.૨૫

મુંબઈનાં ૨૬/૧૧ આતંકી હુમલાને ભાગ્યે જ કોઈ ભૂલી શકશે. ૨૦૦૮માં પાકિસ્તાની આતંકવાદીઓએ મુંબઈમાં અલગ-અલગ જગ્યાએ બોમ્બ બ્લાસ્ટ અને ફાયરિંગ કરીને આતંકી હુમલા કર્યા હતાં. હત્યાકાંડને અંજામ આપવા ઉપરાંત, આ આતંકવાદીઓએ ઘણાં લોકોને બંધક પણ બનાવ્યાં હતાં, જેથી તેમની નાપાક યોજનાઓ સફળ થઈ શકે. આ આતંકવાદી હુમલામાં ૧૭૫ લોકો માર્યા ગયાં હતાં, જેમાંથી ૧૬૬ નાગરિકો અને ૯ આતંકવાદી હતાં. એટલું જ નહીં આ આતંકી હુમલામાં ૩૦૦થી વધુ લોકો ઘાયલ પણ થયાં છે. આ આતંકવાદી હુમલાના મુખ્ય આરોપીઓમાંના એક તહવ્વુર હુસૈન રાણાને હજુ સુધી ભારત લાવવામાં સફળતા મળી નથી, પરંતુ હવે રસ્તો સાફ થઈ ગયો છે.



૨૬/૧૧ મુંબઈ આતંકી હુમલાના આરોપી તહવ્વુર રાણા જે લાંબા સમયથી અમેરિકાની જેલમાં છે તેને ભારત લાવવામાં આવશે. અમેરિકાની સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણને લીલી ઝંડી આપી દીધી છે.

અમેરિકાની સુપ્રીમ કોર્ટે મુંબઈ હુમલાના દોષિત તહવ્વુર રાણાના ભારત પ્રત્યાર્પણને મંજૂરી આપી દીધી છે. સર્વોચ્ચ અદાલતે તેની દોષિત ઠરાવ સામેની સમીક્ષા અરજી ફગાવી દીધી છે. ભારત, પાકિસ્તાની મૂળનાં કેનેડિયન નાગરિક રાણાના પ્રત્યાર્પણની માંગ કરી રહ્યું હતું, કારણ કે તે ૨૦૦૮ ના મુંબઈ આતંકવાદી હુમલાના કેસમાં વોન્ટેડ છે.

ભારત પ્રત્યાર્પણ ટાળવા માટે રાણાની આ છેલ્લી કાનૂની તક હતી. અગાઉ તે યુએસ કોર્ટ ઓફ અપીલ સહિત અનેક ફેડરલ કોર્ટમાં કાનૂની લડાઈ હારી ચૂક્યો હતો. ૧૩ નવેમ્બરના રોજ, રાણાએ યુએસ સુપ્રીમ કોર્ટ સમક્ષ ''પ્રમાણપત્ર માટે અરજી'' દાખલ કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ પ્રમુખ તરીકે શપથ લીધાના એક દિવસ બાદ ૨૧ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અરજી ફગાવી દેવામાં આવી છે. રાણા હાલમાં લોસ એન્જલસના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં કસ્ટડીમાં છે.

### હવે ૫૦૦ એમએલમાં અમુલ દૂધ ખરીદવાનું વાસ્તવમાં મોંઘુ

# અમુલે દૂધના ભાવ ઘટાડીને પણ 'વધારી' દીધા

## ફકત ૧ લીટરના પાઉચના ભાવમાં રૂા.૧નો ઘટાડોઃ ૫૦૦ એમએલના ભાવ યથાવતઃ લાંબાગાળે નાના પેકેજ મળશે નહી

રાજકોટ:

જો તમો અમુલ દ્વારા દૂધના ભાવ ઘટાડાથી હરખાતા હો તો તમારે હવે દૂધ ખરીદવા વાસ્તવમાં વધુ પૈસા ખર્ચ કરવા પડશે. ગુજરાત કોપરેટીવ- મિલ્ક માર્કેટીંગ ફેડરેશન જે ગુજરાત સહિત દેશભરમાં 'દૂધવાળા' જેવું સ્ટેટસ ધરાવે છે. તેણે ભવિષ્યમાં ૫૦૦ ગ્રામના પાઉચ જે હાલ મળે છે તેને તબકકાવાર દુર કરવા તૈયારી કરી છે અને તેની ગઈકાલે ત્રણ બ્રાન્ડના દૂધના ભાવમાં જે રૂા.૧ પ્રતિલીટર ઘટાડો કર્યો છે તે ફકત ૧ લીટરના પેકીંગને જ લાગુ પડે છે. ૫૦૦ મીલીલીટરના પેકીંગના ભાવ યથાવત રાખ્યા છે.




ખુદ અમુલના એમડી- જયંત મહેતા સ્વીકારે છે કે અમોએ ફકત ૧ લીટરના પાઉચના ભાવ ઘટાડયા છે અને અમારો ઈરાદો લોકો મોટા પેક ખરીદે તે છે. અમુલ ગોલ્ડ જે આ દૂધ પ્રોડકટની પ્રિમીયમ બ્રાન્ડ છે. તેના ૧ લીટરના ભાવ હવે રૂા.૬૫ થયા છે જે અગાઉ રૂા.૬૬ હતા પણ ૫૦૦ મીલીલીટરના ભાવ રૂા.૩૩ જ રહેશે. આમ તાઝાના ભાવ રૂા.૫૪માંથી ૫૩ અને અમુલ ટી ના ભાવ રૂા.૬૨માંથી ૬૧ થશે. આમ તમારે જો નાનું પેક જોઈતું હોય તો વધુ નાણા ખર્ચ કરવા પડશે. અમુલ તાજા જે ગરીબ વર્ગ માટે તેની ૫૦૦ એમએલનું પાઉચ એ સૌથી મહત્વનું હતું. તે મોંઘુ જ રહેશે. રોજ સવારે એક વિશાળ વર્ગ આ પાઉચ ખરીદે છે તો અમુલ ગોલ્ડ જે સૌથી મોંઘુ છે. તેમાં નાનુ પાઉચ મોંઘુ બનશે. અમુલ શા માટે નાના પાઉચ નાબુદ કરવા માંગે છે તેની કોઈ તર્કબદ્ધ દલીલ આ સંસ્થાએ કરી નથી પણ હવે તમારે આ પાઉચમાં ૧ લીટર લેવું ફરજીયાત થઈ જાય અથવા વધુ પૈસા આપો તે નિશ્ચિત કર્યુ છે.

### અમદાવાદ ગ્રામ્ય પોલીસ વડાનો નવતર અભિગમ

# હવે પોલીસ બનશે બાળ-મિત્ર

## બાળકોમાં પોલીસનો 'ડર' દુર કરવાનો પ્રયાસઃ શાળાઓની મુલાકાત લઈને બાળકોની સાથે ક્રિકેટ રમશે; સલામતીથી સોશ્યલ મિડીયાના 'પાઠ' પણ ભણાવશે

રાજકોટ: એક સમયે નાનું બાળક જો સુતુ ના હોય તો તેને માતા ડારો આપતી કે સુઈ જા નહીતર બાવો આવશે, તો હવે પોલીસને જોતા જ બાળક ડરી જાય છે અને હાલમાંજ પરીક્ષામાં ચોરીનું આળ સહન કરનાર વિદ્યાર્થીને જેમ શિક્ષકોએ પોલીસને સોંપી દેવાની ધમકી આપી તો આ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી હતી. આમ લોકો પોલીસથી ડરે છે. અપરાધીઓ કે જેઓ એ પોલીસ સાથે 'દોસ્તી' કરી લીધી હોય તેની વાત અલગ છે. પરંતુ હવે ગુજરાત પોલીસ કમ સે કમ બાળકોમાં તેની ઈમેજ સુધારવા જઈ રહી છે અને તેનો પ્રારંભ અમદાવાદ પોલીસે કર્યા છે. અમદાવાદ જીલ્લાના ૮ પોલીસ સ્ટેશન હેઠળના પોલીસ કર્મચારીઓ હાલમાંજ ૧૬ જેટલી શાળાઓની મુલાકાત લીધી અને બાળકનો જે બિનજરૂરી ડર છે તે દુર કરવા કોશીશ કરી હતી. આ મુલાકાત સમયે પોલીસ અધિકારી બાળકો સાથે ક્રિકેટ રમ્યા હળવી રમુજો કરી હતી.



અમદાવાદ ગ્રામ્ય ક્ષેત્રના એસપી ઓમપ્રકાશ જાટ એ આ પહેલ કરી હતી. તેઓએ પોતાના બચપણના દિવસો યાદ કરતા કહ્યું કે મારા માતા મને પોલીસનો ડર બતાવી સુવરાવતા હતા.


જેના કારણે તેમના મનમાં પોલીસની એક નેગેટીવ છાપ ઉભી થઈ હતી પણ હવે એક પોલીસ અધિકારી તરીકે હું માનું છું કે બાળકોના મનમાં જે આ પ્રકારની છાપ છે તે દૂર થવી જોઈએ.

આ મુલાકાતમાં સોશ્યલ મીડીયા જે બાળકોમાં પણ લોકપ્રિય છે તે અંગે પણ સાચી સમજ અપાઈ હતી. ખાસ કરીને બાળકો, ડીજીટલ વર્લ્ડને યોગ્ય રીતે સમજે તે જરૂરી છે. ઉપરાંત બાળક કોઈવાર પોતાને અસલામત મહેસૂસ કરે તો તે કઈ રીતે અમો તે મિત્ર સમજીને મદદ માટે આવે તે પણ અમારી કોશીશ છે.

# વડાપાવ વિશ્વની ૫૦ શ્રેષ્ઠ સેન્ડવિચમાં સામેલ

## વિશ્વની ૫૦ શ્રેષ્ઠ સેન્ડવિચની યાદીમાં માત્ર એક ભારતીય વાનગીનો સમાવેશ

મહારાષ્ટ્ર : વડાપાવ એ સૌથી લોકપ્રિય અને ટેસ્ટી ભારતીય વાનગી છે. મહારાષ્ટ્ર સિવાય પણ વડાપાવ દેશનાં અન્ય ભાગોમાં પણ પ્રખ્યાત છે. તાજેતરમાં, વડાપાવને વિશ્વની ૫૦ શ્રેષ્ઠ સેન્ડવીચમાંની એક તરીકે ઓળખવામાં આવી હતી. આ યાદી લોકપ્રિય ફૂડ એન્ડ ટ્રાવેલ ગાઈડ, ટેસ્ટ એટલાસ દ્વારા બહાર પાડવામાં આવી હતી.



આ પહેલીવાર નથી જયારે વડાપાવને વિશ્વની શ્રેષ્ઠ સેન્ડવીચમાં સામેલ કરવામાં આવ્યું હોય, ગયાં વર્ષે, આ જ માર્ગદર્શિકા દ્વારા વડાપાવને વિશ્વભરમાં ૧૯મું સ્થાન મળ્યું હતું. પરંતુ આ વર્ષે તેનું રેન્કિંગ ઘટીને ૩૯ થયું છે. જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, ટેસ્ટ એટલાસની વિશ્વની શ્રેષ્ઠ સેન્ડવીચની ટોપ ૫૦ માં ભારત તરફથી વડાપાવ એકમાત્ર ફુડ છે. ટેસ્ટ એટલાસ તેની વેબસાઈટ પર લખ્યું કે ''આ પ્રતિષ્ઠિત સ્ટ્રીટ ફૂડ અશોક વૈદ્ય નામનાં વિક્રેતાએ સૌપ્રથમ વખત બનાવ્યું હતું, જેઓ ૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં દાદર ટ્રેન સ્ટેશન પાસે કામ કરતાં હતાં. તેમણે ભૂખ્યા કામદારોને સંતોષવાનો પ્રયાસ કરતા વડાપાવ બનાવ્યું હતું.

# 'ઈમરજન્સી'ને બ્રિટનમાં પણ ધમકીઃ સ્કીનીંગ અટકાવાયુંઃ ભારત નારાજ

## બુકાનીધારી અલગાવવાદી શખ્સોએ થિયેટરમાં ઘુસી દર્શકોને ધમકાવ્યાઃ ફિલ્મનાં સમર્થનમાં બ્રિટીશ સાંસદ આવ્યા

નવી દિલ્હી તા.૨૫

બ્રિટનમાં એકટ્રેસ કંગના રાણાવતની ફિલ્મ ઈમરજન્સીની સ્કીનીંગ દરમ્યાન કેટલાંક બુકાનીધારી અલગાવવાદીઓએ ધમકી આપી હતી. ભારતે ગુરૂવારે આ ઘટના સામે વિરોધ કર્યો હતો.

વિદેશ મંત્રાલયનાં પ્રવકતા રણદીર જયસ્વાલે કહ્યું હતું કે અમે એવા ઘણા રીપોર્ટ જોયા છે કે અનેક સિનેમાઘરોમાં ઈમરજન્સી ફિલ્મના પ્રદર્શનમાં કેવા કેવા વિધ્નો નાખવામાં આવી રહ્યા છે અમે ભારત વિરોધી તત્વોનાં હિંસક વિરોધી પ્રદર્શન અને ડરાવવા-ધમકાવવાની ઘટનાઓનાં બારામાં બ્રિટન સરકાર સમક્ષ સતત ચિંતા પ્રગટ કરતા રહ્યા છીએ. અમને આશા છે કે બ્રિટન સરકાર જવાબદાર લોકો સામે ઉચીત કાર્યવાહી કરશે.

લંડનમાં ભારતીય હાઈ કમિશન ભારતીય સમુદાયના સભ્યોની સુરક્ષાને લઈને તેમના સંપર્કમાં છે. ફિલ્મની સ્કીનીંગમાં બર્મીંઘમ સ્લો માન્ચેસ્ટરમાં વિઘ્નો નખાયા હતા વ્યુ અને સિને વર્લ્ડએ અનેક સિનેમા હોલથી ફિલ્મને હટાવી દીધી છે.



**ફિલ્મના સમર્થનમાં આવ્યા બ્રિટીશ સાંસદઃ**

કન્ઝર્વેટીવ પાર્ટીનાં સાંસદ બોબ બ્લેકમેને બ્રિટીશ સંસદને જણાવ્યું હતું કે મારા અનેક મતદારોએ હેરો વ્યુ સિનેમામાં ઈમરજન્સી ફિલ્મ જોવા ટીકીટ ખરીદી હતી. સ્કીનીંગનાં લગભગ ૩૦ થી ૪૦ મીનીટ બાદ બુકાનીધારી અલગાવવાદી આતંકીઓ ઘુસી ગયા દર્શકોને ધમકાવ્યા અને જબરજસ્તીથી ફીલ્મ બંધ કરાવી હતી તેમણે કહ્યું હતું કે ફિલ્મ વિવાદાસ્પદ છે પણ હું મારા અને અન્ય સભ્યોનાં વોટર્સનાં આ ફીલ્મ જોવાના અધિકારનાં નિર્ણયનો બચાવ કરૂ છું. બ્રિટનના અનેક સાંસદોએ આ મામલે ત્યાના ગૃહમંત્રીને દખલ દેવાનો આગ્રહ કર્યો હતો.

# લોકો માટેનું વિઝીટર ડેસ્ક દોડયું : અરજદારોને સીધા અધિકારીઓના ફોન આવવા લાગ્યા

## અત્યાર સુધીમાં ૬૫ નાગરીકોની સ્માર્ટ અરજી : જુદી-જુદી ચેનલમાં પહોચતી ફરિયાદોઃ કામ થવા અને ન થવાના સ્પષ્ટ અભિપ્રાયથી ધડાધડ નિકાલ

## દર સોમ અને ગુરૂવારે લોકો તેમના કામ અંગે રજૂઆત કરી શકે છેઃ તમામ ડેટા કમિશ્નરની સ્ક્રીન પર હોવાથી વોર્ડઓફીસે એલર્ટ જેવો માહોલ : નવી આશા

રાજકોટ તા. ૨૫

રાજકોટના નવા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા પ્રજાના રોજિંદા કામો અને ફરિયાદોના ઝડપી નિકાલ થાય તે માટે વિઝીટર ડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે. દર સોમવાર અને ગુરુવારે નાગરિકો આધાર કાર્ડ, મોબાઈલ નંબરના આધારે ફરિયાદ નોંધાવી શકે છે. આ અભિગમ ના ઝડપી અને અસરકારક પડઘા પડયા છે. અરજદારોની વિગત નોંધાય એ સાથે સીધો મેસેજ અને વોર્ડમાં થી અધિકારીઓ ના ફોન આવવા લાગ્યા છે. તો ૧૧ દિવસમાં ૬૫ નાગરિકે આ સેવાનો લાભ લીધો છે.

આ વ્યવસ્થામાં વ્હાઇટ ચેનલમાં ૧૫ લોકોની મુલાકાત તત્કાલ નિકાલ થઈ છે. યલો ચેનલમાં ૧૮ ફરિયાદો મહિનામાં ઉકેલાઈ જવાની ખાત્રી મળી છે. તો ૧૫ રજુઆતો નીતિ વિષયક હોય રેડ ચેનલમાં મૂકી હવે નિર્ણય લેવા ખાત્રી અપાઈ છે. ૮ અરજીઓ માં. કામ નિયમ મુજબ થઈ શકે તેવું ન હોય અરજદારને સ્પષ્ટ જવાબ આપી દેવાયત છે. આમ ફરિયાદ, રજુઆત ના નિકાલ ફટાફટ થઈ રહ્યા છે. આમ હાલ આ સેવાના પ્રારંભિક સારા પરિણામો મળ્યા છે.



સામાન્ય રીતે કોઈ પણ વ્યકિત પોતાની ફરિયાદ, રજૂઆત વગેરે માટે સરકારી કચેરીમાં આવે તો એક ટેબલથી બીજા ટેબલ ધક્કા ખાતો ફરે છે. રાજકોટ મહાનગર પાલિકા દ્વારા કમિશ્નર વિભાગ દ્વારા આ સમસ્યાના સમાધાન રૂપે ગુડ ગવર્નન્સ ના અભિગમથી પ્રેરિત વિઝિટર મેનેજમેંટ સિસ્ટમ -ટખજ ની શરૂઆત તા. ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ થી કરવામાં આવી છે. આ સિસ્ટમ અન્વયે અઠવાડિયામાં સોમવાર અને ગુરુવારના રોજ બપોરના ૩ થી ૫ ના સમય દરમિયાન કોઈ પણ વ્યકિત મ્યુનિસિપલ કમિશ્નર શ્રીને પોતાની રજૂઆત/ફરિયાદ કરી શકે છે.

વિઝિટર મેનેજમેંટ સિસ્ટમ એ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઈઝ યક્ષફબહયમ પ્રણાલી છે. જે હેઠળ રાજકોટ મહાનગરપાલિકામાં મ્યુનિસિપલ કમિશ્નરને મળવા આવતા નાગરિકોની વિઝિટર ડેસ્ક પર મોબાઈલ નંબરની મદદથી રજૂઆત/ફરિયાદ સમજીને તેની નોંધણી કરવામાં આવે છે. આ વેબ બેઝ્ડ સિસ્ટમમાં નાગરિકોની રજૂઆતની વિભાગ અને સમસ્યાના આધારે વિગતે નોંધણી કરી અરજદારને ટોકન આપવામાં આવે છે. ત્યારબાદ તેમને કમિશ્નર શ્રીને મળી પોતાની રજૂઆત રૂબરૂ કરવા માટે વેઇટિંગ એરિયામાં બેસાડવામાં આવે છે. અરજદારનો મળવાનો સમય આવે તે પહેલા રજૂઆતની નોંધણી બાદ સંબંધિત જવાબદાર અધિકારીને પણ તેનો જવાબ રિયલ ટાઈમ જવાબ આપવાનો રહે છે. જે મુજબ રજૂઆતને અનુસંધાને તેને વિવિધ ચેનલમાં વર્ગીકૃત કરવામાં આવે છે. જેમ કે ગ્રીન, યેલો, રેડ, બ્લેક અને વ્હાઇટ ચેનલ. ૧૫ દિવસની સમય મર્યાદામાં નિકાલ કરવા લાયક રજૂઆતોને ગ્રીન ચેનલમાં વર્ગીકૃત કરવામાં આવે છે. યેલો ચેનલમાં ૩૦ થી ૪૫ દિવસની સમયમર્યાદામાં રજૂઆતનો નિકાલ કરવા બાબત મૂકવામાં આવે છે. નીતિ વિષયક બાબતો માટે રેડ ચેનલ એલોકેટ કરવામાં આવે છે. શુભેચ્છા મુલાકાત, આમંત્રણ વગેરે જેવા કિસ્સામાં વ્હાઇટ ચેનલ આપવામાં આવે છે.

રિયલ ટાઈમમાં સંબંધિત અધિકારીનો જવાબ પ્રાપ્ત થયા બાદ અરાજકર્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીને મળે છે અને પોતાની રજૂઆત કરે છે. કમિશ્નર પાસે તેમના ડેશબોર્ડ પર સંપૂર્ણ અરજી અને તેના નિકાલ સંબંધિત સમાધાન તૈયાર હોય છે. કમિશ્નર શ્રી પોતાના સૂચનો આપી તેની અરજીનો નિકાલ કરે છે. ત્યાર બાદ સમયાંતરે તેના નિકાલ બાબતે પિરિયોડિક રિવ્યુ કરી ફરિયાદોના નિરાકરણનું લાઈવ મોનિટરિંગ કરવામાં આવે છે, અને સુનિશ્ચિત કરવામાં આવે છે કે રજૂઆત કરનારાની રજૂઆતોનું સમાધાન પ્રાપ્ત થાય.

આ પ્રણાલીને કારણે કોઈ પણ નાગરિક/અરજકર્તા તેમની રજૂઆત અને તેમનું સમાધાન કમિશ્નરશ્રીને મળીને સુનિશ્ચિત કરી શકે છે. અને સરકાર શ્રીના સીટીઝન સેંટ્રિક ગુડ ગવર્નન્સને સુનિશ્ચિત કરી શકે છે.

### 'ડેસ્ક' શરૂ થયું એટલે અધિકારીઓ દોડ્યાઃ કમિશ્નર કહે તો જ કામ થાય?

#### લોકોને કચેરી સુધી ધક્કા બંધ થાય તે માટે આત્મમંથન પણ જરૂરી

રાજકોટ, તા.૨૫

મ્યુનિ. કોર્પોરેશનમાં નવા કમિશ્નરે નાગરિકોના પ્રશ્ન અને રજૂઆતોના નિકાલ માટે સ્માર્ટ વીઝીટર બોર્ડ શરુ કર્યું છે. દર ગુરુ અને સોમવારે લોકો ફરિયાદ કરીને યોગ્ય કેસમાં કમિશ્નરને મળી શકે તેવું ટાઇમ ટેબલ પણ બનાવાયું છે. પરંતુ કેટલાક રોજીંદા પ્રશ્નો માટેની ફરિયાદ છેક કમિશ્નર સુધી આવે અને કમિશ્નર જ સીધુ મોનીટરીંગ ગોઠવે તો જ કામ થાય તે અવ્યવસ્થા સામે શિક્ષિત કરદાતાઓ અને ઘણા પદાધિકારીઓ પણ સવાલ કરી રહ્યા છે.

વાસ્તવમાં પાણી, સફાઇ, ગટર, ખાડા, સ્ટ્રીટ લાઇટ જેવી જરૂરી પ્રાથમિક સુવિધા સિવાયની કોઇ ફરિયાદોમાં લગભગ લોકોને ઓછો રસ હોય છે. નીતિ વિષયક બાબતો વહીવટી અને ચૂંટાયેલી પાંખ કક્ષાની હોય છે. સામાન્ય ફરિયાદો જો રોજે રોજ અને સમયે દૂર થઇ જાય તો નાગરિકોને મનપા સુધી આવવું જ ન પડે. પરંતુ આવી ફરિયાદો લટકતી રહે છે, વેરા બીલ, ટીપી જેવી શાખામાં તંત્રએ કરેલી ભુલના સુધારા માટે લોકોને ધક્કા ખવડાવવામાં આવે છે. હવે કમિશ્નરે સ્માર્ટ બોર્ડ ઉભું કર્યું તે સાથે ઘણા વિભાગના અધિકારીઓ સતર્ક બન્યા છે. કમિશ્નર પાસે ફરિયાદ પહોંચે તે પહેલા નિકાલ માટે ઓફિસે આવી જવા અરજદારોને કહે છે. તેનો મતલબ કે કમિશ્નરના સવાલ ન આવે તે માટે અરજદારોને જવાબ આપવાનું શરુ કરાયું છે. પરંતુ પ્રજાના કરવેરાના નાણાંમાંથી પગાર લેતા કર્મચારીઓ અને અધિકારીઓ સરકારી સમયમાં પણ ઇમાનદારીથી ફરજ બજાવે તો પ્રજાના અડધાથી વધુ પ્રશ્નો હલ થઇ જાય તેવા જ હોય છે.

---

કેન્સર ટી.બી. તેમજ જીવનશૈલી આધારિત રોગોના પ્રતિકાર નવા સંશોધન રજૂ થશે

## લખનઉમાં સોમવારથી દેશભરના ૭૦૦ વૈજ્ઞાનિકો, તજજ્ઞો અને સંશોધકોનો મીનીકુંભ

### ત્રિદિવસીય ૩૦મી ISCB આંતરરાષ્ટ્રીય પરિષદનું યુ.પી.ના રાજ્યપાલ આનંદીબેન પટેલના હસ્તે થશે ઉદ્દ્ઘાટનઃ સમાપન સમારોહમાં બિહારના ગર્વનર આરીફ મોહમ્મદખાન ઉપસ્થિત રહેશેઃ વિદેશના ૨૫ અને દેશના ૭૫ તજજ્ઞોના વ્યાખ્યાનો અને ૧૨૫ પોસ્ટર પ્રેઝન્ટેશન થશેઃ ડો. અનામિક શાહ

રાજકોટ, તા.૨૫

ઇન્ડિયન સોસાયટી ઓફ કેમિસ્ટ એન્ડ બાયોલોજીસ્ટ લખનઉની ૩૦મી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ આગામી તા.૨૭ને સોમવારથી લખનઉ યુનિ. ખાતે પ્રારંભ થનાર છે. કેમિકલ બાયોલોજીકલ અને ફાર્માસ્યુટીકલ વિજ્ઞાનના વર્તમાન પ્રવાહો અને તેની જન આરોગ્ય તેમજ પર્યાવરણ પરની દુરગામી અસરોએ થીમ પર આયોજિત કરાયેલ આ કોન્ફરન્સનું ઉદ્ઘાટન ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના હસ્તે કરવામાં આવશે.

કોન્ફરન્સના સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે બિહારના ગર્વનર આરીફ મોહમ્મદખાન ઉપસ્થિત રહેશે. આ કોન્ફરન્સની તૈયારીઓને આઇએસસીબીના રાષ્ટ્રીય પ્રમુખ ડો. અનામિક શાહ લખનઉ યુનિ.ના કુલપતિ આલોકકુમાર રાય તેમજ લખનઉ સ્થિત મહામંત્રી પીએમએસ ચૌહાણ તથા ડો. અનિલ મિશ્રાના માર્ગદર્શન હેઠળ આખરીઓપ આપી દેવામાં આવેલ છે.

આ અંગેની માહિતી આપતા ઇન્ડિયન સોસાયટી ઓફ કેમિસ્ટ એન્ડ બાયોલોજીસ્ટ (આઇએસસીબી)ના રાષ્ટ્રીય પ્રમુખ ડો. અનામિક શાહે આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે આ કોન્ફરન્સમાં ૭૦૦થી વધુ દેશ-વિદેશના વૈજ્ઞાનિકો બાગ લેશે.

આ ત્રણ દિવસની કોન્ફરન્સમાં ચાર સમાંતર સત્ર ઓરલ પ્રેઝન્ટેશન અને ત્રણ પોસ્ટર સેશન આયોજિત કરવામાં આવ્યા છે જેમાં ફી નોટ વ્યાખ્યાન મુખ્ય વકતાનું રહેશે. કોન્ફરન્સમાં ભાગ લેનાર ૭૦૦માંથી ૨૬૧ એટલે કે પ્રત્યેક ત્રણમાંથી એક ડેલીગેટ કોઇને કોઇ રીતે પોતાનું સંશોધન રજુ કરશે. તદઉપરાંત કુલ ૭૮ નિમંત્રિત વ્યાખ્યાનો, ૧૮ વ્યાખ્યાનો, ૪૨ ઓરલ (મૌખિક પ્રવચનો) તેમજ ૧૨૫ પોસ્ટર પ્રેઝન્ટેશન રાખવામાં આવ્યા છે. કુલ ૮ સમાંતર સત્રો પાંચ ઓડિટોરિયમમાં ૭૦૦થી વધારે વૈજ્ઞાનિકો, રસાયણશાસ્ત્રીઓ, ઔષધ રસાયણશાસ્ત્રીઓ, ઔષધ રસાયણશાસ્ત્રીઓ, જીવ રસાયણ, માઇક્રોબાયોલોજી, નેચરલ પ્રોડક્ટ, કેમિકલ પ્રોસેસ નિષ્ણાંતો, કેન્દ્રીય રાજ્યની તેમજ પ્રાઇવેટ યુનિ. આઠ આઇટી નાઇપર નીટ્સ, ઇસર સંસ્થાઓના ડાયરેક્ટરો તજજ્ઞ, કોર્પોરેટ ફાર્મા જગત કોર્પોરેટરના મહત્વના પદાધિકારીઓ, અધ્યાપકો, સંશોધકો, યુવા ઉદ્યોગપતિઓ, મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવી પ્રોડક્ટ, પ્રોસેસ, પર્યાવરણ જન્ય પ્રશ્નોના ઉપાયો, ગ્રીન કેમેસ્ટ્રી, ઉર્જા, કુદરતી છોડમાંથી ઔષધીઓ અને તેની કારકતા પર ચર્ચા કરનાર છે.

## લોન પેટે લીધેલ રકમ પરત ચૂકવવા આપેલ ચેક રિટર્ન થતાં સાવલીયા પરિવારના બે સભ્યોને જેલ

રાજકોટ, તા.૨૫

સમગ્ર કેસની હકીકત એવી છે કે આરોપી અલ્પા સાવલીયા તેમજ જય સાવલીયાએ પરિવાર ક્રેડિટ કો-ઓપ. સો. પ્રા.લી.માંથી પોત-પોતાના અંગત ઉપયોગસર લોન પેટે પૈસા લીધેલ હતા ત્યારબાદ મંડળીના નીયમો અનુસાર લોનના હપ્તા મંડળીમાં સમયસર જમા કરાવેલ નહીં, જેથી ફરિયાદી પોતાની કાયદેસરની લેણી નીકળતી રકમ પરત માંગતા ારોપીઓએ ફરિયાદીને લોન રકમ પરત ચુકવવા બે અલગ-અલગ ચેક આપી ખાત્રી આપેલ કે, ચેક જમા કરાવતા ફરિયાદીને એમની લેણી નીકળતી રકમ પરત મળશે પરંતુ બંને આરોપીના ચેક બેન્કમાં જમા કરાવતા બંને ચેક બેન્કમાં જમા થયા વિના બાઉન્સ થઇ પરત ફરેલ હતાં.




ચેક બાઉન્સ થતાં ફરિયાદી મંડળીએ તેમના એડવોકેટ ઇશાન ભટ્ટ મારફત બંને આરોપીઓ ઉપર કાયદાકિય કાર્યવાહી હાથ ધરી જેથી એડવોકેટ ઇશાન ભટ્ટે કાયદાની જોગવાઇઓ પ્રમાણે ફરિયાદી વતી રાજકોટની નામદાર કોર્ટમાં આરોપીઓ વિરુધ્ધ ૦૨ અલગ-અલગ લેખિત ફોજદારી ફરિયાદ દાખલ કરેલ તેમજ ફરિયાદી મંડળી વતી કોર્ટની કાર્યવાહીઓ કરેલ. વકીલ ઇશાન ભટ્ટે કોર્ટમાં ફરિયાદી વતી કાયદાકિય લડત આપતા ફરિયાદીનો કેસ ફોજદારી કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો પ્રમાણે સાબિત કરવામાં સફળતા હાંસલ કરી હતી જે સંદર્ભ કોર્ટે બંને આરોપીને તકસીરવાન ઠરાવતા ારોપીઓને છ માસની જેલ કેદની સજા તેમજ એક મહિનાની અંદર ફરિયાદવાળા ચેકની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવી આપવાનો હુકમ કરેલ હાલના કેસમાં ફરિયાદી મંડળી વતી રાજકોટના લાભ એડવોકેટ એન્ડ એસો.ના સિનિયર એડવોકેટ હેમંત ભટ્ટ, ઇશાન ભટ્ટ તેમજ દિવ્યેશ કલોલા, મેહુલ ઝાપડા, વિકાસ ગોવાણી રોકાયેલ હતા.

---

પ્રજાસત્તાક પૂર્વે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચને મળી મોટી સફળતા

# દેશભરમાં હથિયાર સપ્લાય કરતો ચોખલીગર ગેંગનો શખ્સ ઝડપાયો

### વર્ષ ૨૦૧૫ માં હાર્ડવેરના વેપારી રિપલ ચનીયારાની મિત્ર દર્શને ચાર શુટરો મારફતે ફાયરિંગ કરી હત્યા તેમજ વડોદરામાંથી ATS ની ટીમે પકડેલ શખ્સને દસ હથિયાર પકડાયેલ પ્રીતમસિંઘે સપ્લાય કર્યા 'તા

રાજકોટ. તા.૨૫

પ્રજાસત્તાક પૂર્વે રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની મળી મોટી સફળતા મળી હતી. દેશભરમાં હથિયાર સપ્લાય કરતો ચોખલીગર ગેંગના શખ્સને મધ્યપ્રદેશથી ઝડપી પાડી સઘન પૂછતાછ હાથ ધરી હતી. વર્ષ ૨૦૧૫ માં હાર્ડવેરના વેપારી રિપલ ચનીયારાની મિત્ર દર્શને ચાર શુટરો મારફતે ફાયરિંગ કરી હત્યા તેમજ વડોદરામાંથી ATS ની ટીમે પકડેલ શખ્સને દસ હથિયાર પકડાયેલ પ્રીતમસિંઘે સપ્લાય કર્યા હોવાનું સામે આવ્યું છે.



શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા શહેરમાં થયેલ ખુન, ખુનની કોશિષ, લુંટ તેમજ ઘરફોડ ચોરીઓ જેવા ભારે અનડીટેકટ ગુન્હાઓ હોય તેમજ તે ગુનાઓમાં નાસતા ફરતા આરોપીને મુદ્દામાલ સાથે શોધી કાઢવા અંગેની આપેલ સૂચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોરના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ.એન.પરમાર, એમ.કે.મોવલીયા તેમજ ટીમના એ.એસ.આઇ. જલદિપસિંહ વાઘેલા, હેડ કોન્સ્ટેબલ સુભાષ ઘોઘારીને ચોક્કસ સોર્સ તેમજ ટેકનીકલ સોર્સીસની મદદથી સંયુક્ત બાતમી મળેલ કે, ગુજરાત રાજ્યના એટીએસમાં દાખલ થયેલ આર્મ એક્ટ ગુનામાં ૧૦ હથીયાર સપ્લાઇ કરનાર તેમજ ગુજરાતના અલગ-અલગ જીલ્લામાં હથિયાર સપ્લાઈ કરતો શખ્સ તેમજ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં વર્ષ-૨૦૧૫ માં દાખલ થયેલ મર્ડરના ગુનામાં તેમજ અન્ય જીલ્લાના દાખલ થયેલ ગુન્હાઓમાં નાસતો ફરતો આરોપી મધ્યપ્રદેશમાં બડવાની જીલ્લાના સેંધવા શહેર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં હોવાની ચોક્કસ માહીતી મળતા સ્ટાફે ટીમ બનાવી મધ્યપ્રદેશ રાજ્યના બડવાણી જીલ્લામાંથી પ્રીતમસીંગ નીમસીંગ ભાટીયા (ચીખલીગર) (ઉવ.૫૪),(રહે.તલવાડી (સાલખેડા) ગામ,અલીરાજપુર ) ને દબોચી લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી ગુજરાત રાજ્ય એટીએસના હથિયારના ગુનામાં, માલવીયનગર પોલીસ મથકના હત્યા, તાલુકા પોલીસ મથકના આર્મ્સ એક્ટ હેઠળના ગુનામાં તેમજ જૂનાગઢ, વંથલી સહિતના અલગ અલગ પોલીસ મથકના સાત ગુનામાં સંડોવાયેલ હોવાનું ખુલ્યું છે.પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૫ માં મવડી વિસ્તારના હાર્ડવેરના વેપારી રિપલ ચનીયારાની મિત્ર દર્શને ચાર શુટરો મારફતે ફાયરિંગ કરી હત્યા નિપજાવી હતી તેમજ વડોદરામાંથી એટીએસની ટીમે પકડેલ શખ્સને દસ હથિયાર પકડાયેલ પ્રીતમસિંઘે સપ્લાય કર્યા હોવાના ગુનામાં તેમજ જૂનાગઢના અલગ અલગ હથિયારના ગુનામાં આરોપી ફરાર હોવાનું સામે આવ્યું છે.

### કામગીરી કરનાર ક્રાઈમ બ્રાન્ચની ઝાંબાઝ ટીમ

રાજકોટ. તા.૨૫

દેશભરમાં હથિયાર સપ્લાય કરનાર શખ્સને પકડવામાં શહેર ક્રાઇમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એલ.એલ.ડામોરની રાહબરીમાં પીએસઆઇ એ.એન.પરમાર, એમ.કે.મોવલીયા, એ.એસ.આઈ.જલદિપસિંહ વાઘેલા, હિતેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ જાડેજા, રણજીતસિંહ પઢારીયા, હેડ કોન્સ્ટેબલ સુભાષ ઘોઘારી, કોન્સ્ટેબલ હરસુખ સબાડ, મહાવીરસિંહ ચુડાસમાં, ગોપાલ પાટીલ, તુલશી ચુડાસમા સહિતની ટીમે કામગીરી કરી હતી.

### વર્ષ ૨૦૧૫માં ટીપલ ચનીયારાની હત્યા કરી મિત્ર દર્શને પણ આત્મહત્યા કરી લીધી તી

રાજકોટ,તા.૨૫

રાજકોટના મવડી કણકોટ રોડ પર વર્ષ ૨૦૧૫માં ટીપલ ચનીયારાની હત્યા થવાનો બનાવ ફરીવાર ચર્ચામાં આવ્યો છે.ક્રાઈમ બ્રાંચે હથીયાર સપ્લાય કરતાં પકડેલ શખ્સે હાર્ડવેરના વેપારી ટીપલ ચનીયાના નામના યુવાનની તેના મિત્ર દર્શને ચાર શુટરોને સોપારી આપી ગોળી ધરબી દઈ હત્યા નિપજાવિ હતી.જે બાદ સોપારી આપનાર દર્શને પણ આપઘાત કરી લીધો હતો.જે તે સમયે થયેલ હત્યાના બનાવમાં મૃતક ટીપલ ચનીયાના અને દર્શન બૂચે મહીલાના ચરીત્ર મામલે અને ધંધાની હરીફાઈમાં મામલો હત્યા સુધી પહોંચ્યાનું સામે આવ્યું છે.

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે મધ્યપ્રદેશના બડવાણી વિસ્તારમાંથી દબોચી લીધો, પોતાની હાથે બનાવી રૂ.૨ હજારથી ૧૦ હજાર સુધીમાં હથિયાર વેંચતો 'તો

---

કાલાવડ રોડ પર અંધ વૃદ્ધાશ્રમ સામે આવેલ

## સ્વસ્તિક પાર્ટી પ્લોટના પાર્કિંગમાં કારમાં બેસેલ મહિલાના ગળામાંથી સોનાના ચેઈનની ચિલઝડપ

### મોડી રાત્રીના બુકાની બાંધી બાઇકમાં આવેલ શખ્સે સોનાનો ચેઇન ઝુંટવવા જતાં મહિલાએ પ્રતિકાર કર્યો, પણ આરોપી સફળ થયો અને રૂ.૧ લાખનો દાગીનો લઈ હવામાં ઓગળી ગયોઃ પોલીસે તપાસ આદરી

રાજકોટ. તા.૨૫

કાલાવડ રોડ પર અંધ વૃદ્ધાશ્રમ સામે આવેલ સ્વસ્તિક પાર્ટી પ્લોટના પાર્કિંગમાં કારમાં બેસેલ મહિલાના ગળામાંથી સોનાના ચેઇનની ચિલઝડપ કરી અજાણ્યો શખ્સ નાસી છૂટતાં તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે મવડી પ્લોટ મેઇન રોડ શ્રીનાથજી સોસાયટી શેરી નં. ૫ માં રહેતાં રાજભાઇ લવજીભાઇ ગોંડલીયા (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ હાલમાં ગોંડલ ચોકડી પાસે આવેલ એમ.જી. હેક્ટરના શો-રૂમમાં મેનેજર તરીકે નોકરી કરે છે ગઈકાલે તેમના ભાણેજના લગ્ન હોય અને કાલાવડ રોડ અંધ વૃધ્ધાશ્રમ સામે આવેલ સ્વસ્તિક પાર્ટી પ્લોટ ખાતે લગ્નનું આયોજન કરેલ હોય જેથી તેઓ પત્નિ જીયા તથા બે બહેન સાથે બલેનો કારમાં સાંજના પાંચેક વાગ્યા આસપાસ ગયેલ હતા.

લગ્નપ્રસંગ પુરા થતા ગઈ રાત્રીના એકાદ વાગ્યા આસપાસ તેઓ પત્નિ સાથે પાર્ટી પ્લોટની બહાર નીકળી બલેનો કાર પાર્ટી પ્લોટના ગેટ પાસે મુકેલ હોય ત્યાં કારમાં પત્ની અને પુત્રીને બેસાડેલ હતા. ત્યારબાદ તેઓ અન્ય પરીવારજનોને બોલાવવા ગેટથી અંદરના ભાગે જતાં એટલામાં તેમની પત્નિ જીયાએ બુમાબુમ કરતા દોડીને બહાર નીકળી જોયેલ તો પત્નિ કારમાં બેસેલ હતી ત્યાંથી એક મોઢે રૂમાલ બાંધેલ બાઈક ચાલક ઝડપથી કણકોટ રોડ તરફ નાસી જતો જોવામા આવેલ હતો. ત્યારબાદ તેઓ દોડીને પત્નિ પાસે જતા તેણે જણાવેલ કે, તે બાઈક ચાલક નાશી ગયેલ તે આપણી કારનો દરવાજો ખોલી મારા ગળામાંથી ગળામાં પહેરેલ સોનાનો હાર ઝુટવવાની કોશીષ કરતો હતો પરંતુ મેં હાર પકડી રાખતા સોનાના હારની સર તુટી તે શખ્સના હાથમાં આવી જતા સર ઝુંટવીને નાશી ગયેલ છે. જેથી અજાણ્યો શખ્સ રૂ.૧ લાખના દાગીના ઝુંટવી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી.

### અજમેરની દરગાહમાં મંદિર હોવાનો દાવો કરનાર હિન્દુ સેનાના અદ્યક્ષ પર ગોળીબાર


#### અજમેરની દરગાહમાં મંદિર હોવા મુદ્દે વિષ્ણુ ગુપ્તાએ કોર્ટમાં અરજી પણ કરી છે


---

ચૂંટણીમાં ઉત્તર કામગીરી કરનાર કર્મચારીઓને બિરદાવતા કલેકટર

## રાષ્ટ્રીય મતદાર દિવસની ઉજવણીઃ કલેકટર કચેરી ખાતે BLO કેમ્પસ એમ્બેસેડર, યુવા મતદારોનું સન્માન

### દિવ્યાંગ મતદાર આઈકોનનું વિશીષ્ટ સન્માન : મતદાર મહોત્સવના વિજેતાઓને પુરસ્કાર વિતરણ




રાજકોટ,તા.૨૫

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે ૧૫માં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી પ્રસંગે કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને વિશીષ્ટ કાર્યક્રમ યોજવામાં આવેલ હતો જેમાં જેમાં ગત ચૂંટણીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર બી.એલ.ઓ., કેમ્પસ એમ્બેસેડર, યુવા મતદારો વગેરે નું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા પ્રથમ ત્રણ શ્રેષ્ઠ કૃતિઓને પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવી હતી.

આ અવસરે જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશીએ ઉપસ્થિતોને સંબોધતા કહ્યું હતું કે, નવા મતદારોમાં મતદાન અંગે જાગૃતિ આવે અને તેનું મહત્ત્વ સમજે તેવા ઉદ્દેશ્યથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. લોકસભાની ચૂંટણીમાં મતદાર નોંધણીથી લઈને મતદાન સુધીનું ભગીરથ કાર્ય આપ સૌના સહકારથી સંપન્ન થયું છે. ગત ચૂંટણીમાં રાજકોટ મહાનગરમાં સૌરાષ્ટ્રમાં સૌથી વધુ વોટિંગ થયું છે. ચૂંટણીમાં આવી સારી કામગીરી બદલ તેમણે સૌ સ્ટાફને બિરદાવ્યા હતા.


આ તકે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારનો વીડિયો સંદેશ પણ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.આ અવસરે દિવ્યાંગ મતદાર આઈકોન શૈલેષ પંડ્યાનું કલેકટર તથા અધિક ચૂંટણી અધિકારીએ વિશિષ્ટ સન્માન કર્યું હતું. ત્યાર બાદ નવા મતદારો તરીકે જોડાયેલા મેહુલ ગોંઢા, દિશાબેન લોટીયા, તુષાર ગોંડલીયા, ધ્રુમિલ વાજા અને અરમાન કંડીયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

એ પછી યુવા મતદાર મહોત્સવ ૨૦૨૪માં ગ્રૂપ વીડિયો સંદેશમાં પ્રથમ ક્રમે વિજેતા મોંઘીબા ગર્લ્સ હાઈસ્કૂલ - વીરપુર, વ્યક્તિગત વીડિયો સંદેશમાં દ્વિતીય ક્રમે લીલી રાઠોડ, તૃતીય નિધિ સાકરીયાનું રોકડ પુરસ્કાર તથા સન્માનપત્રથી બહુમાન કરાયું હતું. આ સાથે કોલેજમાં તેમજ યુવાનોમાં મતદાન જાગૃતિ અંગે કામગીરી કરનારા શ્રેષ્ઠ કેમ્પસ એમ્બેસેડર તરીકે રાજકોટ જિલ્લાના ત્રિનય વોરા, ઋતુરાજ નાંગલ, કોમલ જાદવ, વિરલ શીંગાડીયા, ગોપાલ રોજાસરા અને ફોરમ રામોલિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માનમાં રાજકોટની વિવિધ વિધાનસભા મતક્ષેત્રના મદદનીશ મતદાર નોંધણી અધિકારી તથા પ્રાંત અધિકારીઓ આસિ. કલેક્ટર મહેક જૈન, પ્રાંત અધિકારી ચાંદની પરમાર, વિમલ ચક્રવર્તી, જિલ્લા પૂરવઠા અધિકારી રાજશ્રી વંગવાણી સાથે જોડાયા હતા.

### કાલે ચાર્ટર્ડ ફલાઈટમાં બન્ને ટીમનું આગમનઃ સોમવારે નેટપ્રેકિટસ

# ભારત-ઈંગ્લેન્ડ T-20 માટે ક્રિકેટ સ્ટેડિયમ સજ્જ

## સ્ટેડિયમના માર્ગ પર પણ ત્રિરંગા લહેરાયાઃ સૌરાષ્ટ્રભરમાંથી ક્રિકેટ ચાહકો રાજકોટ મેચ નિહાળવા ઉમટશેઃ સૂર્યકુમાર યાદવના નેતૃત્વની ટીમ મેચ જીતવા ફેવરીટ













રાજકોટઃ હાલમાં જ મહિલા વનડે ક્રિકેટના ત્રણ મેચના આયોજન અને બાદમાં સૌરાષ્ટ્ર-દિલ્હી વચ્ચે રણજીટ્રોફી મેચ આવ્યા બાદ હવે મંગળવારે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે રમાનારા પાંચ મેચની શ્રેણીના ત્રીજા ટી૨૦ મેચ માટે પણ ઉત્સાહીત છે. મહિલા વનડેની શ્રેણી ભારતીય વિમેન્સ ટીમે ૩-૦ની સરસાઈથી જીતી લીધી હતી અને રાજકોટમાં સૌએ નિરંજન શાહ સ્ટેડીયમમાં ઉમટી પડીને ત્રણેય મેચની મજા માણી હતી તો ગુરૂવારે જ દિલ્હી સામે સૌરાષ્ટ્રના રણજી ટ્રોફી મેચ રમાયો જેમાં સૌરાષ્ટ્રના ખેલાડીઓની કમાલથી ફકત બે દિવસમાં જ સૌરાષ્ટ્ર મજબૂત દિલ્હી ટીમ પર જીત મેળવી અને આ મેદાનનું ગૌરવ વધાર્યુ. હવે મંગળવારે ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેની ટી૨૦ શ્રેણીના ત્રીજા ટી૨૦ મેચ માટે પણ તેવો જ રોમાંચ છે અને રાજકોટના આંગણે વધુ એક આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ રહ્યો છે તે નિહાળવા સૌરાષ્ટ્રભરમાંથી ક્રિકેટ ચાહકો ઉમટશે. રાજકોટનું નિરંજન શાહ સ્ટેડીયમ તેના શ્રેષ્ઠ આયોજન માટે દુનિયાભરના ક્રિકેટ ખેલાડીઓની પ્રશંસા મેળવી ચૂકયા છે અને રનના ઢગલા કરતી આ પીચ અનેક વખત ટર્નીંગ પણ સાબીત થઈ છે. તે વચ્ચે મંગળવારે સાંજે ૭ના ટકોરે શરૂ થનારા આ ટી૨૦ જીતવા ટીમ ઈન્ડીયા ફેવરીટ છે. ભારતની ટીમે પ્રથમ વનડે જીતી લીધો છે. આજે ચેન્નઈમાં બીજા વનડેમાં જો ભારત જીતે તો પછી રાજકોટના વનડે જીતી શ્રેણી ખીસ્સામાં મુકી દેશે અને રાજકોટ-સૌરાષ્ટ્રના ક્રિકેટ ચાહકો ટીમ ઈન્ડીયાને બકઅપ કરવા અને શ્રેષ્ઠ ક્રિકેટ રમતી ઈંગ્લેન્ડની ટીમને પણ વધાવવા આતુર છે. મંગળવારે બપોર બાદ રાજકોટના તમામ માર્ગ સ્ટેડીયમ ભણી જતા દેખાશે અને શહેરમાં પણ કાલે બન્ને ટીમ ચાર્ટર્ડ પ્લેનથી આવી પહોંચ્યા બાદ ક્રિકેટ ચાહકો તેને વધાવશે.

સૌરાષ્ટ્રનુ ક્રિકેટ હવે અનેક ખેલાડીઓના શ્રેષ્ઠ પ્રદર્શનથી જાણીતુ બન્યુ છે અને તેમાં આ મેચ ચાર ચાંદ લગાવશે.

(તસ્વીરઃ દેવન અમરેલીયા)

# વેલકમ ટીમ ઈન્ડિયાઃ હોટલ સયાજીમાં ક્રિકેટ ફિવર છવાયો

## ખેલાડીને આવકારવાનો જબરો ઉત્સાહ : અનેક પોસ્ટર અને બેનર લગાવાયાઃ પરંપરાગત કાઠિયાવાડી સહિતના મેનુ પણ તૈયાર









ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે તા.૨૮ને મંગળવારે રમાનારા ત્રીજા ટી-૨૦ માટે ટીમ ઇન્ડિયા રવિવારે રાજકોટ પહોંચશે અને તે સાથે જ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ક્રિકેટનો નવો ક્રેઝ ફરી સર્જાશે. રાજકોટના આંતરરાષ્ટ્રીય નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે મંગળવારે સાંજે ૭ વાગ્યે રમાનારા આ ટી-૨૦ માટેની ટીકીટનું વેચાણ પણ પુરજોશથી ચાલુ છે. તો રાજકોટની હોટલ સયાજી ખાતે ટીમ ઇન્ડિયાને આવકારવા માટે ખાસ તૈયારીઓ કરવામાં આવી છે. હોટલના અંદરના ભાગોમાં પણ ટીમ ઇન્ડિયાને આવકારતા પોસ્ટર અને બેનરો લગાવાયા છે તેમજ ખેલાડીઓ માટે ખાસ સ્યુટ તૈયાર કરાયા છે અને ટીમના રોકાણ દરમ્યાન ગુજરાતી સહિતનું વાનગીઓનું મેનુ પણ તૈયાર રખાયું છે. રાજકોટ અને સૌરાષ્ટ્રની મહેમાનગતિ માણવા માટે દેશ-વિદેશના ક્રિકેટરો આતુર હોય છે અને રાજકોટના સ્ટેડીયમની પીચ પણ રનના ઢગલા કરવા માટે જાણીતી છે તેથી ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે આ ટી-૨૦ મેચ અત્યંત રસપ્રદ બનશે તે નિશ્ચિત છે. ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પણ ચાહકોને આવકારવા માટે તમામ તૈયારીઓ થઇ ગઇ છે.

# ૨૪ કલાકમાં જ 'મહાકુંભ' માટે S.T.ની વોલ્વો એક માસ માટે બુક થઇ ગઇ!

## રાજકોટ-સુરત-વડોદરાથી પણ કુંભ માટે 'વોલ્વો' શરૂ કરવા વિચારણા

રાજકોટ, તા.૨૫

ગઇકાલે જ રાજ્યના વાહન વ્યવહાર મંત્રીએ અમદાવાદથી કુંભ સ્પેશ્યલ વોલ્વો બસો દોડાવવાની જાહેરાત કરી હતી. જેને ૨૪ કલાક જ થયા છે ત્યાં જ એસટીની વોલ્વો બસોનું એક માસ માટેનું એટલે કે, ૨૫-૨ સુધીનું બુકીંગ ફૂલ થઇ ગયું છે.

એસટી વિભાગના સૂત્રોનાં જણાવ્યા મુજબ ૩૦ વોલ્વો બસો ૨૪ કલાકમાં જ બુક થઇ ગઇ છે. જ્યારે આ રીતની બસો રાજકોટ, સુરત, વડોદરાથી પણ દોડાવવા વ્યાપક ડિમાન્ડ થઇ રહી છે. ત્યારે આ અંગે એસટીના ઉચ્ચ સત્તાવાળાઓ વિચારણ કરી રહ્યાનું જાણવા મળે છે.




અત્રે ઉલ્લેખનીય છે કે, હિન્દુ સનાતન ધર્મમાં મહાકુંભનું વિશેષ મહત્વ છે, જે ૧૪૪ વર્ષમાં માત્ર એકવાર આવે છે. આ અવસર પર શ્રદ્ધાળુઓ માટે મહાકુંભની યાત્રા સરળ બનાવવા રાજ્ય સરકારે દરરોજ ગુજરાતથી પ્રયાગરાજ એસી વોલ્વો બસનું સંચાલન કરવા અનોખી પહેલ કરી છે, સરકારે પ્રયાગરાજ ખાતે જઇને ગુજરાતના શ્રધ્ધાળુઓ મહાકુંભમાં આસ્થાની ડુબકી લગાવી શકે તે માટે સકારાત્મક નિર્ણય લીધો છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગુજરાતથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ ઉપાડવાનો નિર્ણય લઇ શ્રધ્ધાળુને રાત્રિ રોકાણ અને બસ મુસાફરી સાથેનું ઇકોનોમી પેકેજ તૈયાર કરવામાં આવ્યુ છે.

આગામી ૨૭મી જાન્યુઆરી - ૨૦૨૫થી સોમવારથી આ સેવા શરુ કરવામાં આવી છે.

ત્યારબાદ દરરોજ સવારે ૭ વાગ્યે રાણીપ એસ.ટી ડેપો, અમદાવાદ ખાતેથી દરરોજ એસી વોલ્વો બસ પ્રયાગરાજ જવા નિકળશે. માત્ર રૂ. ૮૧૦૦ માં પ્રતિ વ્યક્તિ ૩ રાત્રિ/૪ દિવસનું પેકેજ ગુજરાતના શ્રધ્ધાળુઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને પ્રવાસન નિગમના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરવામાં આવ્યુ છે.

## ડોનાલ્ડ ટ્રમ્પનાં સામૂહિક દેશનિકાલની યોજનામાં પ્લેન ખુટી પડયાં

વોશિંગ્ટન :

ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ બનતાની સાથે જ અમેરિકાથી ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે દેશનિકાલની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ટ્રમ્પ વહીવટીતંત્ર મોટા પાયે સામૂહિક દેશનિકાલ કરવાની યોજના ધરાવે છે અને પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે લશ્કરી વિમાનો તૈનાત કરવા પર કામ કરી રહ્યું છે. વ્હાઇટ હાઉસના ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ સ્ટીફન મિલરે શુક્રવારે જણાવ્યું હતું કે વિમાનોની અછતને કારણે, સ્થળાંતર કરનારાઓને દેશનિકાલમાં નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. મિલરે કહ્યું કે આ પડકારનો સામનો કરવા માટે પ્રશાસને લશ્કરી વિમાનો તૈનાત કરવાનું શરૂ કર્યું છે, જે દેશનિકાલમાં મદદ કરશે. અગાઉ, અગાઉનાં બાઈડન વહીવટીતંત્રે દેશનિકાલ માટે લશ્કરી વિમાનનો ઉપયોગ કરવાની વ્યૂહરચના મુલતવી રાખી હતી. મિલરે ઉમેર્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર હોમલેન્ડ સિક્યુરિટી અને ડિફેન્સ ડિપાર્ટમેન્ટ એરક્રાફ્ટ સહિત દેશનિકાલના પ્રયાસોને વધુ વધારવા માટે વધારાનાં વિકલ્પોની શોધ કરી રહ્યું છે.

### ફરી ગુગલ મેપે ગોટે ચડાવ્યા!

## ગુગલ મેપથી દિલ્હીથી નેપાળ જઇ રહેલા ફ્રાન્સના પર્યટકો ભૂલા પડ્યાઃ લોકો એલિયન સમજી બેઠા!



### હેલ્મેટમાં ચમકતી લાઇટ જોઇ ગામ લોકોએ એલિયન સમજી પોલીસને જાણ કરી, અંતે પોલીસે પર્યટકોને તેમના નિશ્ચિત સ્થાને પહોંચાડયા

બરેલી તા.૨૫

ઉત્તર પ્રદેશના બરેલીમાં એલિયન ઉતરી આવ્યા હોવાની સૂચના મળતા જ પોલીસ પ્રશાસનમાં હડકંપ મચી ગયો હતો. તાત્કાલિક ઘટનાસ્થળે પોલીસ આવી, કારણ કે આ કોઈ એલિયન નહીં પણ વિદેશી પર્યટકો હતા. પૂછપરછ કરતા જાણવા મળ્યું કે, આ વિદેશી પર્યટકો ગૂગલ મેપની મદદથી જઈ રહ્યા હતા, અચાનક રસ્તો ભૂલી ગયા હતા.

હકીકતમાં જોઈએ તો, બે વિદેશી પર્યટક રસ્તો ભૂલી જવાના કારણે બહેડીમાં ચુરૈલી ડેમ નજીક પહોંચી ગયા હતા. મોડી રાત હોવાના કારણે ડેમની નજીક ટેન્ટ લગાવી દીધો. આજુબાજુના ગામલોકોએ અંધારામાં પર્યટકોને હેલમેટમાં લાગેલી લાઇટ ચમકતી જોઈ, તેમને લાગ્યું કોઈ એલિયન આવ્યા છે. જેની સૂચના તાત્કાલિક પોલીસને આપી. ઘટનાસ્થળે પોલીસ આવી તો જાણવા મળ્યું કે મામલો કંઈક જુદો જ છે. બંને વિદેશી પર્યટકો રસ્તા ભટકી જવાના કારણે આવું બન્યું. બંને પર્યટક ફ્રાન્સના નાગરિક છે. રાતમાં તકલીફ પડતા સ્થાનિક લોકોએ તેમને પોલીસ ચોકીએ પહોંચાડ્યા. ત્યાર બાદ બંનેને બહેડી પોલીસે દરિયાદિલી બતાવતા વિદેશી મહેમાનોની મદદ કરી હતી. ભાષા અડચણરુપ બનતા પોલીસે ટોપ અધિકારીઓ સાથે વાત કરીને મદદ કરી અને તેમને ગંતવ્ય સ્થાન તરફ રવાના કર્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, ફ્રાન્સના બ્રાયન જૈક્સ ગિલબર્ટ અને સેબેસ્ટીયન ફ્રૈંકોઈસ ગ્રેબિયલ ૭ જાન્યુઆરીના રોજ ફ્લાઈટથી દિલ્હી આવ્યા હતા. અહીંથી તેમને સાયકલ લઈને નેપાળની રાજધાની કાઠમાંડુ જવાનું હતું. કહેવાય છે કે, બંને સાયકલ સવાર પર્યટક ગૂગલ મેપની મદદથી જઈ રહ્યા હતા. આ દરમ્યાન પીલીભીતની જગ્યાએ બહેડી પહોંચી ગયા હતાં.

### માતા વૈષ્ણોદેવી કટરાથી શ્રીનગર રેલવે સ્ટેશને પહોંચી ટ્રેન

# કાશ્મીરમાં દુનિયાના સૌથી ઉંચા બ્રિજ પર વંદે ભારત ટ્રેનની સફળ ટ્રાયલ

## કાશ્મીરમાં બરફવર્ષા અને માઇનસ ૨૦ ડિગ્રી તાપમાનમાં પણ આરામથી દોડી શકે તેવી ડિઝાઇન કરાઇ છે વંદે ભારત ટ્રેન

રિયાસી (જમ્મુ-કાશ્મીર), તા.૨૫

દુનિયાના સૌથી ઉંચા પુલ પરથી પસાર થઇ કાશ્મીરની ખીણમાં વંદે ભારત ટ્રેનની આજે સફળ ટ્રાયલ યોજાઇ હતી. ભારતીય રેલવેએ આજે શ્રી માતા વૈષ્ણોદેવી કટરમા રેલવે સ્ટેશનથી શ્રીનગર રેલવે સ્ટેશન સુધી વંદે ભારત ટ્રેનની ટ્રાયલ રન કરી હતી. આ ટ્રેન અંજીખાદ બ્રિજ પરથી પણ પસાર થઇ હતી. જે ભારતનો પ્રથમ પહેલો કેબલ સ્ટેડ રેલવે બ્રિજ છે.

આ ટ્રેનને કાશ્મીરની ઠંડી જલવાયુ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરાઇ છે તે બરફ વર્ષા અને માઇનસ તાપમાનમાં પણ આરામથી દોડશે.

રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે અનેક દેશોએ ભારતથી સેમી હાઇ સ્પીડ વંદે ભારત ટ્રેનની આયાતમાં રસ દેખાડ્યો છે.




પહેલી વંદે ભારત એકસપ્રેસ ટ્રેન ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના નવી દિલ્હી-કાનપુર, અલ્લાહાબાદ-વારાણસી માર્ગ પર ૧૬૦ કિ.મી.ની ઝડપે દોડી હતી. નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન વંદે ભારત ટ્રેનમાં યાત્રા કરવા માટે લગભગ ૩૧.૮૪ લાખ બુકીંગ કરાઇ હતી. આ સમયગાળા દરમિયાન વંદે ભારત ટ્રેનોનો કુલ વપરાશ દર ૯૬.૬૨ ટકા રહ્યો હતો.

**અનેક ખૂબીઓથી સજ્જ છે ટ્રેન**

વંદે ભારત ટ્રેનને ખાસ કરીને કાશ્મીરમાં શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવી છે. આ ટ્રેન બરફવર્ષા અને શૂન્યથી માઇનસ ડીગ્રી તાપમાનમાં પણ આરામથી દોડી શકશે.

ટ્રેનમાં મોટા કદના કાચ લગાવાયા છે, જ્યાંથી રેલયાત્રી પ્રાકૃતિક દ્રશ્યોનો આનંદ લઇ શકે છે. કાચ પૂરી રીતે ફૂલ પ્રુફ બનાવાયા છે. આ ટ્રેન પર કોઇ પથ્થરમારો થાય તો પણ તેના કાચને કંઇ નુકશાન ન થાય.

## વંદે ભારત ટ્રેનને દિલ્હીથી કટરા પહોંચવામાં ૮ કલાક લાગે

નવી દિલ્હી-કટરા વંદે ભારત એક્સપ્રેસ દિલ્હી અને કટરા વચ્ચે ૬૫૫ કિમીનું અંતર ૮ કલાક અને ૫ મિનિટ લાગે છે. આ ટ્રેન અંબાલા છાવણી, લુધિયાણા જંક્શન, પઠાણકોટ છાવણી અને જમ્મુ તાવીમાં રોકાય છે. તેમાં સેમી હાઈ સ્પીડ ટ્રેનને ચેન્નઈ સ્થિત ઈંટીગ્રલ કોચ ફેક્ટરી દ્વારા બનાવવામાં આવી હતી અને ૩ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અહીં ઉલ્લેખનિય છે કે રેલવે તરફથી ભારતના વિવિધ વિસ્તારોને કાશ્મીર ઘાટી સાથે જોડવા માટે લાંબા સમયથી કનેક્ટિવિટી પર કામ થઈ રહ્યું છે. ત્યારે આવા સમયે ડિસેમ્બર ૨૦૨૪માં આ સમાચાર આવ્યા હતા કે દિલ્હીથી શ્રીનગરની ડાયરેક્ટ જોડતી રેલ લાઈન જાન્યુઆરીમાં શરુ થઈ શકે છે. આ રુટ પર વંદે ભારત જેવી ટ્રેનો પણ ચલાવવાની તૈયારી હતી. વંદે ભારત ટ્રેન દિલ્હીથી શ્રીનગર સુધી ૮૦૦ કિમીની મુસાફરી ૧૩ કલાકમાં પુરી કરશે.

# સારે જહાં સે અચ્છાઃ કાલે આન બાન શાન સાથે ઉજવાશે પ્રજાસત્તાક પર્વઃ ઠેર ઠેર ધ્વજવંદન

રાજકોટ, તા.૨૫

''સારે જહાં સે અચ્છા... હિન્દુસ્તાન હમારા '' ના ગગનભેદી નાદ સાથે આવતીકાલે પ્રજાસત્તાક પર્વની રાજકોટ મા આન બાન શાન સાથે ઉજવણી કરવામાં આવશે. રાજકોટ મા અનેક સ્થળોએ પર્વની ઉજવણી કરવામાં આવશે. જેમાં રાજકોટ ની સરકારી કચેરીઓમાં, સંસ્થાઓમા, શાળાઓમા કોલેજોમાં આવતીકાલે ૨૬ મી જાન્યુઆરી ના ધ્વજવંદન સાથે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

શાળા કોલેજો મા ધ્વજવંદન સાથે વિવિધ સ્પર્ધાઓ, રમતગમત તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો રાખેલ છે. વિવિધ વિસ્તારોમાં દેશ ભકિતના ગીતો સાંભળવા મળશે. અનેક સંસ્થાઓ દ્વારા દેશ ભક્તિ ગીતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ શહેરકક્ષાની ઉજવણી ચૌધરી હાઈસ્કૂલ ખાતે અને જિલ્લા કક્ષાની ઉજવણી કોટડાસાંગાણી ખાતે કરવામાં આવનાર છે. આ અંગે જિલ્લા કલેકટર પ્રભવ જોશીના નિર્દેશમાં વહીવટીતંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવેલ છે. ચૌધરી હાઈસ્કૂલમાં શહેર પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમારની અધ્યક્ષતામાં પ્રજાસત્તાક પર્વની ઉજવણીના કાર્યક્રમનું રિહર્સલ યોજાયું હતું. સવારે ૯ કલાકે રિહર્સલનો પ્રારંભ થયો હતો. સૌથી પહેલા ધ્વજવંદન-રાષ્ટ્રગાન થયું. બાદમાં અધિકારીએ પરેડ નિરિક્ષણ કર્યું હતું. એ પછી પોલીસ, હોમગાર્ડ્સ તથા એન.સી.સી.ની ગર્લ્સ બટાલિયનની પ્લાટૂન દ્વારા માર્ચ પાસ્ટ યોજવામાં આવી હતી

**રાષ્ટ્રગૌરવ યાત્રા સમિતિ દ્વારા ૨૫૧ ફૂટ લંબાઈ ધરાવતા રાષ્ટ્ર ધ્વજની ગૌરવ યાત્રા નિકળશે**

દર વર્ષ ની આ વર્ષે પણ રાષ્ટ્રગૌરવ યાત્રા સમિતિ દ્વારા રાજકોટ ખાતે ૮ મા વર્ષે એક ભવ્ય રાષ્ટ્ર ગૌરવ યાત્રા નું આયોજન કરવામા આવેલ છે. આ યાત્રા નું મુખ્ય આકર્ષણ ભારત માતા નો મુખ્ય ફ્લોટ, શહીદ કુટીર તથા ૨૫૧ ફૂટ લંબાઈ ધરાવતો રાષ્ટ્ર ધ્વજ રહેશે જેને ચાલી ને સમગ્ર રૂટ માં લઈ જવામાં આવશે. આ યાત્રા માં ભારત માતા તેમજ અલગ અલગ સ્વતંત્રતા સેનાનીઓના જીવંત પાત્રો પણ રહેશે. યાત્રા ની પુર્ણાહુતી બાદ સમૂહ ધ્વજ વંદન, સમૂહરાષ્ટ્ર ગાન, શહીદો ને સમૂહ શ્રદ્ધાંજલી તેમજ ભારત માતા નું કુમ કુમ, ફૂલ દ્વારા પૂજન કરવામાં આવશે.

જાહેર યાત્રામાં નારી શક્તિનું પ્રભુતું દેખાડવા તથા બહેનો પણ આવા રાષ્ટ્રીય કાર્યક્રમ માં પુરુષો સાથે ખભે ખભો મિલાવી ને કામ કરી શકે છે તે બતાવવા બહેનો પણ બાઈક લઈને તથા ચાલીને મોટી સંખ્યા માં જોડાશે. સમગ્ર રૂટ દરમિયાન સાઉન્ડ સિસ્ટમ પર દેશભકિત ના ગીતો પર રાષ્ટ્રપ્રેમીઓ જૂમશે. યાત્રા નું જુદી જુદી સંસ્થાઓ દ્વારા રૂટ દરમિયાન પુષ્પો થી તથા અલગ અલગ રીતે સ્વાગત કરવામાં આવશે.

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીના વરદહસ્તે કેમ્પસ પ્લાઝા ખાતે સવારે ધ્વજવંદન કરવામાં આવશે.એન.સી.સી. ના કેડેટસ દ્વારા માર્ચ કરવામાં આવશે.

કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય પર્વ નિમિત્તે સંબોધન કરશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય ઓ, એક્ઝિક્યુટિવ કાઉન્સીલના સભ્ય ઓ, ડીન ઓ, ભવનોના અધ્યક્ષઓ, અધિકારીઓ, પ્રાધ્યાપક ઓ, બિનશૈક્ષણીક કર્મચારીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

**મિરામ્બિકા એજયુકેશન ઈન્સ્ટીટયુટ**

મિરામ્બિકા એજયુકેશન ઈન્સ્ટસટયુટમાં તા.૨૬-૦૧-૨૦૨૫, રવિવારના રોજ સવારે ૮:૦૦ કલાકે સંસ્થાના ટ્રસ્ટી હર્ષાબા જાડેજાના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ તથ વાલીગણ જોડાશે.

**ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કુલ**

ગ્રીનવુડ ઈન્ટરનેશનલ સ્કૂલમાં તા.૨૬-૦૧-૨૦૨૫, રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સંસ્થાના ડાયરેક્ટર ડો.મયુરધ્વજસિંહ જાડેજાના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ ઉજવણીમાં વિદ્યાર્થીઓ તથ વાલીગણ જોડાશે.




**રાજકોટમા ઠેર ઠેર રાષ્ટ્રધ્વજનું વેચાણ**

આવતીકાલે રાજકોટ મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવશે. જેમાં ઠેર ઠેર ધ્વજ વંદન નું આયોજન કરવામાં આવ્યું છે.આવતીકાલના રાષ્ટ્રીય તહેવારને લઈ રાજકોટ મા વિવિધ સ્થળોએ રાષ્ટ્રધ્વજનું વહેંચણ થઈ રહ્યું છે. અને લોકો હોંશ ભેર રાષ્ટ્ર ધ્વજની ખરીદી કરી રહ્યા છે. **( તસવીર દેવેન અમરેલીયા)**


---

જૈનાચાર્ય શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં

# આવતીકાલે પાલીતાણામાં ૧૦ મુમુક્ષુઓ પ્રવજયાના પંથે પગલા માંડશે તથા નવનૂતન દીક્ષિતોની વડી દીક્ષા થશે

**(વિપુલ હિરાણી)**
**ભાવનગર, તા.૨૫**

અનંત સિધ્ધોની છત્ર છાયા એવા શાશ્ર્વત ગિરિરાજ-પાલીતાણામાં પૂજય તપાગચ્છાધીરાજ આચાર્ય ભવગંતશ્રી વિજય રામચંદ્રસુરીશ્વરજી મહારાજાનાં સમુદાયનાં વિશ્વ હિત ચિંતક પૂજય આચાર્ય શ્રીમદ વિજય કિર્તિયશસૂરીશ્વરજી મહારાજા આદી શ્રમણ-શ્રમણી ભગવંતોની નીશ્રામાં જાલોરી ભવન તથા પારણા ભુવનમાં ૧૦-૧૦ મુમુક્ષુઓની દીક્ષા તથા ૯-૯ નુતન દીક્ષીતોની વડી દીક્ષા પ્રસંગે ત્રિદીવસીય પરમાત્માં ભકિત મહોત્સવ થશે. જેમાં ૧૨ વર્ષની આરાધ્યા કુમારી દોશી, ૧૪ વર્ષનાં માહિરકુમાર જૈન, ૧૯ વર્ષનાં ભવ્યકુમાર દોશી, ૨૧ વર્ષની સાવલીકુમારી શાહ, ૨૨ વર્ષની



મિતાલીકુમારી ચૌહાણ, ૨૫ વર્ષનાં પ્રિયમકુમાર પોરવાલ, ૨૫ વર્ષની પ્રજ્ઞાકુમારી ચપદોડ (ગ્રેજયુએટ), ૨૬ વર્ષની શ્રેયાકુમારી સાકરીયા (એમ.બી.એ.), ૨૬ વર્ષની રીયાકુમારી શેઠ (સુરેન્દ્રનગર), ૩૩ વર્ષની અંકિતા કુમારી છાજેડ (એલ.એલ.બી) દીક્ષા લેશે તથા અગાઉ ૯-૯ દીક્ષીત થયેલ ૯-૯ નુતન દીક્ષીતોની વડી દીક્ષા થશે.

ત્રીદીવસીય મહોત્સવનાં પ્રથમ દીવસ તા.૨૪/૦૧/૨૦૨૫ ના રોજ સવારે ૯:૩૦ કલાકે પંચમહા વ્રતપુજા-બપોરે ૨ કલાકે વસ્ત્રો રંગોત્સવ-સાંજે છાબ. પુજય શ્રીની હિતશીક્ષા-મહાપુજા, સન્માન સમારોહ તથા ચડાવા થશે. બીજા દિવસ તા.૨૫/૦૧/૨૦૨૫ ના રોજ સવારે વર્ષીદાન યાત્રા-૧૧ કલાકે પુજયશ્રીનું પ્રવચન-ઉપકરણોનાં ચડાવા-સાંજે અંતીમ વાયણું-૭:૩૦ કલાકે અંતિમ વિદાય સમારંભ તથા વિદાય તિલકનાં ચડાવા થશે. તૃતિય દિવસ તા.૨૬/૦૧/૨૦૨૫ ના રોજ સવારે ૬ કલાકે દીક્ષાર્થીઓનો દીક્ષા મંડપ પ્રવેશ ૭ કલાકે દીક્ષા વીધીનો મંગલ પ્રારંભ થશે તો ત્રિદીવસીય પરમાત્માં ભકિત મહોત્સવમાં પધારવા સન્માર્ગ પરીવાર વતી ધાનેરા નિવાસી લીલાવતીબેન નગીનદાસ અજબાણી પરીવારે આમંત્રણ પાઠવેલ છે.

---

# રેસકોર્સમાં આજે કિર્તીદાનનો ડાયરો, ધીરૂભાઈનો હાસ્ય રસ કાર્યક્રમ

રાજકોટ,તા.૨૫

પ્રજાસત્તાક પર્વ નિમિતે આજે રાત્રે ૮.૩૦ કલાકે રેસકોર્સમાં લોક સાહિત્યકાર કિર્તીદાનભાઈ ગઢવી તથા હાસ્ય કલાકાર ધીરૂભાઈ સરવૈયાના ભવ્ય લોકડાયરોનું આયોજન કરવામાં આવ્યું છે.મેયરશ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર શ્રી તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડિયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા એક સંયુક્ત યાદીમાં જણાવે છે કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે આજતા.૨૫/૦૧/૨૦૨૫, શનિવારના રોજ રાત્રે ૦૮:૩૦ કલાકે, કવિ રમેશ પારેખ રંગદર્શન, રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય લોકડાયરાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં લોક સાહિત્યકાર કિર્તિદાનભાઈ ગઢવી તથા હાસ્ય કલાકાર શ્રી ધીરૂભાઈ સરવૈયા પોતાની વાણીથી શહેરીજનોને તરબોળ કરાવશે. આ લોકડાયરાનું દિપ પ્રાગટ્ય રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના વરદ્ હસ્તે કરી, લોકડાયરાનો શુભારંભ કરવામાં આવશે.

## પ્રજાસત્તાક પર્વની પુર્વ સંધ્યાએ લોક સાહિત્યની રમઝટ, યાદગાર ગીતો, વ્યંગો માણવાનો અનેરો અવસર

### :- કીર્તિદાનભાઈ ગઢવીઃ-



આણંદ જિલ્લાના વાલોળ ગામમાં ૨૩ ફેબ્રુઆરી ૧૯૭૫ના રોજ કીર્તિદાન ગઢવીનો જન્મ થયો હતો. ૧૨ ધોરણ પાસ કર્યા બાદ વલ્લભ વિદ્યાનગર ખાતે ખાનગી કોલેજમાં બી.કોમ.નો અભ્યાસ શરૂ કર્યો હતો અને બાદમાં વર્ષ ૧૯૯૫માં વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં સંગીતની તાલીમ લેવાનો નિર્ણય કર્યો હતો. અહીં રાજેશ કેલકર, ભરતભાઇ મહંત, ઈશ્વરભાઈ પંડિત અને દ્વારકાનાથજી ભોંસલે જેવા સંગીત તજજ્ઞો પાસેથી સંગીતના ''સા , રે , ગ , મ , પ'' શીખ્યા હતા. બાદમાં સિંહોર ખાતે ધોળકિયા મ્યુઝિક કોલેજમાં નોકરી સ્વીકારી હતી. આ દરમિયાન ભાવનગર ખાતે તેઓની મુલાકાત સ્વ. ઈશ્વરદાનભાઇ ગઢવી સાથે થઇ હતી અને બે વર્ષ સુધી તેઓની સાથે અલગ અલગ જગ્યા પર ડાયરાના કાર્યક્રમ કર્યા હતા. રાજકોટ, મોરબી સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં લોકસંગીત અને ડાયરાના કાર્યક્રમો કરી બાદમાં તેઓએ રાજકોટમાં સ્થાયી થવા મન મક્કમ કર્યું હતું. કીર્તિદાન ગઢવી લોકસંગીતને પણ અલગ અંદાજમાં રજૂ કરી આજની યુવા પેઢીને હૈયે હિલોળા લઇ રહ્યાં છે. આજે ગુજરાતનું યુવાધન પણ લોકસંગીત તરફ પ્રેરિત થયું છે તેનું ઉત્તમ ઉદાહરણ બીજું કોઈ નહિ તેમનું લાડકી સોંગ છે. કીર્તિદાન ગઢવીએ કોક સ્ટુડિયોમાં 'લાડકી' ફ્યુઝન સોંગ ગાયું ત્યારે સૌ કોઈ આશાસ્પદ હતા અને ગણતરીના દિવસોમાં જ આ ગીત એટલું પ્રચલિત થયું કે સૌ કોઈ લોકોએ સોશિયલ મીડિયા પર ખૂબ સારો પ્રતિસાદ આપ્યો હતો.

**લોકપ્રિય ગીતો**

- તેરી લાડકી મેં.......
- ગોવાળિયો.......
- મોગલનો તરવેળો..........
- ગોરી રાધાને કાળો કાન............
- રસિયો રૂપાળો રંગ રેલિયો..........
- શિવ તાંડવ..........
- નગર મેં જોગી આયા.........
- જયદેવ જયદેવ...........

### :-ધીરૂભાઈ સરવૈયાઃ-

તળપદી-કાઠીયાવાડી ભાષાના હાસ્ય કલાકાર તરીકેની આગવી ઓળખ ધરાવતા સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના ડાયરા અને હાસ્યરસના રસિકો માટે ધીરૂભાઈ સરવૈયા નામ કદાચ નવુ નહીં હોય.પોતાના પિતા અને મોટાભાઈને નાનપણથી ભજન-દુહા-છંદગાતા જોઈને મોટા થયેલા ધીરૂભાઈ આજે હાસ્ય કલાકાર તરીકે આગળ પડતુ નામ ધરાવે છે.

લોધીકા તાલુકાના ખીરસરા ગામમાં ખેતી કરતા પરિવારમાં જન્મેલા ધીરૂભાઈ ચાર ધોરણના અભ્યાસ બાદ કડિયાકામ જેવી મજૂરી કરતા હતા. પણ વારસામાં મળેલા સંગીતના કારણે તેઓ મજૂરીની સાથે સાથે ગામ-તાલુકામાં યોજાતા કાર્યક્રમમાં પણ ભાગ લેતા હતા. ધીરૂભાઈ સરવૈયાસેવાકીય કાર્યો માટે આયોજન થયેલા કાર્યક્રમમાં ફી ન સ્વીકારીને દાન પણ આપે છે.છેલ્લા ૩૧ વર્ષમાં આજે પણ મારા હાસ્યને ચોક્કસ સ્તરથી નીચે ઉતરવા નથી દીધું. અન્ય કલાકાર પ્રત્યેનો ભાવ રજૂ કરતા ધીરૂભાઈ જણાવ્યું હતુંકે, કલાકાર હસતો, સસ્તો અને કાયમ લોકહૃદયમાં વસતો હોવો જોઈએ.



**પ્રખ્યાત હાસ્ય આલ્બમ**

- હાસ્યની મોજ
- ધીરૂના ધુબાકા
- હાસ્યની હેરાફેરી
- કાઠિયાવાડી જોક્સ
- હાસ્યની ધમાલ
- હાસ્યનું ફાયરીંગ

પદાધિકારીઓએ શહેરીજનોને આ લોકડાયરોમાણવા નિમંત્રણ પાઠવ્યું છે

---




# 'જાગો હિન્દુસ્તાની' ભવ્ય સ્ટેજ શો યોજાયો

## પ્રજાસત્તાક પર્વે મનપા દ્વારા દેશભાવના જાગૃત કરતું આયોજન કરાયું

રાજકોટ,તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ગઈકાલે પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભક્તિના ગીતોનો એક ભવ્ય સ્ટેજ શો જાગો હિંદુસ્તાની કાર્યક્રમના દિપ પ્રાગટ્ય જાણીતા વક્તા અને લેખક જય વસાવડાના હસ્તે કરવામાં આવ્યો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેલ.

જાગો હિન્દુસ્તાની કાર્યક્રમમાં ૩૬ થી વધુ કલાકારો દ્વારા અદ્યતન સાઉન્ડ, શ્રેષ્ઠ કોરિયોગ્રાફી, એલ.ઈ.ડી.ની સ્પેશ્યલ ઈફેક્ટ દ્વારા દેશભક્તિના ગીતનો એક ભવ્ય સ્ટેજ શો કરવામાં આવ્યો. અગાઉ વાઘાબોર્ડર પર ભારતનો પ્રથમ દેશભક્તિ ગીતનો કાર્યક્રમ યોજાયેલ હતો. આ કાર્યક્રમથી કલાકારો દ્વારા ખાસ પ્રકારે દેશભક્તિ ગીતોથી રાષ્ટ્રભાવના જાગૃત કરવાનો એક ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો.

મહાનગરપાલિકા દ્વારાદેશભક્તિના ગીત જાગો હિન્દુસ્તાનીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આવા સામાજીક અને સાંસ્કૃતિક કાર્યક્રમોથી મહાનગરપાલિકા શહેરીજનોને રાષ્ટ્રભાવના જાગૃત કરવાનો પ્રયાસ કરે છે. આપ સર્વે ઉપસ્થિત જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છો તે જાગો હિન્દુસ્તાનીનો કાર્યક્રમ માણી શકો તે માટે વિશેષ વિગતો રજુ ન કરતા મારી વાત અહિ પૂર્ણ કરુ છું.આ તકે કાર્યક્રમના ઉદઘાટક જાણીતા વક્તા અને લેખક જય વસાવડાએ ઉપસ્થિત સર્વેને આપણા ભવ્ય ભારતના પૌરાણિક વારસાથી અવગત કરાવતા દશાવતારનું સુંદર ઉદાહરણ આપી તેનું વૈજ્ઞાનિક જોડાણ વિશે રસપ્રદશૈલીમાં સમજ આપેલ હતી.કાર્યક્રમમાં સાંસદ પરસોતમભાઈ રૂપાલા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતાશ્રીમતી લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતી ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા, અધિકારીઓ લોકો ઉપસ્થિત રહ્યા હતાં.

### ઈનોવેટીવ ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ



ઈનોવેટીવ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થી મનવીર રાઠોડે ખેલમહાકુંભ જિલ્લાકક્ષા ૨૦૨૫માં અસાધારણ પ્રદર્શન કર્યું છે. મનવીરે ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ અને ૧૦૦ મીટર બટરફલાય સ્વિમિંગ ઈવેન્ટ્સમાં દ્વિતીય સ્થાન મેળવ્યું હતું, જેમાં અપાર પ્રતિભા અને દઢતાનું પ્રદર્શન કર્યું હતું.

### સંકલ્પ સિદ્ધ હનુમાનજી મહારાજને દિવ્ય શણગાર



રાજકોટ,તા.૨૫

કાલાવડ રોડ રાજકોટ સ્થીત શ્રી સંકલ્પ સિદ્ધ હનુમાનજી મંદિરે શ્રી સંકલ્પ સિદ્ધ હનુમાનજી મહારાજને દિવ્ય શણગાર કરવામાં આવ્યા હતાં.દાદાના દર્શન કરીને ભકતોએ ધન્યતા અનુભવી હતી.

---

# માણસ દગો આપે પણ પુસ્તક નહી આપેઃ મેયર

## રેસકોર્સમાં લિટરેચર ફિયેસ્ટા કાલે પણ ચાલુ રહેશેઃ બાળકોના સર્વાંગી વિકાસનો મનપાનો હેતુ

રાજકોટ,તા.૨૫

બાળકોના સર્વાંગી વિકાસની સાથે તેમનામાં રહેલી સુષુપ્ત આવડતો અને સર્જનાત્મકતાને વિકસાવવા માટે રાજકોટ મહાનગરપાલિકા તથા સરસ્વતી સ્કુલિંગ સિસ્ટમના સંયુક્ત ઉપક્રમે તા.૨૫ થી તા.૨૬ સુધી સવારે ૦૯:૦૦ કલાકથી સાંજના ૦૭:૦૦ કલાક સુધી ફૂટબોલ ગ્રાઉન્ડની બાજુમાં, બાલભવનથી આગળ, રેસકોર્ષ ખાતે લિટરેચર ફિએસ્ટા કાર્યક્રમનું આયોજન કરેલ છે. લિટરેચર ફિએસ્ટાનો શુભારંભ આજ તા.૨૫/૦૧/૨૦૨૫, શનિવારના રોજ સવારે ૦૯:૦૦ કલાકે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યો. આવતીકાલ તા.૨૬-૦૧-૨૦૨૫ના દિવસે પણ લિટરેચર ફિએસ્ટા કાર્યક્રમ ચાલુ રહેશે.

કાર્યક્રમનો મુખ્ય ઉદેશ સાહિત્યની પ્રવૃત્તિઓને વેગ મળે, બાળકો સાહિત્યમાં રસ લેતા કરી શકાય,પ્રત્યક્ષ અનુભવ દ્વારા શીખે, સમૂહજીવન અને સહકાર-ભાઈચારાના પાઠ શીખે, જાહેર જીવનમાં લોકો સાથે સંપર્ક સાધતા શીખે, તેનો આત્મવિશ્વાસ વધે, ''હું પણ કંઈક કરી શકું છું એવી ક્ષમતા અને ભાવના કેળવવાનો છે. આ કાર્યક્રમનું સંચાલન બાળકો દ્વારા કરવામાં આવે છે તેમજ કાર્યક્રમની




મુલાકાત માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવનાર છે.

આ તકે મેયર નયનાબેન પેઢડીયાએ જણાવેલ કે, માણસ એક વખત દગો આપે પરંતુ પુસ્તક કયારેય દગો નથી આપતા જે તે પુસ્તક લખાય ત્યારે અક્ષર નિર્જીવ હોય છે. પરંતુ જયારે કોઈ વ્યકિત વાંચન કરે એટલે પુસ્તક સજીવ થઈ જાય છે.શહેરના અલગ અલગ ઝોનમાં અદ્યતન સુવિધાયુકત ૭ લાઈબ્રેરી તથા ૨ મોબાઈલ લાઈબ્રેરી તેમજ ૬ જેટલા વિદ્યાર્થી વાંચનાલયની સુવિધા શહેરીજનો માટે ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. જેનો હજારોની સંખ્યામાં શહેરીજનો લાભ લઈ રહ્યા છે. રૂ.૫૦૦ ફી ભરપાઈ કરી આજીવન સભ્યપદ આપવામાં આવે છે. આ વાંચનાલયના માધ્યમથી ધાર્મિક, સામાજિક, નવલકથાઓ, મોટીવેશનલ, કારકિર્દીલક્ષી મેગેઝિન, સ્પર્ધાત્મક પરીક્ષા લગત પુસ્તકો વગેરેનો લાભ લઈ અનેક વિદ્યાર્થીઓનું ઘડતર થયેલ છે અને તે આવનારી પેઢી માટે ખુબ જ મહત્વની બાબત છે. આજના ટેક્નોલોજી આધારિત યુગમાં ઈન્ટરનેટના માધ્યમથી પણ અવનવા પુસ્તકો, સાહિત્ય, આર્ટિકલ્સ આંગળીનાં ટેરવે ઉપલબ્ધ છે જેનો મહત્તમ લાભ લેવા તેમજ આજથી શરૂ થતા આ બે દિવસીય લિટરેચર ફિએસ્ટાનો ભરપુર લાભ લેવા હું શહેરીજનોને ખાસ અપીલ અને આહવાન કરું છું.આ તકે ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ જણાવેલ કે, પુસ્તક વગરનું જીવન અધૂરું છે, વાંચે ગુજરાત, આગે બઢેગા ગુજરાત. આજના ટેક્નોલોજીના યુગમાં શેરી-ગલીઓની રમતો ભુલાતી જાય છે, બાળકો વાચવાનું ભૂલી ગયા છે, ત્યારે રાજકોટ મહાનગરપાલિકા અને સરસ્વતી સ્કૂલ દ્વારા આ નવો અભિગમ કરવામાં આવ્યો છે જ્યાં રમત સાથે ગમ્મત અને રમત સાથે અભ્યાસની પહેલ છે. આપણું ગુજરાત ઐતિહાસિક વારસાથી ભર્યું ગુજરાત છે. આ ઈવેન્ટના માધ્યમથી સાહિત્યકારો વિશે જાણકારી પ્રાપ્ત થાય છે. આ ઈવેન્ટનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે આપણા વારસા વિશે બાળકોને ઉજાગર કરીએ. બાળકમાં રહેલ કૌશલ્ય બહાર લાવીએ. રમતગમતની સાથે કૌટિલ્ય. આપણી સંસ્કૃતિ જ આપણો વારસો છે. સારું વિચાર બીજ હશે તો જ ભવિષ્યમાં વટવૃક્ષ મળી શકે.

આ લિટરેચર ફિએસ્ટા કાર્યક્રમમાં દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતીના વાઈસ ચેરમેન પરેશભાઈ આર. પીપળીયા, કોર્પોરેટર મંજુબેન કુગશિયા, ડે.કમિશનર હર્ષદ પટેલ, આસી. કમિશનર બી.એલ. કાથરોટીયા, ડાયરેક્ટર પાર્કસ એન્ડ ગાર્ડન ભાવેશ જાકાસણીયા, મેનેજર નીરજ વ્યાસ, સરસ્વતી સ્કૂલના ડાયરેક્ટર મેહુલભાઈ, રાજકોટ મહાનગરપાલિકાના અધિકારી-કર્મચારીઓ, પ્રેસ-મીડિયાના પ્રતિનિધિઓ, સંગઠનના હોદ્દેદારો તેમજ બહોળી સંખ્યામાં શહેરીજનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતાં.

---

# કાલે ગાંધી મ્યુઝીયમમાં બાળકોને ફ્રી પ્રવેશ

## ૧૨ વર્ષથી નાના ભૂલકાઓ બાપુનું જીવન જાણી શકશેઃ પ્રજાસત્તાક પર્વે મનપાની ભેંટ

રાજકોટ,તા.૨૫

મોહનદાસ ગાંધી વિદ્યાલય (આલ્ફ્રેડ હાઇસ્કુલ)માં પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો દર્શાવતું મ્યુઝિયમ બનાવવામાં આવ્યું છે જેનું લોકાર્પણ તા.૩૦/૦૯/૨૦૧૮નાં રોજ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. નાના બાળકો ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા મેળવે તેવા ઉમદા હેતુથી મહાત્મા ગાંધી મ્યુઝિયમની મુલાકાત માટે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં નિર્ણય કરવામાં આવેલ. જેના અનુસંધાને આવતીકાલ તા.૨૬/૦૧/૨૦૨૫ પ્રજાસત્તાક પર્વના દિવસે ૧૨ વર્ષ કે તેનાથી નાની વયના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.



આ મ્યુઝિયમમાં પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો, જીવનચરિત્રો ઓડિયો, વિઝ્યુઅલ અને એલ.ઇ.ડી. સ્ક્રીન મારફત દર્શાવામાં આવ્યા છે. મ્યુઝિયમમાં મ્યુઝિયમ ઉપરાંત વિવિધ આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે જેમાં, ટિકિટ વિન્ડો, ક્લોકરૂમ, મુલાકાત માટે ગાઇડની સુવિધા, વિશાળ પાર્કિંગ વ્યવસ્થા, ગાર્ડન, લાઇબ્રેરી, વી.આઇ.પી. લોંજ, કોન્ફરન્સ રૂમ, સોવિનીયર શોપ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધા છે. દરરોજ રાત્રે ૭ વાગ્યે પૂજ્ય ગાંધીજીના જીવનના આદર્શો દર્શાવતો લાઇટ એન્ડ સાઉન્ડ શો પ્રદર્શિત કરાય છે.

મહાત્મા ગાંધી મ્યુઝિયમના લોકાર્પણથી આજ સુધીમાં ૨૧૬૭ વિદેશી મુલાકાતીઓ, ૯૬૬૯૬ બાળકો સહીત કુલ ૩,૩૩,૯૮૭ મુલાકાતીઓએ મુલાકાત લઇ અભિભૂત થયા છે. દર વર્ષે ૨૬મી જાન્યુઆરી, ૩૦મી જાન્યુઆરી, ૧૫મી ઓગસ્ટ અને ૨-જી ઓક્ટોબર નિમિતે ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો માટે નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવે છે.

શહેરના ૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો પૂજ્ય મહાત્મા ગાંધીજીના જીવન પરથી પ્રેરણા અને આદર્શ મેળવે તે માટે આવતીકાલે વધુને વધુ બાળકો આ નિઃશુલ્ક સેવાનો લાભ મેળવે તે માટે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ અનુરોધ કર્યો છે.

---

# ભવન્સ કલ્ચરલ સેન્ટર અંધેરી (મુંબઈ) દ્વારા તા.૫ થી ૧૫ એલ.એલ.ડી.સી.નાટય સ્પર્ધાનું આયોજન

રાજકોટ,તા.૨૫

ગુજરાત રાજય સંગીતનાટક અકાદમીના આર્થિક સહયોગથી શ્રુજન એલ.એલ.ડી.સી. પ્રાયોજીત, ભવન્સ કલ્ચરલ સેન્ટર ,અંધેરી દ્વારા એલ.એલ.ડી.સી.નાટય સ્પર્ધા ૨૦૨૫નું આયોજન કરવામાં આવેલ છે. છેલ્લા સત્તર વર્ષથી પૂર્ણ કદના નાટકોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી તા.૫ થી ૧૫ ફેબ્રુ સુધી ભવન,ચોપાટી, મુંબઈ ખાતે ગોંડલ, ભૂજ, ભાવનગર, તથા સુરતમાં રજુ થયેલા નવા નોખા વિષયના ૨૨ નાટકોમાંથી પસંદગી પામેલા નાટકોની અંતિમ સ્પર્ધા યોજાશે તેમ નાટય લેખક, અભિનેતા બાબુલ ભાવસારે જણાવેલ છે.

# કાલે સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટનું ત્રીજુ સ્નેહમિલન યોજાશે

## પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસે સેવા સહકાર ચેરીટેબલ ટ્રસ્ટનું તૃતીય સ્નેહમીલનનું આયોજન રામ વીલા પાર્ટી પ્લોટ ખાતે કરવામાં આવેલ છે. જેમાં સેના સહકાર ચેરીટેબલ ટ્રસ્ટના તમામ સભ્યો, દાતાઓ તથા ટ્રસ્ટીઓ પાર્થરાજસિંહ ચૌહાણ, રવિભાઇ પાંચોટીયા, હાર્દિકભાઇ ગજેરા, હાર્દિક ડોડીયા, જલાધીભાઇ ઝવેરી તમામે જહેમત ઉઠાવી છે.પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે દેશભકતી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ છે જેમાં વડોદરાથી પીયુદાન ગઢવી, કિશન ગઢવી, મલ્હાર ગઢવી જેવા કલાકારો દ્વારા દેશભક્તિ તથા લોકસંગીતનું લાઇવ પરફોર્મન્સ આપવામાં આવશે.

# સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા મેગા બ્રાહ્મણ બિઝનેસ સમીટ-૪ યોજાશે

## આગામી તા.૧૫થી૧૭મી માર્ચ સુધી અમદાવાદ સાયન્સ સીટી ખાતે આયોજનઃ સમીટમાં ૩૦૦ જેટલા બ્રાહ્મણ ઉદ્યોગકારોનો સ્ટોલઃ વડાપ્રધાન-મુખ્યમંત્રી સમાજનાં આગેવાનો, સંતો, મહંતો, બ્રહ્મ સંસ્થાઓને આમંત્રીત કરાશે



રાજકોટ તા.૨૫

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) દ્વારા 'મેગા બ્રાહ્મણ બિઝનેસ સમીટ-૪' યોજવા જઈ રહ્યો છે તે અંતર્ગત અમદાવાદ સાયન્સ સીટી ખાતે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના મુખ્ય કન્વીનર ડો. યજ્ઞેશભાઈ દવે તેમજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના અધ્યક્ષ ભરતભાઈ રાવલે પત્રકાર પરિષદને સંબોધી હતી.

ભરતભાઈ રાવલે સંબોધન કરતાં જણાવ્યું કે, શ્રી સમસ્ત બ્રહ્મસમાજ રાજયકક્ષાની સ્થાપના ૧૯૮૭માં થઈ અને ઓલ ઈન્ડિયા લેવલે રજીસ્ટ્રેશન વર્ષ ૨૦૧૭માં કરવામાં આવ્યું. ત્યારબાદ ટિમ દ્વારા એ વખતના મુખ્ય સંગઠન કમલેશભાઈ તેમજ કાશી કાર્યકર્તાઓ દ્વારા સમાજના ઉત્થાન માટે એક નવો મોડ આપવાનું કામ કર્યું હતું તે આજે પણ અવિસ્મરણીય છે. અત્યાર સુધીમાં ૩ બિઝનેસ સમીટ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) દ્વારા યોજાયા છે અને આ સમીટ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા) દ્વારા યોજાયા છે અને આ સમીટ દ્વારા ૧૦ હજારથી વધારે બ્રાહ્મણ યુવક/યુવતીઓ જે રોજગાર વંચિત હતા તેમને રોજગાર પ્રાપ્ત થયો છે જેની નોંધ ગુજરાત સરકાર દ્વારા પણ લેવાઈ છે.

યજ્ઞેશ દવેએ પ્રેસ મીડીયાને સંબોધન કરતાં જણાવ્યું કે, ૪થી બિઝનેસ સમીટ અમદાવાદનાં સાયન્સસીટી ખાતે સાયન્સસીટી વિજ્ઞાનભવનના વિશાળ ડોમની અંદર આગામી ૧૫,૧૬,૧૭ માર્ચ ૨૦૨૫ના રોજ યોજવા જઈ રહી છે. જેમાં ૩૦૦ જેટલા બ્રાહ્મણ ઉદ્યોગકારોના સ્ટોલ હશે. બ્રહ્મસમાજ હંમેશના માટે મદદરૂપ રહ્યો છે અને સમાજ દ્વારા સમાજના જ વ્યક્તિઓને મદદરૂપ થઈ શકાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. 'સ્વ'નો નહીં પરંતુ 'સૌ' નો વિચાર કરે એ જ બ્રાહ્મણ.

આ મેળામાં ૩૦૦ જેટલા ઉદ્યોગકારોના પોતાના સ્ટોલ હશે સાથે સાથે બ્રાહ્મણ સિવાયના ઉદ્યોગકારોને પણ સ્થાન આપવામાં આવશે જેનો ઉદ્દેશ્ય બ્રહ્મસમાજના યુવાનોને રોજગારી આપવાનો હશે. આ સમીટમાં રોજગારી માટે માત્ર બ્રાહ્મણ યુવક અને યુવતીઓ ભાગ લઈ શકશે. આ સમીટમાં ગુજરાતના બ્રહ્મ સંતો અને મહંતો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પણ આમંત્રણ આપવામાં આવશે. આ સમીટમાં પણ તમામ પક્ષના નેતાગણને આમંત્રીત કરવામાં આવશે અને સરકારી અધિકારીશ્રીઓ દેશ વિદેશમાં બ્રહ્મસમાજનું નામ રોશન કર્યું છે તેવા લોકોનું પણ સન્માન કરવામાં આવશે. આ સમીટમાં મુલાકાતીઓ માટે નિઃશુલ્ક ભોજન વ્યવસ્થા પણ કરવામાં આવશે. બ્રાહ્મણ ઉદ્યોગકારોના સ્ટોલ પણ નોમીનલ કિંમતે આપવામાં આવશે. ભગવાન પરશુરામજીની વિશ્વની સૌથી મોટી ૧૦૧ ફુટની મૂર્તિનું અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે નિર્માણ કરવામાં આવશે અને તે એક વર્ષમાં ટુંક સમયમાં પૂર્ણ પણ કરવામાં આવશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં મહામંત્રીઓ ડો. અશ્વિનભાઈ ત્રિવેદી, ગીરીશભાઈ ત્રિવેદી, મુખ્ય સંગઠક અતુલભાઈ દીક્ષિત, પ્રવકતા દિનેશભાઈ રાવલ, યુવા વિભાગ કન્વીનર પાર્થ રાવલ, યુવા વિભાગ પ્રભારી ભરતભાઈ વ્યાસ, લીગલ વિભાગ કન્વીનર આશિષભાઈ મહેતા, આઈટી વિભાગ કન્વીનર અતુલભાઈ જોશી, મુકેશભાઈ રાવલ, પરીનભાઈ વ્યાસ સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.





# કેકેવી ચોક બ્રિજ હેઠળથી ગેમઝોન અન્યત્ર ફેરવોઃ કોંગ્રેસે મંતવ્યો લીધા-બુધવારે ધરણા

તસ્વીરઃ પંકજ શિશાંગીયા

## ટ્રાફિકગ્રસ્ત રસ્તા પર યોજના રદ્દ કરોઃ હેલ્પલાઈન જાહેર કરતા અતુલ રાજાણી

રાજકોટ,તા.૨૫

કાલાવડ રોડ પર બ્રિજ નીચે ગેમ ઝોન પ્રોજેક્ટ રદ કરવા અંગે કમિશનરને આવેદનપત્ર સુપ્રત કર્યા બાદ આજરોજ ગેમ ઝોનની પાસે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા સવારથી જ લોકોના, વેપારીઓના, વિદ્યાર્થીઓના અવરજવર કરતા શહેરીજનોના બ્રિજ નીચેના ગેમ ઝોન સાકાર થવો જોઈએ કે નહીં તે અંગેના અભિપ્રાયો મેળવવામાં આવેલ હતા તેમાંથી ૯૮ ટકા લોકો ગેમ ઝોન બ્રિજ નીચેની બદલે અન્ય સ્થળે બને તે જરૂરી છે અને બ્રિજ નીચે અને અહીંયા ટ્રાફિકની સમસ્યા થાય તેમ હોવાને પગલે નકારાત્મક રિપોર્ટ આપેલ છે. મ્યુનિસિપલ કમિશનર સાઈટ વિઝીટ કરી ગેમ ઝોનનો પ્રોજેક્ટ રદ કરે તેવી માંગ કરી છે.

આંદોલનના શ્રી ગણેશ કરતા જુદી જુદી ટીમો બનાવી અભિપ્રાય રાજકોટના કોઈપણ નગરજનો પોતાનો અભિપ્રાય આ ગેમ ઝોન અંગે આપવા માગતા હોય તો ફોર્મ ભરી અને હેલ્પલાઇન નંબર ૮૩૨૦૪ ૧૩૪૪૮ પર પણ પોતાનો અભિપ્રાય કોંગ્રેસ સમિતિને મોકલી આપી શકે છે.અંગે શાસકોએ બ્રિજ નીચે ગેમ ઝોનનો પ્રોજેક્ટ બનાવી બુદ્ધિનું દેવાળું ફૂંક્યું છે. અને સ્થાનિક રહેવાસીઓમાં પણ ભારે આક્રોશ છે. લોકોની નારાજગી હોવા છતાં શાસકોના લાભાર્થે જ્યારે ગેમ ઝોન બની રહ્યો છે. તે પ્રોજેક્ટ રદ કરવા અંગે તા.૨૯/૧ ને બુધવારે સવારે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં સ્થાનિક રહેવાસીઓ અને તેના વેપારીઓ અને શહેર કોંગ્રેસ સમિતિના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં જોડાશે. પ્રોજેક્ટ રદ કરવા અંગે શાસકો વિરુદ્ધ ભારે સૂત્રોચાર કરવામાં આવેલ હતા.

કાર્યક્રમમાં પ્રમુખ અતુલ રાજાણી ની આગેવાની હેઠળ, વશરામભાઈ સાગઠીયા, મહેશભાઈ રાજપુત, ડોક્ટર હેમાંગ વસાવડા, જશવંતસિંહ ભટ્ટી, નરેન્દ્રભાઈ સોલંકી, ધરમભાઈ કાબલિયા, અશોકસિંહ વાઘેલા, મેઘજીભાઈ રાઠોડ, દીપ્તિબેન સોલંકી,ગોપાલભાઈ અનડકટ,પ્રભાતભાઈ ડાંગર, સંજયભાઈ લાખાણી, કૃષ્ણદત રાવલ, રણજીત મુંધવા, ગોપાલભાઈ મોરવાડિયા, પાસવાનજી, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના આગેવાનો અને કાર્યકરોએ જોડાયા હતાં.

# અમદાવાદમાં બ્રિજહેઠળ ગેમઝોન બન્યો છેઃ કોંગ્રેસ પ્રજાને ગુમરાહ કરે છેઃ ઠાકર

## વિપક્ષને વિકાસ સાથે કંઈ લાગતું વળગતું નથી : સ્ટે.ચેરમેનને ઝાટકયા



રાજકોટ,તા.૨૫

કાલાવડ રોડ પર કેકેવી ચોકમાં બ્રિજ હેઠળ ગેમઝોનનું કામ ચાલી રહ્યું છે અને કોંગ્રેસે વિરોધ શરૂ કર્યો છે ત્યારે મનપા સ્ટે.કમિટીના ચેરમેન કોંગ્રેસ પાસે વિકાસની દિર્ઘદ્રષ્ટિ જ નહી હોવાથી પ્રજાને ગુમરાહ કરી રહ્યાનું જણાવ્યું છે.

ભાજપ પદઅધિકારીએ આજે જણાવ્યુ હતું કે તાજેતરમાં ગૃહપ્રધાન અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદના ગોતા બ્રિજ હેઠળ આવા જ રમત ગમત પ્રવૃતિના ઝોનનું ઉદ્ઘાટન કરાયું છે. લોકોને સલામતી સાથે રમતો રમવાની તક મળી છે. પ્રજાને કોઈ સમસ્યા નથી. ત્યા પણ ૧૦૦ ફુટનો રોડ છે. લોકોને ઈન્ડોર ગેમ રમવા મળી છે.સુરત અને વડોદરામાં પણ કામ ચાલુ છે. પરંતુ રાજકોટમાં કોંગ્રેસ વિકાસ આડે આવીને પ્રજાની આંખે પાટા બાંધે છે. નગરજનોને શ્રેષ્ઠ સ્પોર્ટ સુવિધા મળવાની છે. સ્ટે.કમિટીમા કામની મંજુરી મળી ત્યારે કોંગ્રેસ કયા હતી?

કોગ્રેસના કહેવાતા નેતાઓ પ્રજાને ગુમરાહ કરવા નીકળ્યા છે. વિપક્ષ ભૂતકાળમાં પાણી અને ગટરની લાઈનના કામોનો પણ વિરોધ કરી ચુકી છે. વિકાસ અને કોંગ્રેસ હવે વિરોધ આભાસી શબ્દો બન્યા છે. વિપક્ષનું કામ હવનમાં હાંડકા નાખવા જેવું બન્યું છે. અને તેમની પાસે કોઈ મુદ્દા પણ રહ્યા નથી તેમ તેઓને જણાવ્યું હતું.



# બંધારણના મૂલ્યોની રક્ષા સૌની ફરજઃ ગણતંત્ર દિનની મનપા દ્વારા શુભેચ્છા

રાજકોટ,તા.૨૫

'પ્રજાસત્તાક દિન' અથવા 'ગણતંત્ર દિવસ' ૨૬ જાન્યુઆરી, ભારતનો રાષ્ટ્રીય તહેવાર છે. આ દિવસે ઇ.સ.૧૯૫૦માં ભારતનું બંધારણ અમલમાં આવ્યુ હતુ અને ભારત બ્રિટિશ વાલીપણા હેઠળનાં દેશમાંથી સંપૂર્ણ 'પ્રજાસત્તાક' (ગણતંત્ર) દેશ બન્યો હતો.

આથી પ્રતિવર્ષ ૨૬ જાન્યુઆરીનો દિવસ દેશભરમાં 'પ્રજાસત્તાક પર્વ' તરીકે ઊજવવામાં આવે છે.

'ગણતંત્ર દિવસ, સાથે દેશની અનેક મહત્વપૂર્ણ યાદો જોડાયેલી છે,આઝાદી પછી ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે દેશમાં બંધારણ લાગુ થયુ,જે અંતર્ગત ભારતને એક લોકશાહી ગણતંત્ર રાષ્ટ્ર જાહેર કરવામાં આવ્યુ હતું .

મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમન જયમીન ઠાકર, નેતા લીલુબેન જાદવ અને શાસકક્ષ દંડક મનીષભાઈ રાડિયાએઆ ૭૬ મા 'પ્રજાસત્તાક પર્વ'નિમિતે આપણે બધા દેશ પ્રત્યે પોતાના સંકલ્પને દોહરાવતાબંધારણના મૂલ્યોની રક્ષા માટે સંકલ્પબદ્ધ બનવા આહવાન કરેલ છે તેમજ શહેરીજનોને ૭૬ માં 'પ્રજાસત્તાક પર્વ'ની શુભેચ્છા અને શુભકામનાઓપાઠવેલ છે.

## હઝરત ચીથરીયા પીર-શાહ સુલ્તાન શાહ પીરનો ઉર્ષ મુબારક ઉજવાશે

આજે શનિવારે સાંજે ૫:૦૦ વાગ્યાથી લાખો હિન્દુ-મુસ્લિમોની શ્રધ્ધા તથા કોમી એકતાના પ્રતિક સમાન રાજકોટના સુપ્રસિધ્ધ '' હઝરત ચીથરીયા પીર-શાહ સુલ્તાન શાહ પીરનો ઉર્ષ મુબારક ઉજવાશે. દર વર્ષની જેમ શાનો-સોકતથી જામનગર રોડ-ઘંટેશ્વર પાર્ક-પરોઠા હાઉસ સામે હાજર રહેલ મુરીદો-શ્રધ્ધાળુઓ દ્વારા સંદલ શરીફ- ચઢાવી ચાદર-ફુલ-શ્રીફળ ચઢાવી ઉર્ષ શરૂ કરવામાં આવશે.ત્યાર બાદ હાજર રહેલ મુરીદો-શ્રધ્ધાળુઓને સાંજે ૬:૩૦ વાગ્યા બાદ આમ ન્યાઝ(પ્રસાદી) તકસીમ કરવામાં આવશે.

# તા.૩૦ના ગાંધી નિર્વાણ દિને કતલખાના બંધ રાખવા આદેશ

રાજકોટ, તા.૨૫

આગામી તા.૩૦-૧૦ના રોજ મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા તમામ પ્રકારના કતલખાનાઓ બંધ રાખવા કમિશ્નર તુષાર સુમેરાએ જાહેરનામુ બહાર પાડ્યું છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર સામે જીપીએમસી કાયદા હેઠળ અને કોર્પો.ના બાયલોઝ હેઠળ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવા સોલીડ વેસ્ટ વિભાગે જણાવ્યું છે.

## નેમિનાથ વીતરાગ સ્થા.જૈનસંઘના આંગણે આવતીકાલે આંખની તપાસણીનો નિઃશુલ્ક કેમ્પઃ રજીસ્ટ્રેશન જરૂરી

રાજકોટ,તા.૨૫

નેમિનાથ વીતરણ સ્થાનકવાસી જૈન સંઘના ઉપાશ્રયે ડો.અગ્રવાલ આઈ હોસ્પિટલ તથા ડો.ધ્રુવઆઈ હોસ્પિટલના ઉપક્રમે આવતીકાલ તા.૨૬ના રવિવારે સવારે ૧૦ થી ૧ સુધી નિઃશુલ્ક આંખની તપાસનો કેમ્પ યોજવામાં આવેલ છે. આ કેમ્પનો લાભ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રજીસ્ટ્રેશન ઉપાશ્રયની ઓફિસ પર આજે સાંજના ૫:૩૦ થી ૮ દરમ્યાન કરાવી લેવા સંઘ પ્રમુખ ભરતભાઈ દોશીએ જણાવેલ છે.



# સેવાકીય કાર્યો સાથે જન્મદિન ઉજવતા ઉદય કાનગડ

આજે ૨૫ જાન્યુઆરીના રોજ વિધાનસભા-૬૮ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદય કાનગડનો જન્મદિવસ છે. ધારાસભ્ય દ્વારા જન્મદિવસની ઉજવણી વિવિધ સેવાકાર્યોના માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં આંગણવાડી ઝુંપડપટ્ટીના બાળકોને બિસ્કીટ અને વેફર્સનું વિતરણ, એકરંગ સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોને ભોજન, વિતરણ કરાવવામાં આવેલ હતું.આ તકે વહેલી સવારથી ધારાસભ્ય ઉદય કાનગડને પેડક રોડ સ્થિત વિધાનસભા-૬૮ના જનસેવા કાર્યાલય ખાતે પાર્ટીના હોદેદારો, વરીષ્ઠ અગ્રણીઓ, પાર્ટીના તમામ શ્રેણીના કાર્યકર્તા ભાઈ-બહેનો, વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાના શ્રેષ્ઠીઓ શહેરીજનો દ્વારા જન્મદિવસની સ્નેહભરી શુભેચ્છા પાઠવવામાં આવેલ હતી.જે બદલ આભાર વ્યકત કરેલ હતો.તેમ ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા અને જનસેવા કાર્યાલયના મનસુખભાઈ પીપળીયાએ જણાવ્યું હતું.

# શહેરીજનોને પ્રજાસત્તાક દિનની શુભેચ્છા પાઠવતા ધારાસભ્ય ઉદય કાનગડ



રાજકોટ,તા.૨૫

૬૮ રાજકોટના ધારાસભ્ય ઉદય કાનગડએ શહેરીજનોને આવતીકાલે તા.૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવતા જણાવેલ કે દેશના સ્વતંત્ર સેનાનીઓના ખુબ જ લાંબા સંઘર્ષ બાદ ભારતને ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ના દિવસે આઝાદ કરાવ્યો અને આઝાદી મળ્યાના લગભગ અઢી વર્ષ બાદ ભારતમાં પોતાનું સંવિધાન લાગુ કરવામાં આવ્યું હતું.ભારતનું સંવિધાન દુનિયાનું સૌથી મોટું સંવિધાન છે.જેમાં ૩૯૫ અનુચ્છેદ અને ૧૨ અનુસૂચિયો છે.તા.૨૬ ૧૯૫૦ના દિવસે સંસદ દ્વારા સંવિધાનને બહુમતી દ્વારા પસાર કરી અમલમાં મુકવામાં આવ્યું એકતા અને તાકાતના પ્રતિક એવા રાષ્ટ્રીય પર્વ ગણતંત્ર દિને આખા દેશમાં ખુબ ઉત્સાહ અને વિશેષ રૂપે રાજધાનીની સાથે મનાવવામાં આવે છે.

ત્યારે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ કાળની ઉજવણી કરી રહ્યો છે.સમગ્ર દેશની વિરાસત અને ઈતિહાસને ઉજાગર કરવાનો ભવ્ય પ્રયાસ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે.તેમ અંતમાં શહેરીજનોને પ્રજાસત્તાક દિવસની શુભેચ્છા પાઠવતા અંતમાં ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું.

# સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હિલ્સ દ્વારા ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે ૧૭મો યુથ વેલનેસ કેમ્પ યોજાશે

## ૧૦૬૩ જેટલાં વિદ્યાર્થીઓની નિઃસ્વાર્થભાવે તબીબી તપાસ મળશે

રાજકોટ, તા.૨૫

યુવા પ્રગતિ, યુ.એસ.એ. અને સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હિલ્સ-રાજકોટ દ્વારા ગ્રામીણ વિદ્યાર્થીઓ માટે ૧૭મો યુથ વેલનેસ કેમ્પ યોજાશે. આ વર્ષના યુથ વેલનેસ કેમ્પનું આયોજન યુવા પ્રગતિ, યુ. એસ. એ. ના સૌજન્યથી યુ.એસ.એ.થી સ્વખર્ચે પધારેલા વિવિધ રોગોના નિષ્ણાત ૧૫ સેવાભાવી ડોકટરો, ૦૪ વ્યવસ્થાપકો તથા ૦૨ સ્થાનિક ડોક્ટર્સ, ૦૫ ફાર્માસીસ્ટ, ૦૬ નર્સ વગેરેની મેડિકલ ટીમ અને ૭ વ્યવસ્થાપક કાર્યકરોની ટીમ આ કાર્યમાં સેવા આપશે.

આ સભ્યોની ટીમ દ્વારા સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઓન વ્હીલ્સ સંલગ્ન ગ્રામીણ વિસ્તારની નિવાસી શાળાઓ જીવનજ્યોત શૈક્ષણિક સંકુલ, બોઘરાવદર, તા. જસદણ, જિ. રાજકોટ, એચ. ડી. ગાર્ડી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, વાંગધ્રા, તા. વિંછિયા, જિ. રાજકોટ,પી. જે. શેઠ ઉત્તર બુનિયાદી વિદ્યાલય, સાપર, તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર, ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલય, ભીમોરા, તા. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર, અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, ભીમોરા, તા. ચોટીલા તથા અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, કુવાડવા, તાલુકો, જિલ્લો રાજકોટમાં યોજવામાં આવેલ છે. આરોગ્ય ચકાસણીના આ કાર્યક્રમમાં ૧૦૬૩ જેટલાં વિદ્યાર્થીઓની નિઃસ્વાર્થભાવે તબીબી તપાસ કરવા માટે તા. ૨૮-૦૧-૨૦૨૫, મંગળવારથી તા. ૦૧-૦૨-૨૦૨૫, શનિવારના દિવસો દરમિયાન આયોજન કરેલ છે. આરોગ્ય ચકાસણી દરમિયાન જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક દવા, સારવાર તથા યુવાપ્રગતિ યુ. એસ. એ. દ્વારા વિદ્યાર્થીઓને ડેન્ટલ કીટ તથા સ્પોર્ટસ કીટ ભેટ આપવામાં આવશે.

# કાલે રાજકોટ હાલારી શ્રીમાળી સોની યુવક મંડળ દ્વારા ૩૯માં સમુહ લગ્નોત્સવનું આયોજન

## લગ્નોત્સવમાં પાંચ નવ-યુગલો પ્રભુતામાં પગલા માંડશે



રાજકોટ, તા.૨૫

રાજકોટ હાલારી શ્રીમાળી સોની યુવક મંડળ દ્વારા સમસ્ત શ્રીમાળી સોની સમાજ માટે ૩૯માં સમુહ લગ્નોત્સવ આવતીકાલે આયોજન કરેલ છે. આ શુભ લગ્નસ્થળ બંધન પાર્ટી લોન્સ, ધ વન વર્લ્ડ ની સામે, અયોધ્યા ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ રાખેલ છે. આ કાર્યક્રમ નું ઉદઘાટન અશોકભાઈ મથુરદાસ ઝીંઝુવાડીયા (શ્રી રાજકોટ હાલારી શ્રીમાળી સોની સમાજના પ્રમુખ ત્થા યુવક મંડળના સલાહકાર) ના હસ્તે કરવામાં આવશે.

આ સમુહ લગ્નોત્સવમાં પાંચ નવ-યુગલો પ્રભુતામાં પગલા માંડશે. જેમને પુ.પા.ગૌ.૧૦૮ અનિરૂદ્ધબાવા આશીવાદ આપવા પધારશે. સમુહ લગ્નોત્સવમાં મુખ્ય મહેમાન ઓ અતિથિ વિશેષ ઓ રીઝર્વ ફંડના દાતા ઓ દ્વારા સહયોગ મળેલ છે. દિકરીઓને આણામાં સોનાની ચુડલી, સોનાનીબુટી, સોનાનુપેંડન્ટ, સોનાની ચંક વિ. ચાંદીના સાંકડા, ફેરીયા, વિંછીયા, વિ.તેમજ જીવન જરૂરીયાતની ૧૪૦ થી વધુ વસ્તુઓ આપવામાં આવશે. યુવક મંડળ દ્વારા દિકરીઓને ઘરઘંટી, ડબલ બેડ પેટી પલંગ, કબાટ, ટીપોઈ અને માઈક્રોવેવ ઓવન આપવામાં આવશે.

સમહ લગ્નોત્સવના ગૃહશાંતિના યજમાન ગૌ. વા. ભીખાલાલ દુર્લભજીભાઈ લાઠીગરા ત્થા ગૌ.વા.નિર્મળાબેન ભીખાલાલ લાઠીગરા હ. દિપકભાઈ મુળજીભાઈ લાઠીગરા, રાજકોટ તેમજ વિશેષ ઉપસ્થિતિ તરીકે અ.સૌ. સુધાબેન નયનકુમાર ફીચડીયા (દુબઈ) તેમજ ગૌ.વા.પરસોતમ કાલીદાસ લાઠીગરા (ભાયાવદરવાળા) પરિવાર શોભાવશે.

આ સમુહ લગ્નોત્સવની સાથોસાથ યુવક મંડળ દ્વારા એક રકતદાન કેમ્પનું આયોજન કરેલછે. જેમાં રકતદાતાઓને આકર્ષક ભેંટ આપવામાં આવશે. સમગ્ર ભારતભરમાં આ પ્રથમ સંસ્થા છે જે સળંગ ૩૯મા સમુહ લગ્નોત્સવનું આયોજન કરવા જઈ રહી છે. અત્યાર સુધીમાં અંદાજીત ૭૫૦ નવ-યુગલોને સમુહ લગ્નોત્સવ દ્વારા પ્રભુતામાં પગલા પાડીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરાવેલછે.

# આવતીકાલે 'સંગીતમ્'સંસ્થાના ઉપક્રમે શાસ્ત્રીય નૃત્ય તથા બાળ શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન

રાજકોટ,તા.૨૫

શહેરમાં શાસ્ત્રીય ગાયન-વાદનનું તજજ્ઞ સંગીતજ્ઞો દ્વારા ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન પુરૂ પાડવા ઉપરાંત બૃહદ ગુજરાત સંગીત સમિતિ અમદાવાદ, અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય મીરજ દ્વારા લેવાતી શાસ્ત્રીય ગાયન-વાદનની પરિક્ષાની તૈયારી સહિત શાસ્ત્રીય સંગીતનો બહોળો પ્રચાર-પ્રસાર થાય તેવ હેતુ સાથે વણાયેલી સંસ્થા સંગીતમ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી આગામી તા.૨૬ જાન્યુઆરીના રોજ શાસ્ત્રીય નૃત્ય સાથેનો બાળ શાસ્ત્રીય સંગીત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

રાજકોટ એન્જીનિયરીંગ એસો. ઓડીટોરિયમ ખાતે સાંજે ૫ કલાકે યોજાનાર કાર્યક્રમમાં ધારાસભ્યો રમેશભાઈ ટીલાળા, ડો.દર્શિતાબેન શાહ, મેયર નયનાબેન પેઢડીયા કોર્પોરેટર નેહલભાઈ શુકલ, જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરા, કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલના ડાયરેક્ટર અશોકભાઈ પાંભર સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેશે.

વિવિધ સંસ્થાઓના બાળ કલાકારો દ્વારા શાસ્ત્રીય નૃત્ય, શાસ્ત્રીય ગાયન, તબલાવાદન વગેરેની વિવિધતા પ્રસ્તુત થશે. આ કાર્યક્રમમાં અંદાજે ૪૫ જેટલા બાળ કલાકારો શાસ્ત્રીય સંગીતની કલાના કામણ પાથરશે. તેમ સંગીતમ્ સંસ્થાના રોશનીબેન પંડયાએ એક યાદીમાં જણાવ્યું છે.

# તા.૩૦મીએ ગાંધી નિર્માણ દિને પૂ. ગાંધીજીને શ્રદ્ધાંજલી સાથે પ્રાર્થના સભાનું આયોજન

રાજકોટ તા.૨૫

પૂ. મહાત્મા ગાંધીજીની ૩૦મી જાન્યુઆરી ૨૦૨૫નાં રોજ ૭૭મી પુણ્યતિથિ નિમિતે ગાંધીજીના બાલ્યકાળનાં નિવાસસ્થાન કબા ગાંધીના ડેલામાં પૂજય મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલી અર્પવા દર વર્ષે આ દિવસે વિજ્ઞાન વકતાનું પ્રવચન રાખવામાં આવતું હોય છે.આ વખતે ભાવનગર સ્થિત મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનાં ભૂતપૂર્વ કુલપતિશ્રી, સમાજશાસ્ત્રી, કટારલેખક અને સંશોધક ડો. વિદ્યુતભાઈ જોશી ''૨૧મી સદીમાં યુવાપેઢી માટેની ગાંધીશૈલી'' વિષય ઉપર મુખ્ય પ્રવચન પોતાનું વકતવ્ય આપી શબ્દાંજલી અર્પણ કરશે. સાથે 'કબા ગાંધીનો ડેલો' કે જે ગાંધીપ્રણીત જીવનઘડતર સમો છે ત્યાં 'ગાંધીવિચાર દર્શન'નો યુવા પેઢી માટે અભ્યાસ વર્ગનો શુભારંભ પણ થનાર છે.

સાથોસાથ મહાત્મા ગાંધીજીને અત્યંત પ્રિય એવા રકતપિત નિર્મુલન કાર્યક્રમ અનુસાર રકતપિત મુક્ત દર્દીઓનું સમાજમાં પુનઃસ્થાપન કરવા માટે તેઓને સ્વરોજગારીનાં સાધનો પુરા પાડી સ્વતંત્ર રીતે પોતાના પગ પર ઉભા કરવાનો છેલ્લા ૨૩ વર્ષથી મહાલક્ષ્મી ફાઉન્ડેશન ટ્રસ્ટ તથા હરસુખભાઈ સંઘાણી મેમોરીયલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વખતે પણ ૫(પાંચ) રકતપિત રોગમુક્ત દર્દીઓનાં પુનઃવસન માટે સ્વરોજગારીના સાધનોના વિતરણનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

# મહાપ્રતાપ બાલાજી હનુમાન મહારાજને આજે કાળી દ્રાક્ષનો દિવ્ય અલૌકિક શણગાર

રાજકોટ,તા.૨૫



રાજકોટ શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે આજે શનિવારના પવિત્ર દિવસે મહાપ્રતાપી શ્રી બાલાજી હનુમાનજી મહારાજને કાળી દ્રાક્ષનો દિવ્ય અલૌકિક અને અદભુત શણગાર કરાયો છે.જેના દર્શન કરી ભકતોએ ધન્યતાની અનુભૂતિ કરી છે. આજે મારૂતિ યજ્ઞ પણ યોજાયો હતો, આજે હજારો ભક્તો બાલાજી દાદાના દર્શને પધારશે ,દાદાની રાજોપચાર પધ્ધતિથી થતી સંધ્યા આરતીનો લાભ લેશે આપ પણ પરિવાર સાથે દાદાના દિવ્ય અલૌકિક દર્શન કરી રાજોપચાર પદ્ધતિથી થતી સંધ્યા આરતીનો અલભ્ય લાભ લો તેમ શ્રી બાલાજી હનુમાનજી મંદિરની યાદીમાં જણાવાયુ છે.તેમજ આજે રાત્રે શ્રી અશ્વિનકુમારજી પાઠકના વકતાપદે સમૂહ સુંદર કાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.જેનો પણ અલભ્ય લાભ લેવા પધારવા અનુરોધ કરાયો છે.



# ભારત-તિબ્બત સંઘના હોદ્દેદારો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિની શુભેચ્છા મુલાકાતે

ભારત-તિબ્બત સંઘના હોદ્દેદારો સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના નવા વરાયેલા વાઈસ ચાન્સેલર ડો.ઉત્પલ જોષીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે વિવિધ બાબતો અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. કુલપતિ ઉત્પલ જોષી એ સૌને આવકાર્યા હતા. આ શુભેચ્છા મુલાકાત વખતે મહિલા વિભાગના પ્રદેશ પ્રમુખ ડો.મૃણાલીનીબેન ઠાકર, એડવોકેટ-ડો. નિખીલભાઈ ભટ્ટ, દિવ્યાબેન ભટ્ટ, ડો.નિલમબેન પરમાર વિગેરે હોદ્દેદારો જોડાયા હતા.

### લિવ ઈન સંબંધો અંગે અલ્હાબાદ હાઈકોર્ટનો મોટો ચુકાદો

# લિવ ઈન રિલેશનશિપને સામાજીક સ્વીકૃતિ નથી, આ સંબંધની સીમાઓ નકકી કરવાની જરૂર છેઃ હાઈકોર્ટ

## લિવ ઈનમાં લગ્નના બહાને શારીરિક સંબંધનો આરોપ મહિલાએ પાર્ટનર સામે લગાવેલોઃ બન્ને પક્ષની દલીલો સાંભળી હાઈકોર્ટે આરોપીને જામીન આપ્યા

અલાહાબાદ તા.૨૫

લિવ ઇન રિલેશનશિપને લઈને અલ્હાબાદ હાઈકોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે. હાઈકોર્ટની બેન્ચે લગ્નના બહાને શારીરિક સંબંધોનો મામલો પતાવી દીધો છે. બંને પક્ષકારોને સાંભળ્યા બાદ બેન્ચે નિર્ણય લીધો કે લિવ-ઈન-રિલેશનશિપને સામાજિક રીતે સ્વીકારવામાં આવતી નથી, પરંતુ યુવાનોમાં આ સંબંધ પ્રત્યે આકર્ષણ છે. તેથી હવે સમય આવી ગયો છે કે સમાજના નૈતિક મૂલ્યોને બચાવવા માટે આ સંબંધની રૂપરેખા કે નિયમો પણ નક્કી કરવા જોઈએ.



જસ્ટિસ નલિન કુમાર શ્રીવાસ્તવે વારાણસીના આકાશ કેશરીને જામીન આપતાં આ ટિપ્પણી કરી હતી. કેશરી પર લગ્નના બહાને એક મહિલા સાથે શારીરિક સંબંધ બાંધવાનો આરોપ હતો. તેમની સામે ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો અને એસસી/એસટી એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. કેશરીએ મહિલા સાથે લગ્ન કરવાનો ઇનકાર કર્યો હતો, તેથી તેણે તેની વિરુદ્ધ વારાણસીના સારનાથ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

અહેવાલ મુજબ, આરોપી કેશરીએ આ કેસમાં હાઈકોર્ટમાં જામીન માંગ્યા હતા અને તેના વકીલે દલીલ કરી હતી કે મહિલાએ ખોટી વાર્તા બનાવી છે. તે પુખ્ત હતી અને કેશરી સાથે સ્વેચ્છાએ રહેતી હતી. બંને વચ્ચે શારીરિક સંબંધો પણ સહમતિથી હતા. બંને લગભગ ૬ વર્ષથી લિવ-ઈન રિલેશનશિપમાં રહે છે અને આ ૬ વર્ષમાં તેણે ગર્ભપાત પણ કરાવ્યો નથી. કેશરીએ મહિલા સાથે લગ્ન કરવાનું વચન પણ આપ્યું ન હતું. આવી સ્થિતિમાં કેશરી પર તેમનો આરોપ વ્યાજબી નથી. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ જસ્ટિસ નલિન કુમાર શ્રીવાસ્તવે પોતાનો ચુકાદો આપ્યો હતો. તેમણે કેશરીને જામીન આપતાં જણાવ્યું હતું કે લિવ-ઈન રિલેશનશિપને કોઈ સામાજિક સ્વીકૃતિ મળી નથી પરંતુ યુવા પેઢી આવા સંબંધો તરફ આકર્ષાય છે. તે પુરુષ હોય કે સ્ત્રી, કારણ કે બંને પોતાના પાર્ટનર પ્રત્યેની જવાબદારીઓમાંથી સરળતાથી ભાગી શકે છે, આવા સંબંધો પ્રત્યે તેમનું આકર્ષણ ઝડપથી વધી રહ્યું છે, પરંતુ હવે આ સંબંધમાં સીમાઓ નક્કી કરવાની જરૂર છે.

મહત્વનું છે કે ભારતમાં લિવ-ઈન-રિલેશનશિપને લઈને બંધારણ હેઠળ કોઈ કાયદો નથી બન્યો, પરંતુ સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો છે કે લગ્ન વિના લિવ-ઈન રિલેશનશિપમાં રહેવું કાયદા હેઠળ ગુનો નથી, પરંતુ તે આ સંબંધમાં રહેતા દંપતીની ઉંમર ૧૮ વર્ષથી વધુ હોવી જોઈએ અને બંનેએ સંબંધમાં રહેવા માટે સંમતિ આપવી જોઈએ.

માતાપિતા, મિત્રો અથવા સંબંધીઓ તેમના સંબંધોમાં દખલ કરી શકતા નથી. લિવ-ઇન મહિલાઓને ઘરેલું હિંસા સામે રક્ષણ મેળવવાનો અધિકાર છે. આ સંબંધમાં રહેતાં જો સંબંધો બંધાય તો જન્મેલો બાળક કાયદેસર કહેવાય. પોલીસ આ સંબંધમાં રહેતા લોકોને માંગણી પર સુરક્ષા આપશે.

# સ્કાય ફોર્સની રિલીઝના દિવસે જ અક્ષય કુમારને મોટો આંચકો : અમુક દેશોમાં ફિલ્મ પર પ્રતિબંધ



નવી દિલ્હી ,તા.૨૫

અક્ષય કુમારની ફિલ્મ શુક્રવારે જ રિલીઝ થઈ હતી અને રિલીઝના દિવસે જ ફિલ્મને લઈને એક ખરાબ સમાચાર આવ્યાં હતાં. અક્ષયના ચાહકો આ સમાચાર સાંભળીને નિરાશ થઈ જશે.

અક્ષય કુમાર અને વીર પહરિયાની ફિલ્મ સ્કાય ફોર્સને ઘણો સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. દર્શકો અને વિવેચકો પણ આ ફિલ્મને પસંદ કરી રહ્યાં છે, પરંતુ આ દરમિયાન ચાહકો માટે એક ખરાબ સમાચાર આવ્યાં છે. મિડલ ઈસ્ટમાં ફિલ્મને ઝટકો લાગ્યો છે. વાસ્તવમાં, આ ફિલ્મ પર મધ્ય પૂર્વમાં ઘણી જગ્યાએ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. અક્ષયની સ્કાય ફોર્સ પર યુએઈ, સાઉદી અરેબિયા, કતાર, ઓમાન વગેરે દેશોમાં પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**શા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો ? :-**

મધ્ય પૂર્વમાં ફિલ્મ પર શા માટે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તે અંગે કોઈ સત્તાવાર કારણ જાણી શકાયું નથી, પરંતુ સૂત્રોનું માનીએ તો, ફિલ્મમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેનાં તણાવને કારણે આવું પગલું ભરવામાં આવ્યું હતું. અગાઉ પણ મિડલ ઈસ્ટમાં આવી ફિલ્મો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને આ જ કારણ હોઈ શકે છે કે આ વખતે પણ સ્કાય ફોર્સ સામે કાર્યવાહી કરવામાં આવી છે.

અહેવાલો અનુસાર, 'પાકિસ્તાન પર સ્કાય ફોર્સ દ્વારા કોઈ હુમલો થયો નથી, જેમ કે અન્ય કેટલીક ફિલ્મોમાં થાય છે. આ કારણોસર મધ્ય પૂર્વમાં આ ફિલ્મ પર પ્રતિબંધ આશ્ચર્યજનક છે. ભૂતકાળમાં પણ મિડલ ઈસ્ટમાં બોલિવૂડની ઘણી ફિલ્મો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. દીપિકા પાદુકોણ અને રિતિક રોશનના ફાઈટર પર પણ કાર્યવાહી કરવામાં આવી છે. મધ્ય પૂર્વમાં પણ તેનાં પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

અક્ષયની આ ફિલ્મ શુક્રવારે બોક્સ ઓફિસ પર રિલીઝ થઈ છે. આ ફિલ્મ ૧૯૬૫માં ભારત-પાકિસ્તાન યુદ્ધ પર બની છે. સૈનિકના રિપોર્ટ અનુસાર, ફિલ્મને પહેલાં દિવસે સારી ઓપનિંગ મળી છે. અંદાજે ૫.૫ કરોડની કમાણી કરી છે. આ ફિલ્મમાં સારા અલી ખાન, નિમૃત કૌર અને શરદ કેલકર પણ છે.

# મુંબઈમાં ફર્નિચર માર્કેટમાં ભીષણ આગ ભભૂકીઃ ૫૦ ગોડાઉનો બળીને ખાખ

## જાનહાની નહી, કરોડોનું નુકશાન, આગનું કારણ અકળ

મુંબઈ,તા.૨૫

મુંબઈના ગોરેગાંવ પૂર્વમાં રહેજા બિલ્ડીંગ પાસે ખડકપાડા ફ્નીચર માર્કેટમાં આજે આગ લાગી હતી. આ આગમાં ૫૦ ગોડાઉન બળીને ખાખ થઈ ગયા છે. આગ સવારે લાગી હતી. આ ઘટનાની જાણકારી મળતા જ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને આગને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો.



પોલીસના જણાવ્યા અનુસાર આ દુર્ઘટના મલાડ પૂર્વના ખડગ પાડામાં થઈ હતી. પોલીસે આસપાસની દુકાનો ખાલી કરાવી દીધી છે. ફાયર બ્રિગેડની ૧૫ ગાડીઓ આગ ઓલવવામાં લાગી છે. ઘટનાસ્થળે ૫ એમ્બ્યુલન્સને પણ બોલાવવામાં આવી છે. મળતી માહિતી મુજબ સાંકડી ગલીઓના કારણે આગ ઓલવવામાં મુશ્કેલી પડી રહી છે. કેમિકલ ફેક્ટરી, લાકડા, રબર અને કપડાના ગોદામમાં આગ લાગી છે. સોશિયલ મીડિયા પર વાઇરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે આગની જ્વાળાઓ દૂરથી દેખાઈ રહી છે

આગ બાદ ઘટનાસ્થળે અફરાતફરીનો મચી હતી.જો કે, એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આગમાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ બુઝાવવામાં આવી રહી છે, લોકોને નજીકના ગોડાઉનમાંથી બહાર કાઢવામાં આવ્યા છે.એક અધિકારીએ જણાવ્યું કે આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# રામચરણની 'ગેમ ચેન્જર' વેલેન્ટાઇન ડે પર ઓટીટી પર રીલીઝ થશે

## રામ ચરણ અને કિયારા અડવાણીની ફિલ્મ ગેમ ચેન્જર ૧૪ ફેબ્રુઆરીના રોજ એમેઝોન પ્રાઈમ વિડીયો પર રીલીઝ થશે

નવી દિલ્હી,તા.૨૫

રામ ચરણ અને કિયારા અડવાણીની ફિલ્મ 'ગેમ ચેન્જર' બોક્સ ઓફિસ પર ખૂબ જ ધૂમધામ સાથે રિલીઝ થઈ હતી, પરંતુ દર્શકોએ તેને ખૂબ જ મિશ્ર પ્રતિસાદ આપ્યો હતો. ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મ ૧૨ દિવસમાં દેશમાં ૧૪૭ કરોડ રૂપિયાની કમાણી કરી છે. જો કે, રામ ચરણના ડબલ રોલમાં તેની વિસ્ફોટક એક્શનની પણ ઘણી પ્રશંસા કરવામાં આવી છે. હવે એવી ચર્ચા છે કે થિયેટરોમાં થયેલાં નુકસાનને વસૂલવા માટે નિર્માતાઓ ટૂંક સમયમાં ફિલ્મને ઓટીટી પર રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યાં છે. આ માટે કરોડોની ડીલ કરવામાં આવી છે. ઉપરાંત, જો બધું બરાબર રહેશે, તો આ ફિલ્મ આવતાં મહિને ફેબ્રુઆરીમાં ઓટીટી પર રીલીઝ થશે.




શંકરનાં નિર્દેશનમાં બનેલી 'ગેમ ચેન્જર'ની ઓટીટી રિલીઝ વિશે 'ઓટીટી પ્લે'એ આ સમાચાર આપ્યાં છે. રિપોર્ટમાં ફિલ્મનાં નિર્માતાઓની નજીકનાં એક સૂત્રને ટાંકીને કહેવામાં આવ્યું છે કે, 'ફિલ્મનાં નિર્માતા દિલ રાજુએ અગ્રણી ઓટીટી પ્લેટફોર્મ એમેઝોન પ્રાઇમ વીડિયો સાથે મોટો સોદો કર્યો છે. આ ડીલ ફાઈનલ થઈ ગઈ છે અને 'ગેમ ચેન્જર' આવતાં મહિને ફેબ્રુઆરીમાં એમેઝોન પ્રાઈમ વિડિઓ પર રિલીઝ થવાની છે.

**ઓટીટી પર 'ગેમ ચેન્જર' ક્યારે આવશે :-**

આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે 'ગેમ ચેન્જર' ૧૪ ફેબ્રુઆરીએ પ્રાઇમ વીડિયો પર રિલીઝ થઈ શકે છે. વેલેન્ટાઈન ડેને ધ્યાનમાં રાખીને રામ ચરણ અને કિયારાના ચાહકો માટે પણ આ એક ભેટ હશે. જોકે, તેમાં એક ટ્વિસ્ટ છે. એવું માનવામાં આવે છે કે ફિલ્મનું હિન્દી ડબ વર્ઝન હાલમાં ઓટીટી પર રિલીઝ કરવામાં આવશે નહીં જોકે હજુ સુધી તેની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.

**'ગેમ ચેન્જર'નું બજેટ અને કાસ્ટ :-**

૫૦૦ કરોડના જંગી બજેટ સાથે 'ગેમ ચેન્જર' બનાવવામાં આવી હતી. જ્યારે રામ ચરણ ફિલ્મમાં ડબલ રોલમાં છે, ત્યારે કિયારા અડવાણીએ પણ તેમાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આ ફિલ્મમાં એસજે સૂર્યાહ, શ્રીકાંત અને જયરામ પણ છે.

### જૈનાચાર્ય પૂ. અશોકસાગર સૂરિજી મ. આદિની પાવન નિશ્રામાં

# પાલીતાણા નજીક કુંભણ ગામે વિજ્ઞાન તીર્થ શંખેશ્વરપુરમ જિનાલયનો ઉજવાતો પ્રતિષ્ઠા મહોત્સવઃ સોમવારે પ્રતિષ્ઠા

રાજકોટ, તા.૨૫

પાલીતાણા નજીક શંખેશ્વર દાદા જેવા જ મુળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ જ્યાં પ્રતિષ્ઠિત છે તેવા વિજ્ઞાનતીર્થ શંખેશ્વરપુરમના આંગણે કુંભણ ગામ અમદાવાદથી પાલીતાણા હાઈવે ઉપર પાલીતાણાથી ૧૫ કિમી દૂર દોઢસો જૈન તીર્થંકર ભગવાનોના અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તા.૨૨થી તા.૨૭ ઉજવાશે જેમાં નિશ્રાદાતા શ્રી પરમ પૂજ્ય આચાર્ય શ્રી અશોકસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ અને જેના પ્રેરણાદાતા છે તેવા પરમ પૂજ્ય આચાર્ય લબ્ધીચન્દ્ર સાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તેમજ ૧૦૦થી વધુ સાધુ સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં જિનેશ્વર પરમાત્માના પાંચ કલ્યાણકોની ભવ્ય ઉજવણી સાથે તા.૨૭ જાન્યુ.એ પવિત્ર મુહૂર્તે ૧૫૦ જિનબંબોની પ્રતિષ્ઠા ભારે ઉલ્લાસ ઉમંગપૂર્વક ઉજવાશે. પાંચ કલ્યાણક એટલે પરમાત્મા સ્વર્ગમાંથી પામે તે ચવનકલ્યાણક, પરમાત્માનો જન્મ થાય તે જન્મ કલ્યાણક, પ્રભુનો દીક્ષાનો સ્વીકાર તે દીક્ષા કલ્યાણ, પ્રભુને કેવળ જ્ઞાન થાય તેનું નામ કેવળજ્ઞાન કલ્યાણક અને પ્રભુ



મોક્ષ પધારે તે નિર્વાણકલ્યાણ કહેવાય છે. પ્રભુના પાંચેક કલ્યાણકારો જ્યારે ખરેખર થાય છે ત્યારે સંસાર ભરના સર્વ જીવો ક્ષણભર શાથા સુખ પામે છે. નારકોમાં પણ અજવાળા થાય છે માટે જ તેને કલ્યાણ જ કહેવાય છે. આ ઉજવણી દરમ્યાન પરમ પૂજ્ય આચાર્યશ્રી લબ્ધીચંદ્ર સાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ પાંચેય કલ્યાણકો, વિશે હૃદયમંગ સમજણ આપી રહ્યા છે. અમદાવાદથી પધારેલ વિધિકાર પંડિત ધનંજયભાઇ જૈન વિધિવિધાન કરાવશે. સુપ્રસિધ્ધ સંગીતકાર સંકેતભાઇ જૈન ભક્તિમાં સૌના રસતરબોળ બનાવશે. આ પ્રસંગ પર જિનાલયમાં જિનબીંબો ભરાવનાર લાભાર્થીઓ પરમાત્માની શુભમુહુર્ત તા.૨૭ પ્રતિષ્ઠા કરશે. ૨૬ જાન્યુ.એ મધ્યરાત્રિએ શુભક્ષણોએ પરમાત્માની અંજન વિધિ આચાર્ય ભગવંતો કરશે. આ દિવસો દરમિયાન હજારોની સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે. દરેક માટે ત્રણેય ટાઇમ સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા

# રસિયન ડેલીગેશન સાથેના સેમીનાર માટે ડો. યશવંત ગોસ્વામી-જયદીપ સખીયાની નિયુક્તિ

રાજકોટ, તા.૨૫

ઇન્ટરનેશનલ વર્લ્ડ ગ્રુપ ફેસ્ટીવલનું આયોજન ઓટોનોમસ નોન પ્રોફીટ ઓર્ગેનાઇઝેશન મોસ્કો (રસિયા) દ્વારા આગામી મે જુનમાં વિવિધ સમર કેમ્પનું આયોજન થનાર છે. ત્યારે રસિયાનું એક ડેલીગેશન ભારતની મુલાકાતે આવી રહ્યુ છે.

આ ડેલીગેશનના સાત સભ્યો આગામી તા.૩ ફેબ્રુ.ના રોજ રાજકોટ આવી રાજકોટની વિવિધ કોલેજોના એનએસએસના સીલેક્ટેડ વોલટીયર્સ સાથે યુથ પ્રતિભા અને ગ્રુપ ઇન્ટીગ્રેશન વિષય પર કણસાગરા મહિલા કોલેજ ખાતે ૩ ફેબ્રુ. સવારે ૯ થી ૧૨ માર્ગદર્શન આપશે.

આ બાબતે સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો. યશવંત ગોસ્વામી અને વર્ષ ૨૦૨૪માં બે વખત રસિયા નિમંત્રિત થયેલ જયદીપ સખીયાની કો-ઓર્ડીનેટર તરીકે નિમણૂંક કરવામાં આવી છે. એમના માર્ગદર્શન હેઠળ રાજકોટની કોલેજના વિશેષ પ્રતિભાવના એનએસએસ વોલંટીયર્સ અને સ્ટુડન્ટસને તાલીમ મળતાં વિદ્યાર્થી અવસ્થામાં જ વર્લ્ડ યુથ ફેસ્ટીવલમાં જવાની અમૂલ્ય તક પ્રાપ્ત થશે.



# રહેણાંક મકાનમાં થયેલ બે ચોરીના ગુનામાં આરોપી સન્ની વરગોડીયા દબોચાયો

## કાંતા સ્ત્રી વિકાસ ગૃહ સામે તથા ૮૦ ફુટ રોડ ઉપર આવેલ સીતારામ સોસાયટીના મકાનોમાં તસ્કરે હાથ ફેરો કરેલો

રાજકોટ, તા.૨૫

રહેણાંક મકાનમાં થયેલ બે ચોરીના ગુનામાં આરોપી સન્ની શંકર વરગોડીયા (રહે. નાણાવટી ચોક આર.એમ.સી. ક્વાટર્સ રાજકોટ)ની ધરપકડ કરાઈ છે. કાંતા સ્ત્રી વિકાસ ગૃહ સામે તથા ૮૦ ફુટ રોડ ઉપર આવેલ સીતારામ સોસાયટીના મકાનોમાં તસ્કરે હાથ ફેરો કરેલો.

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, બાતમી મળી હતી કે,

અગાઉ ચોરીના ગુન્હામાં પકડાયેલ હાલ સુભાષનગર શેરી નંબર ૪માં આવેલ બગીચામાં બેસેલ છે. જેની પાસે સાડીઓ છે. જે સાડીઓ તેણે ચોરી કરીને કે છેતરપીંડી કરીને મેળવેલ છે. આરોપીને પકડી ચેક કરતા તેની પાસેથી જુદા જુદા કલરની સાડીઓ તથા રોકડ રૂપીયા મળી આવેલ. પ્રયુકિતપુર્વક પુછપરછ કરતા આ આરોપીએ સાડીઓ પાંચ દિવસ પહેલા કાંતા સ્ત્રી વિકાસ ગૃહ સામે આવેલ જુના જેવા મકાનમાંથી ચોરી કરેલ હોવાની તથા મળી આવેલ રોકડ ચાર દીવસ પહેલા સીતારામ સોસાયટીમાં આવેલ એક મકાનમાંથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા જે બન્ને બનાવ બાબતે ભકિતનગર પોલીસ સ્ટેશનમાં ગુન્હોઓ દાખલ થયેલ હોય જુદા જુદા કલરની સાડીઓ નંગ-૦૫ અને રોકડ રૂ.૯,૫૦૦ મળી રૂ. ૧૦,૫૦૦ કબ્જે કરેલ હતા. આ કામગીરી પીઆઇ મયુરધ્વજસિંહ એમ. સરવૈયા તથા સર્વેલન્સ પીએસઆઈ એમ.એન. વસાવા તથા સર્વેલન્સ સ્ટાફના માણસો રોકાયેલ હતા.

# સજાનાં વોરંટમાં બે આરોપીઓની અટકાયત

રાજકોટ, તા.૨૫

ગાંધીગ્રામ-૨ પોલીસે સજાના વોરંટમાં બે આરોપીઓની વોરંટના આધારે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે.



જેમાં રાજકોટ શહેરના બીજા અધિક ચીફ જ્યુ. કોર્ટમાં ફોજદારી ગુનામાં આરોપી ઇમ્તીયાઝ મહમદ સુલેમાન સૈયદ (રે. શેઠનગર, જામનગર રોડ) રાજકોટ અને ૧૨ એડીશનલ ચીફ જ્યુ. મેજીસ્ટ્રેટ કોર્ટના ફોજદારી ગુનાના આરોપી કાનો ઉર્ફે રોહિત રમેશભાઇ રાઠોડ (રેહ. રૈયાધાર)ને વોરંટના આધારે ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી છે.

આ કામગીરી પીઆઇ એચ.એન. પટેલ, જગમાલ ખયાણા, પ્રતાપસિંહ મોઢા, જીજ્ઞેશભાઇ, વીરદેવસિંહ, મહીપાલસિંહ, વિરેન્દ્રસિંહ, ક્રિપાલસિંહ, વીજુભા જાડેજા, વનરાજભાઇ, દિવ્યરાજસિંહ, ગોપાલસિંહ વગેરેએ કરી હતી.

# કાલે મહાન દેશભકત પૂ. નટવરસિંહજી વાઘેલા(બાપુ)ને પુણ્યતિથિ શ્રદ્ધાંજલી શ્રદ્ધા સુમન અર્પણ





રાજકોટ, તા.૨૫

જયેશ સંઘાણી મહાન દેશભકત પૂ. નટવરસિંહજી વાઘેલા(બાપુ)ને પુણ્યતિથિ શ્રધ્ધાંજલી શ્રદ્ધા સુમન અર્પણ કરતા જણાવે છે કે, ''બાપુ''ના હુલમણા નામે ઓળખાતા મહાન દેશભકત પૂ. નટવરસિંહજી ધીરસિંહજી વાઘેલાનો જન્મ સૌરાષ્ટ્રના ઝાલાવાડ પંથકના લીંબડી ગામમાં થયો હતો. જે લીંબડી આઝાદીની ચડવડ અને ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું કેન્દ્ર હતું. જેને ક્રાંતિકારી સરદારસિંહ રાણા, પ્રજાતંત્ર ચળવળના અગ્રણી રૂપસિંહ રાઠોડ, દિલાવરસિંહ રાણા જેવા અનેક રત્નો પૈકી નટવરસિંહજી તેમાનાં એક હતાં.

મોરેસેસથી આવતી ખાંડ ની આંદોલન, બહિષ્કાર એલાંન થતા તેમણે ખાંડનો ત્યાગ કરેલ હતો અને બીજા વિશ્વ યુદ્ધ પછી તેમણે કયારેય ખાંડ ખાધી ન હતી. આમ, પોતાની દેશભકિતનો ખ્યાલ આપી દીધો હતો.૨૩ વર્ષની યુવાન વયે દેશના કામ માટે પ્રચારક તરીકે નિકળ્યા હતા અને ૬૪ વર્ષ સુધી પોતાનું જીવન અર્પણ કરેલ હતું.

ગુજરાતનાં મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ, હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, સ્વ. ચિમનભાઈ શુકલ, સ્વ. અરવિંદભાઈ મણીઆર, સ્વ.મા. શ્રી પ્રવિણકાકા મણીઆર અને સૂર્યકાંતભાઈ આચાર્ય, નાથાલાલ ઝગડા,સ્વ. યશવંતભાઈ ભટ્ટ, સ્વ. ગૌતમભાઈ ભટ્ટ વગેરે જેવા અનેક સ્વયંસેવકોના ઘડતરમાં ખુબજ અગત્યનો ભાગ ભજવેલ હતો.૨૬ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ ૮૮ વર્ષની ઉંમરે ન્યુમોનીયા અને બ્લડ કેન્સરની બિમારીથી નિધન થયું હતું.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા કાલે તન કી બાતના કાર્યક્રમનો ૪૮ મો એપિસોડ ''પાણી જ પ્રાણ'' યોજાશે

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સીટી જામનગરના પૂર્વ પ્રાચાર્ય ડો.હિતેશ જાની માર્ગદર્શન આપશે

રાજકોટ, તા.૨૫

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા તન કી બાત નો કાર્યક્રમ યોજાઈ છે ત્યારે તેનો ૪૮ મો એપિસોડ ''પાણી જ પ્રાણ'' કાર્યક્રમ આવતીકાલે રવિવાર સાંજે ૫:૩૦ કલાકે ધોળકિયા સ્કૂલ યુનિવર્સીટી રોડ ખાતે રાખેલ છે. જેમાં 'તન કી બાત' સ્પીકર : આયુર્વેદાચાર્ય ડો.હિતેશ જાની પૂર્વ પ્રાચાર્ય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સીટી જામનગર માર્ગદર્શન આપશે. બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમનો લાભ લેશે.

આપણું પાણી કેટલું સ્વચ્છ છે? કેટલું શુદ્ધ છે? અસ્વચ્છ અને અશુદ્ધ પાણી થી રોગો થાય છે! પણ ક્યાં રોગો થાય? શું આપણે એ જાણીએ છીએ? એનું નિવારણ દવા વગર શક્ય છે? શરીરમાંથી પાણી ઘટી જાય તો, શું થાય? એનું નિવારણ શું?ખરેખર રોજ કેટલું પાણી પીવું જોઈએ? પાણીની TDS જોવી એટલે શું? પાણી સવારે પીવું જોઇએ? કેટલું?જમવા પહેલા પાણી પીવું? જમવા વચ્ચે કે છેલ્લે? જેવી ખુબ અગત્યની અને વૈજ્ઞાનિક વાતો ને,તન કી બાત મલ્ટી મીડિયા ટોક શો દ્વારા સમજવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ની મહિલા ટીમ માનસી ઘાડીયા, પુજાબેન કતીરા, ધારાબેન મૂંગલપરા, શીવુ પટેલ, દ્રષ્ટીબેન પટેલ, એ પ્રેસની મુલાકાત લીધી હતી.

# ત્રિરંગો

(પહેલા પાનાનું ચાલું)

પટેલ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં થશે. મુખ્યમંત્રી આજે જ વ્યારા પહોંચી ગયા છે અને તાપી જિલ્લાને અનેક વિકાસકામોની ભેટ આપી છે. દેશના અન્ય રાજ્યોના પાટનગરમાં પણ ગણતંત્ર દિનની ઉજવણી અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે.

# અવસાન નોંધ

**રાજકોટઃ** ભાણજીભાઈ વેલજીભાઈ ઊંજીયા (ઉ.વર્ષ ૮૮) તે કિરીટભાઈ ઊંજીયા (સિવિલ એન્જીનીયર)ના પિતાશ્રીનું તા.૨૫ શનીવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદ્દગતનું બેસણું તા.૨૭/૦૧/૨૦૨૫ના સોમવારે સવારે ૮ થી ૧૧ આશ્રય ઓમનગર પાર્ટ-બી, બ્લોક નં.૨૫, પટેલ બોર્ડીંગ પાછળ, ૧૫૦ ફૂટ રીંગ રોડ, મવડી - રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગં.સ્વ. બિનાબેન (વસંતબેન) જયકાંતભાઈ ઓધીયા તે સ્વ. જયકાંતભાઈના ધર્મપત્ની તથા હાર્દિકભાઈ તથા જિજ્ઞાબેનના માતુશ્રી તેમજ ચંદ્રેશભાઈ શિંગાળાના સાસુ તેમજ સ્વ. શ્રી શંકરભાઈ કેશવજી વિઠલાણી (જામનગર)ના સુપુત્રી તા.૨૪ શુક્રવારના શ્રીજી ચરણ પામેલ છે તેમની પ્રાર્થનાસભા (બેસણુ) તથા માતૃ પક્ષની સાદડી તા.૨૭ સોમવારના રોજ સાંજે ૪.૦૦ થી ૫.૦૦ વાગ્યા સુધી ધારેશ્વર મહાદેવ મંદિર ભક્તિનગર સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** વાલમ બ્રાહ્મણ, મૂળ મૂળી હાલ રાજકોટ સ્વ.સુરેશભાઈ રામકૃષ્ણ ભટ્ટના સુપુત્ર કિરણકુમાર સુરેશચંદ્ર ભટ્ટ (ઉ.વ.૫૯), તે વર્ષાબેન કિરણભાઈ ભટ્ટના પતિ, તેજન, ઋતુ, ગ્રીષ્માના પિતાશ્રી તથા અતુલભાઈ, ઈલાબેન રાજેશકુમાર વ્યાસ, સ્વ. રાકેશભાઈ, કિશોરભાઈ, જીજ્ઞેશભાઈના મોટાભાઈ, સ્વ.સુરેશચંદ્ર ઉપાધ્યાયના જમાઈ, સાહિલકુમાર ભદ્રેશભાઈ ઉપાધ્યાય અને બ્રિજેશકુમાર કોરીગાના સસરા તથા ડો. પરેશભાઈના બનેવીનું તા.૨૫ના રોજ અવસાન થયું છે. પ્રાર્થના સભા (બેસણુ) સોમવાર તા.૨૭ના રોજ સાંજે ૪થી૬ મધ્યસ્થ પ્રાર્થનાખંડ, સ્વામીનારાયણ ગુરુકુળ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** દશા સોરઠીયા વણિક રજનીકાંત નરસીદાસ ધ્રુવ (ઉ.વ.૮૭), તે સ્વ.નરસીદાસ કાલિદાસ ધ્રુવ (માંગરોળ)ના પુત્ર તથા સ્વ. નિલુબહેન, સ્વ.પ્રભુદાસભાઈ, સ્વ.પ્રવિણભાઈ, સ્વ.દિલીપભાઈ અને નરેન્દ્રભાઈના ભાઈ તથા જવાહર, અજય અને ભાવિકના પિતાશ્રી તા.૨૫ શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા.૨૭ના સોમવારે સાંજે ૪થી૫, જામનગર મંદિર, રાજકોટ ખાતે રાખેલ છે.

# મહાકુંભ

(પહેલા પાનાનું ચાલું)

આ ઘટના સવારે ૭ વાગ્યાની આસપાસ બની હતી.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં પણ મોટી આગની ઘટના બની હતી. જો કે આ ઘટનામાં પણ કોઈ જાનહાની થઈ ન હતી, પરંતુ ગીતા પ્રેસને મોટું નુકસાન થયું હતું. મહાકુંભ મેળામાં આકસ્મિક પરિસ્થિતિઓને પહોંચી વળવા માટે પણ તૈયારીઓ ચાલી રહી છે. આ વખતે ૭૩ દેશોનાં રાજદ્વારીઓ પ્રથમ વખત સંગમમાં સ્નાન કરવા જઈ રહ્યાં છે. કટ્ટર હરીફ ગણાતાં રશિયા અને યુક્રેનના રાજદૂતો પણ આ ઐતિહાસિક કાર્યક્રમમાં એકસાથે ભાગ લેશે. આ વૈશ્વિક ઈવેન્ટ ગંગાનાં કિનારે વિવિધ સંસ્કૃતિઓ અને વિચારધારાઓ વચ્ચે અનોખી સમન્વયનો સંદેશ આપશે. અમેરિકા અને બાંગ્લાદેશનાં રાજદ્વારીઓ પણ અહીં અમૃત કાળનાં સાક્ષી બનશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ આજે ફરી પ્રયાગરાજ આવશે મૌની અમાવસ્યા, મહાકુંભના સૌથી મહત્વપૂર્ણ સ્નાન ઉત્સવની તૈયારીઓની સમીક્ષા કરશે. મુખ્યમંત્રી ૫ ફેબ્રુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સૂચિત મુલાકાત માટે કરવામાં આવી રહેલી તૈયારીઓનો પણ હિસાબ લેશે. ગૃહમંત્રી અમિત શાહ પણ ૨૭ જાન્યુઆરીએ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખર ૧ ફેબ્રુઆરીએ આવવાનાં છે. બંને મહાનુભાવોની મુલાકાત અંગે પણ ચર્ચા થશે.

# અમેરિકા

(પહેલા પાનાનું ચાલું)

૧૫૦૦ સૈનિકો ટેન્ક અને હેલીકોપ્ટરોના કાફલા સાથે ગોઠવાયા છે અને આ વિડીયો ખુદ વ્હાઈટહાઉસે શેર કર્યા છે. અમેરિકી મરીનને આ જવાબદારી સોંપવામાં આવી છે. જો કે બીજી તરફ મેકસીકોએ પણ ટ્રમ્પ શાસન સામે નહોર ભરાવતા જે મેકસીકન નાગરિકોને ટ્રમ્પ શાસન તડીપાર કરી રહ્યું છે તેને લઈ આવતા વિમાનોને મેકસીકોના વિમાની મથકો પર ઉતરવાની મંજુરી નહી આપતા તે પરત ફર્યા હતા. ટ્રમ્પે અગાઉ મેકસીકોની આયાત પર ૨૫%ની ટેરીફની જાહેરાત કરી હતી. જો કે ગ્વાટીમાલા અને અન્ય લેટીન અમેરિકી દેશોમાં જે ગેરકાનુની વસાહતીઓને લઈ જતા વિમાનો છે તે જે તે દેશ પહોંચીને પરત આવી ગયા છે. મેકસીકોએ અમેરિકાના એક તરફી પગલાને ફગાવ્યુ છે.

# યુદ્ધ

(પહેલા પાનાનું ચાલું)

કહ્યું, ''ટ્રમ્પ માત્ર એક સ્માર્ટ વ્યક્તિ નથી, પરંતુ વ્યવહારુ પણ છે.''

**શું તેલના ઘટતા ભાવ યુદ્ધનો અંત લાવી શકે છે?**

પુતિનનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ટ્રમ્પે ૨૩ જાન્યુઆરીએ વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં કહ્યું હતું કે તેલની કિંમતોમાં ઘટાડો રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવી શકે છે. જો કે, ટ્રમ્પના સૂચન છતાં, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે આ વિચારને નકારી કાઢ્યો હતો. ''સંઘર્ષ ચાલુ છે કારણ કે રશિયાની રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે, કારણ કે તે પ્રદેશોમાં રહેતા રશિયનો માટે ખતરો છે, અને કારણ કે અમેરિકન અને યુરોપીયન દેશો રશિયાની સુરક્ષા ચિંતાઓને સાંભળી રહ્યા નથી,'' પેસ્કોવએ કહ્યું.

# બાંગ્લાદેશ

(છેલ્લા પાનાનું ચાલું)

ઉજવણી કરી શકે. કોઈ અઘટીત ઘટના ન બંને તે માટે એસઓજી સહિતની ટિમોને સતર્ક રહેવા સૂચના આપાઈ હતી. જેથી રાજકોટ ગ્રામ્ય એએચટીયુના પીઆઇ એમ. જે.ચૌધરીના માર્ગદર્શન હેઠળ હેડ.કોન્સ. મયુરભાઇ વિરડા તથા મનોજભાઇ બાયલ પેટ્રોલીગમાં હતા ત્યારે બંન્ને પોલીસ કર્મચારીને હકિકત મળેલ. તે આધારે એસઓજી શાખાના પીઆઇ એફ.એ.પારગીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ બી.સી.મિયાત્રા અને તેની ટીમે પડધરી તાલુકાના રંગપર ગામના પાટીયા પાસે મારૂતી સોસાયટી બ્લોક નં.૩ માં તપાસ કરતા બે બાંગ્લાદેશી ઘુસણખોર મળી આવેલ. બંનેએ પોતાના નામ (૧) સોહિલહુસેન યાકુબઅલી (ઉવ.૩૦ મુળ વતન મોનીરામપુર જોસર થાના મોનીરાપુર જી.જોસર રાજધાની ઢાંકા, બાંગ્લાદેશ) (૨) રીપોનહુસેન અમીરૂલઇસ્લામ (ઉવ.૨૮ મુળ વતન મોનીરામપુર જોસર થાના મોનીરાપુર જી.જોસર રાજધાની ઢાંકા, બાંગ્લાદેશ) હોવાનું જણાવેલ. અહીં તેઓ રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના રંગપર ગામના પાટીયા પાસે મારૂતિ સોસાયટી ભુપત ભરવાડના મકાનમાં ભાડેથી રહેતા હતા.

## હિના ચણોલના યુવક સાથે મૈત્રી કરારથી રહેતી, હુસેન અને રિપોન હુસેનને રાજકોટ આવી તેને જ મળ્યાં હતા

પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, બે બાંગ્લાદેશી ઘુષણખોરને દબોચી આકરી પુછપરછ કરાઈ હતી. જેમાં હિના ખુરશીદનું નામ સામે આવેલું. હિના વિશે વધુ વિગત પૂછતાં બે બાંગ્લાદેશી ઘુષણખોરે જણાવ્યું કે, તેઓ બાંગ્લાદેશમાં એજન્ટને મળ્યાં હતા. જ્યાં એજન્ટએ બાઈકની વ્યવસ્થા કરી આપેલી. બંને બાઇકમાં બોર્ડર સુધી આવ્યા પછી જંગલ રસ્તે ચાલીને ૩થી ૪ દિવસ જંગલમાં જ રહ્યા અને મોકો જોતા જ ભારતમાં ઘુસી ગયા હતા. ટ્રેનમાં રાજકોટ આવ્યા જ્યાં તેની મુલાકાત હિના સાથે થઈ હતી. પોલીસ સૂત્રોનું માનવું છે કે, હિનાએ આ બંનેને રહેવા માટે ઓરડી બતાવી નોકરી પણ હિનાએ જ બતાવી હતી. હાલ હિનાને પડધરી પોલીસ મથકે લાવી પુછપરછ ચાલુ કરાઈ છે. હિના પડધરી તાલુકાના ચણોલ ગામના યુવક સાથે મૈત્રી કરારથી રહેતી હોવાનું જાણવા મળ્યું છે.

બંનેની ઉંડાણપુર્વક પુછપરછ કરતાં તેઓ પાસે ભારતીય નાગરિક તરીકેનો આધાર પુરાવાઓ નહી હોવાનું જણાવતાં અને તેઓ ગેરકાયદેસર રીતે બાંગ્લાદેશથી અહીયાં આવેલ હોવાનું જણાવતા નજર કેદ કરવામાં આવેલ અને બંને હાલ મજૂરી કરવા આવ્યા હોવાનું જણાવે છે પણ તેઓ કોઈ ગુન્હાહીત દેશ વિરોધી પ્રવૃતિ સાથે સંકળાયેલ છે કે કેમ? બંનેએ ભારતમાં ખરેખર ક્યાં હેતુથી ઘુસણખોરી કરેલ છે. તે દિશામાં તપાસ ચાલું છે. પડધરી પોલીસે જાણવા જોગ દાખલ કરી છે. રેન્જ આઇજી, ડીજીપીને રિપોર્ટ કરાયો છે. સંબંધિત સૂરક્ષા એજન્સીઓને પણ જાણ કરાઈ છે.આ કામગીરી પીઆઇ એફ.એ.પારગી, પીએસઆઇ એમ.જે.ચૌધરી, બી.સી. મિયાત્રા, પી.બી.મિશ્રા, એ.એસ.આઇ. અતુલભાઈ ડાભી, જયવિરસિંહ રાણા, અમીતભાઈ કનેરીયા, ઇન્દ્રસિંહ જાડેજા, સંજયભાઇ નીરજની તથા પો.હેડ. કોન્સ.વિજયભાઈ વેગડ, શીવરાજભાઈ ખાચર, હિતેષભાઈ અગ્રાવત, અરવિંદભાઇ દાફડા, પ્રહલાદસિંહ રાઠોડ તથા પો.કોન્સ વિજયગીરી ગોસ્વામી, ચીરાગભાઇ કોઠીવાર, ઘુભાઇ ઘેડ, હેડ.કોન્સ.મયુરભાઇવિરડા, મનોજાભાઇ બાયલ દ્વારા કરવામાં આવી હતી.

# વિંછીયાના ચકચારી પથ્થરમારા પ્રકરણના આરોપીને જામીન પર છોડી મુકતી કોર્ટ

## પોલીસ અધિકારીઓએ તેમની સતાનો દુર ઉપયોગ કરીને આરોપીને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવી દીધેલની કોર્ટમાં દલીલો થઈ

રાજકોટ, તા.૨૫

વિંછીયામાં તા.૬.૧ના રોજ જાહેર વ્યક્તિઓના જુથ દ્વારા પોલીસ પર પથ્થરમારો કરવામાં આવતા તે અંગેની ફરીયાદ રાજકોટ ગ્રામ્યના વિંછીયા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. જેમાંના આરોપી ભૌતીક પ્રકાશભાઈ જાંખણીયાને ડીસ્ટ્રીકટ કોર્ટ રાજકોટ દ્વારા રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામા આવેલ છે.

આ કેસની હકીકત એવી છે કે, પોલીસ પર પથ્થરમારો કરવામા આવતા વિંછીયા પોલીસદ્વારા આરોપી ભૌતીક પ્રકાશભાઈ જાંખણીયાની અટક કરવામાં આવેલ. જયુડીશ્યલ કસ્ટડીમાં મોકલવામા આવેલ. ભૌતીકે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે ડીસ્ટ્રકીટ કોર્ટ રાજકોટ સમક્ષ તેમના એડવોકેટ સ્તવન મહેતા મારફત રેગ્યુલર જામીન અરજી કરી હતી. સરકાર પક્ષે આરોપીને જામીન પર મુકત કરવા સામે સખ્ત વાંધાઓ લીધેલ હતા. જોકે આરોપીના એડવોકટે સ્તવન મહેતા દ્વારા દલીલ કરવામાં આવેલ કે, આરોપીને ખોટી રીતે હાલના ગુન્હામા સંડોવી દેવામાં આવેલ છે. કોઈ જ ગંભીર હથિયાર નહોતા. પોલીસ અધિકારીઓએ તેમની સતાનો દુર ઉપયોગ કરીને આરોપીને ખોટી રીતે હાલના ગુન્હામાં સંડોવી દીધેલ છે. જેથી આરોપીને રેગ્યુલર જામીન પર મુક્ત કરવા અરજ કરેલ હતી. દલીલો ધ્યાને લઈ ડીસ્ટ્રીકટ કોર્ટએ આરોપી ભૌતીક જાંખણીયાને શરતોને આધીન રેગ્યુલર જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા ધારાશાસ્ત્રી સ્તવન જી. મહેતા, જીતેન્દ્ર કાનાબાર, નિકુંજ શુકલા, બ્રિજેશ ચૌહાણ, શ્યામ ત્રીવેદી, પ્રકાશ મકવાણા તથા મદદનીશ તરીકે નીશાંત ચાવડા, રૂષીત રોહીત તથા નીરજંન ભટ્ટી રોકાયેલ હતા.



સ્તવન જી. મહેતા
એડવોકેટ

# બારવાણ ચોકડી પાસેથી અખાદ્ય ગોળના ૧૫૦ ડબ્બા સાથે શખ્સ ઝડપાયો

## પોલીસે રૂા.૪.૫૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો, રાજકોટના વેપારીની શોધખોળ, બેડલાના કરિયાણાના વેપારી સહિતના શખ્સોની ધરપકડના ભણકારા

## રાજકોટમાં આવેલ ગોડાઉનમાંથી વેપારી સતીષ તાનીયાએ અખાદ્ય ગોળનો જથ્થો ટેમ્પામાં ભરાવ્યો હતોઃ બેડલા ગામમાં કરિયાણાની દુકાને પહોંચે તે પહેલાં જ એરપોર્ટ પોલીસ ત્રાટકી

રાજકોટ.તા.૨૫

રાજકોટની ભાગોળે આવેલ બારવાણ ચોકડી પાસેથી અખાદ્ય ગોળના ૧૫૦ ડબ્બા સાથે ટેમ્પાના ચાલકને એરપોર્ટ પોલીસે ઝડપી પાડી રૂ.૪.૫૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. રાજકોટમાં આવેલ ગોડાઉનમાંથી વેપારી સતીષ તાનીયાએ અખાદ્ય ગોળનો જથ્થો ટેમ્પામાં ભરાવ્યો હતો અને બેડલા ગામમાં કરિયાણાની દુકાને સપ્લાય કરવાનો હતો. પોલીસે ફરાર આરોપીની શોધખોળ આદરી છે.દરોડાની વિગત મુજબ, એરપોર્ટ પોલીસ મથકના પીઆઈ ઈલાબેન સાવલીયાની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતાં ત્યારે હેડ કોન્સ્ટેબલ હેમંત તળાવીયા, કોન્સ્ટેબલ નરેશ ઝાલા, રમેશ ડાંગરને રાજકોટ શહેરમાંથી અખાદ્ય ગોળ વેચાણ અર્થે ટ્રકમાં ભરી હેરાફેરી થવાની છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ બારવાણ ચોકડી પાસે વોચમાં હતો ત્યારે અશોક લેલન કંપનીની બડા દોશ ગાડી નં. GJ-03-BY-6977 પસાર થતાં તેને અટકાવી ગાડીમાં અખાદ્ય જેવો દેખાતો અને ખાંટી દુર્ગંધ વાંસ વાળા ગોળના ડબ્બા ભરેલા જોવામાં આવેલ અને ગાડી ચાલકનું નામ પૂછતાં પોતાનુ નામ અશોક લાખા ચાવડા (ઉ.વ.૩૪), (રહે.ચુનાવાડ ચોક થોરાળા પોલીસ સ્ટેશન સામે સબસ્ટેશન વાળી શેરી) હોવાનું જણાવેલ હતું.

જે બાબતે પુછતા પોતે મિત્રની પાસેથી અખાદ્ય ગોળ લાવેલ હોવાનુ જણાવેલ હતું. જેથી અખાદ્ય ગોળનો જથ્થો ૨૫ કીલોના કુલ ૧૫૦ ડબ્બા કુલ રૂ.૧.૦૫ લાખ અને ટેમ્પો ગાડી મળી કુલ રૂ.૪.૫૫ લાખનો મુદ્દામાલ શંકાસ્પદ જથ્થા તરીકે કબ્જે કરી આરોપીની પૂછતાછ ધરી હતી.

પકડાયેલ અશોક ચાવડાને રાજકોટના જંકશન પ્લોટ શેરી નં.૧૨ માં રહેતાં વેપારી સતિષભાઇ ત્રિકમદાસ તનીયા નામના શખ્સે ગોડાઉનમાંથી બડા દોશ ગાડીમાં અખાદ્ય ગોળ ભરી લીધેલ હતો અને તે જથ્થો રાજકોટના બેડલા ગામે કરિયાણાની દુકાન વાળાને આપવાનો હતો. ઉપરાંત આરોપીએ કબુલાત આપી હતી કે, તે અખાદ્ય ગોળ કરિયાણાની દુકાન વાળા છૂટકમાં વેંચાણ કરતા હોવાની પણ પ્રાથમિક કબુલાત આપી હતી. પોલીસે અખાદ્ય ગોળનો જથ્થો ભરી આપનાર શખ્સની શોધખોળ હાથ ધરી છે, જે પકડાયા બાદ ખુલશે કે તે ક્યાં ક્યાં ગોળ સપ્લાય કરતો હતો.

# સરધારમાં ધોરણ ૧૧ ની વિદ્યાર્થીનીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## આપઘાતનું કારણ અકળઃ શાળાએથી ઘરે આવ્યાં બાદ પગલું ભર્યુંઃ પરિવારમાં કલ્પાંત છવાયો

રાજકોટ તા.૨૫

વર્તમાન યુગમાં હવે કોઈને સહનશીલતા રહી નથી. નાની અમથી વાતમાં પણ આત્મઘાતી પગલા ભરતા થઈ ગયા છે. આ વાતની સાબિત કરતી ઘટના રાજકોટમાં બની હતી.

રાજકોટના સરધાર ગામે એક વિદ્યાર્થીનીએ ગાળાફાંસો ખાઈ જીવન ટુંકાવી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. તેણી ધોરણ-૧૧માં અભ્યાસ કરતી હતી. વિદ્યાર્થીનીએ ક્યાં કારણોસર પગલું ભર્યું તે હજુ જાણવાં મળેલ નથી. બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ સરધારમાં રહેતી જોનીશા હરેશભાઈ પાટડીયા (ઉ.વ.૧૬) નામની વિદ્યાર્થીનીએ ગઈકાલે પોતાના ઘરે કોઇ ન હોય ત્યારે પંખામાં સાડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. નાનો ભાઈ બહારથી ઘરે આવ્યો ત્યારે બહેનને લટકતી જોઈ દેકારો મચાવતા આજુબાજુના લોકો એકઠા થઈ ગયા હતા. અને

નાના ભાઈએ મજૂરીએ ગયેલા માતા-પિતાને જાણ કરતાં તેઓ દોડી આવ્યા હતાં.બાદમાં કોઈએ ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ની ટીમ સ્થળ પર પહોંચી તેણીને જોઈ તપાસી મૃત જાહેર કરી હતી. બનાવની જાણ આજીડેમ પોલીસને થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આપઘાત કરનાર વિદ્યાર્થીની

સરધાર ગામે રહેતી અને ધોરણ-૧૧માં અભ્યાસ કરતી હતી.બનાવ વખતે તેના માતા-પિતા કે ભાઈ કોઈ હાજર નહોતું.જોનીશાએ આપઘાત કર્યો ત્યારે સ્કૂલ ડ્રેસ પહેરેલો હતો. આ જોતાં તેણે શાળાએથી આવ્યા બાદ તુરંત આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યું હતું. મૃતક જોનીશા એક ભાઈથી મોટી અને માતા-પિતાની એકની એક દિકરી હતી. તેણીએ ક્યાં કારણોસર આ પગલું ભર્યું તે હજુ જાણવા મળ્યું નથી. આપઘાતનું ચોકક્સ કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મારી મેટરમાંથી જતો રે કહી મનપાના દબાણ હટાવ શાખાના ઈન્સ્પેક્ટર પર તલવાર વડે હુમલો

## વાહન રાખવા બાબતે પાડોશી ઝઘડતાં હોય દરમિયાન વચ્ચે પડતાં મામલો બિચકાયોઃ અધિકારી સાહેજાન સેરસીયા પર ઈમ્તિયાઝે હુમલો કરતાં સારવારમાં

રાજકોટ, તા.૨૫

મારી મેટરમાંથી જતો રે કહી મનપાના દબાણ હટાવ શાખાનાં ઈન્સ્પેક્ટર સાહેજાન સેરસીયા પર ઈમ્તિયાઝે તલવાર વડે હુમલો કરતા ગાલમાં તલવાર લાગી જતા લોહિ લુહાણ હાલતમાં ફરિયાદીને સારવારમાં ખસેડાયા હતા. વાહન રાખવા બાબતે પાડોશી ઝઘડતાં હોય દરમિયાન ફરિયાદી વચ્ચે પડતાં મામલો બિચકાતા બનાવ બન્યો હતો. ફરિયાદી હાલ સારવાર હેઠળ છે.

ફરિયાદી સાહેજાન અભરામભાઈ સેરસીયા (ઉ.વ.૪૮, રહે.ભગવતીપરા શિવમપાર્ક શેરી નં-૧ બદ્રીપાર્કની સામે રાજકોટ, મુળ વતન-સરધારકાગામ તા.વાંકાનેર) એ આરોપી તરીકે ઈમ્તિયાઝ ઉર્ફે ખાન યુસુફભાઈ પઠાણનું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે છબ્બઈ વિભાગમાં દબાણ હટાવ શાખામાં દબાણ હટાવ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરે છે. તેનો પરિવાર ગામડે રહે છે. ગઈ કાલ સવારના પોતે ઘરે સુતો હોય દરમિયાન સવારનાં દશેક વાગ્યાના આસપાસ શેરીમાં જોર જોરથી ગાળાગાળીનો અવાજ આવતો હોય જેથી ફરિયાદી ઘરની બહાર નીકળેલ ત્યારે શેરીમાં આવેલ ખાલી સાર્વજનીક પ્લોટ પાસે પાડોશી યુસુફભાઈ સાથે ત્યાંજ શેરીમાં જ રહેતા ઈમ્તીયાઝ ઉર્ફે ખાનભાઈ યુસુફભાઇ પઠાણ (ઉ.વ.૩૮) ઝઘડો કરતા હોય ત્યાં જઇ યુસુફભાઇને પુછતા તેણે વાત કરેલ કે પોતાના ઘરની દિવાલ પાસે ખાલી સાર્વજનિક પ્લોટમાં પોતાની ફોરવ્હિલ કાર પાર્ક કરી મુકતા હોય અને સોસાયટીના માણશો પણ ગાડીઓ આ પ્લોટમાં પાર્ક કરતા હોય જેમાં આ ઈમ્તીયાઝ પણ પોતાની કાર પાર્ક કરે છે. જેમાં પોતાની ગાડી બહાર કાઢવામાં અમુકવાર તકલીફ પડતી હોય અને યુસુફભાઈ પોતાની ગાડી ત્યાં પાર્ક કરે તે ઈમ્તીયાઝને ગમતુ ન હોય જેથી યુસુફભાઈને પોતાની ગાડી લઇ લેવાનું કહેતા આ બાબતે બંને જણા ખાલી સાર્વજનીક પ્લોટ પાસે શેરીમાં ઝઘડો કરતા હતા. ફરિયાદીએ સમજાવા જતાં અને ઝઘડો નહિ કરવાનું કહેતાં ઈમ્તીયાઝે ફરિયાદીને કહેવા લાગેલ કે ''તમે અહિંથી જતા રહો મારી મેટરમાંથી '' જેથી મેં કહેલ કે અહિં જાહેરમાં ઝઘડો ન કરો કહેતા ઈમ્તીયાઝ મને અને યુસુફભાઇ તથા તેના પત્નીને ગાળો દેવા લાગેલ જેથી મે કહેલ કે આ લેડીઝ છે તમે આમ જાહેરમાં ગાળો ન આપો આમ કહેતા મને પણ બેફામ અપશબ્દો દઈ ધકકો મારી હાથાપાઈ કરવા લાગેલ. અને એકદમ ઉશ્કેરાઈ જઈ તેના ઘરમાથી તલવાર લઇ આવેલ અને મારા ઉપર તલવારનો ઘા કરતા ગાલ પર લાગી ગયેલ. અને લોહી નીકળવા લાગેલ. અન્ય માણસો ભેગા થઇ જતાં આ ઈમ્તીયાઝ ત્યાંથી જતો રહેલ. બાદ બનાવની જાણ તેમનાં મિત્રને કરતાં મિત્ર તુરંત દોડી જઈ ફરિયાદીને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# રાજદીપ સોસાયટીના કેતનભાઈ વિસપરાનું બ્લડ કેન્સરથી મોત

## બે સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા કલ્પાંતઃ મૃતક યુવાન મિસ્ત્રી કામ કરતાઃ સિવિલ હોસ્પિટલમાં દમ તોડયો

રાજકોટ તા.૨૫

શહેરનાં મવડી પ્લોટ વિસ્તારની રાજદીપ સોસાયટીમાં રહેતા યુવકનું બ્લડ કેન્સરથી મોત નિપજયું છે. મૃતક યુવાન મિસ્ત્રી કામ કરતો હતો. બે સંતાને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં કલ્પાંત છવાયો છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મવડી પ્લોટ રાજદીપ સોસાયટી શેરી નં-૬ માં રહેતાં કેતનભાઈ વિનોદભાઈ વિસપરા (ઉ.વ.૪૮) નામનો યુવકને બ્લડ કેન્સરની બિમારી હોય અને આઠેક દિવસ પહેલાં યુવકની તબીયત લથડતા તેને મધુરમ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર અર્થે સિજીસ હોસ્પિટલ બાદ એચ.જે. દોશી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બાદ યુવકને યુવાનને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં દમ તોડી દેતાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃત્યુ પામનાર કેતનભાઈ મિસ્ત્રી કામ કરતા હતા. થોડા દિવસ પહેલા જ તેને બ્લડ કેન્સર હોવાનું જાણ થઈ હતી. તેને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું મૃતકનાં પરિવારજને જણાવ્યું હતું.

# વિંછીયા પથ્થરમારામાં આરોપીઓ જામીન મુકત

રાજકોટ,તા.૨૫

વિંછીયા પોલીસ સ્ટેશન ઉપર હુમલો કરી પોલીસ અધિકારીઓ તથા કોન્સ્ટેબલોને જાનથી મારી નાખવા તથા ફરજમાં રૂકાવટ કરવાના ગુન્હામાં ૭૦ આરોપીઓને જામીન મુકત કરવાનો આદેશ રાજકોટના ડિસ્ટ્રીકટ જજ પી.જે.તમાકુવાલા એ કર્યો છે.



કેસની વિગત એવી છે કે હત્યાના બનાવ બાદ આરોપીઓનું સરઘસ કાઢવા માંગે થયેલી પછી ટોળું વિફર્યુ હતું અને પથ્થરમારો થયો હતો. આ ગુનામાં આશરે ૧૦૦ જેટલા લોકોને પકડીને ગોંડલ જેલ હવાલે કરાયા હતા. પકડાયેલ આરોપીઓએ અદાલતમાં જામીન અરજી ગુજારેલ જેમાં આરોપી તરફે એડવોકેટ ઋષિત ડી.પટેલ એ દલીલો કરેલ કે પોલીસ સત્તાનો દુરઉપયોગ કરી સામાન્ય ઈજાઓ અને પથ્થરોથી હુમલો થયેલ તેવું હોવા છતા બી.એન.એસ.ની કલમ ૧૯૦, ૧૦૯ (૧) વિગેરે અંગે ખોટી ફરીયાદ આપી ગંભીર ગુન્હો દર્શાવેલ છે. તેમજ પોલીસે પ્રજા ઉપર દમન કરેલ છે હાલનો કિસ્સો પોલીસ દમનનો છે. પોલીસે આમ જનતાને લાઠીચાર્જ કરી પ્લાસ્ટીકની બુલેટથી ફાયરીંગ કરી પોલીસે પબ્લીક ઉપર પથ્થરમારો કરેલ છે.હાલનો કેસ ગ્રેવીયહર્ટનો કે ડેન્જરસ વેપનનો નથી.લોકોની વાત મામલતદાર ઓફીસે ધરણા માત્રની હતી.દલીલો માન્ય રાખી ૭૦ આરોપીનેજામીન મુકત કરાયા છે. આ કેસમાં આરોપીઓ તરફે એડવોકેટ દિપક બી.ત્રિવેદી, ઋષિત પટેલ, હાર્દિક ડોડીયા, વિંછીયા જસદણના વકીલો રોકાયા હતાં.

# એસીડ પીધેલ યુવકે સારવારમાં દમ તોડયો

## કાળીપાટ ગામ પાસે ભરેલું પગલુંઃ સારવાર દરમિયાન ગળામાંથી લોહી નીકળવા લાગતાં મોત

રાજકોટ તા.૨૫

એસીડ પીધેલ યુવકે સારવારમાં દમ તોડી દેતાં તેના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. યુવકે ચાર મહિના પહેલા કાળીપાટ ગામ પાસે એસીડ પી લીધું હતું. બાદ સારવાર શરૂ હતી. સવારે યુવક હોસ્પિટલે ગયો ત્યારે ગળામાંથી અચાનક લોહિ નીકળવા લાગતા મોત નિપજ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ગુંદાવાડી મેઈન રોડ પુજારા પ્લોટ નાલંદા એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોરમાં રહેતાં પીન્ટુભાઈ પ્રકાશભાઈ વેડીયા (ઉ.વ.૪૨) નામના યુવકે ગત ૭/૮/૨૪ ના રોજ સાંજના છએક વાગ્યાની આસપાસ રાજકોટ ભાવનગર હાઇવે પર કાળીપાટ ગામ પાસે પુલ નીચે કોઇ કારણોસર એસીડ પી જતા તેને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બાદ વધુ સારવાર અર્થે જીનેસીસ હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ તા.૭/૧/૨૦૨૫ ના એચ.જે.દોશી હોસ્પીટલમાં પેટની અને સ્વરપેટીની સર્જરી કરવામાં આવી હતી. બાદ સિવિલ હોસ્પિટલમાં રૂટીન ચેકઅપ કરવામાં આવતું હતું. યુવક સવારે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ગયેલ ત્યારે અચાનક ગળામાં આવેલ ટ્રેકમાથી લોહી નીકળતા ઈમરજન્સીમાં સારવાર દરમ્યાન હૃદય બંધ પડી જતા ફરજ પરના તબીબે યુવકને મૃત જાહેર કર્યો હતો.

બનાવ પગલે મૃતકના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

# વ્યાજે રૂપિયા આપી જમીન લખાવી લીધાના ગુનામાં ધર્મેન્દ્ર ઠેસીયાના આગોતરા મંજુર

રાજકોટ, તા.૨૫

રાજકોટ રહેતા ખેડુત વિઠ્ઠલ ખોડા સવસવીયાની માલીકીની જમીન ઉપર એકવીસ લાખ રૂપીયા વ્યાજે આપી અને વ્યાજે પેટે ત્રીસ લાખ મેળવી લીધેલ હોવા છતાં વધુ સીતેર લાખ માંગી જમીનનો દસ્તાવેજ કરાવી લીધેલાની ફરિયાદ નોંધાઈ હતી.

જે ગુનામાં આરોપીઓ પૈકી ધર્મેન્દ્રભાઈ મીઠાભાઈ ઠેસીયએ સેશન્સ અદાલતમાં ધરપકડ સામે આગોતરા જામીન અરજી કરી હતી. જેમાં સેશન્સ જજ બ્રહ્મભટ્ટે આરોપીને શરતોને આધીન આગોતરા જામીન મંજુર કરેલા છે. ફરિયાદમાં આક્ષેપ હતો કે, ફરીયાદી વિઠ્ઠલભાઈ સવસવીયાએ પોતાની મેધપર ગામે આવેલી જમીન મોરગેજ કરવા માટે આરોપી જયેશભાઈએ અલ્પેશભાઈ દોંગાની મંડળી પટેલ ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ નામની ઓફીસ ખાતે લઈ જઈ જમીન મોરગેજની અવેજમાં પોણા બે ટકા ૧.૪૫ ટકાના વ્યાજ દરથી કુલ રૂપીયા પચાસ લાખ આપવાનું નક્કી કરીને ફરીયાદીએ આરોપી જયેશભાઈએ રૂપીયા દસ લાખ રોકડા તેમજ આરોપી ધર્મેશભાઈ ઠેસીયાએ રૂપીયા પાંચ લાખ ચેકથી તેમજ આરોપી ચંદુભાઈએ રૂપીયા છ લાખ ચેકથી આપી તમામ આરોપીઓએ સમાન ઈરાદો પાર પાડી ફરીયાદીની માલીકીની જમીન મોરગેજ કરવા બાબતે વીશ્વાસમાં લઈ કાલાવાડ સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે ફરીયાદીની ચાર એકર જમીન પૈકી ૨ એકર જમીનનો વેચાણ દસ્તાવેજ ધર્મેન્દ્રભાઈ ઠેસીયાના નામે કરાવી લીધો હતો. રાજકોટ તાલુકા પોલીસ મથકમાં આ ગુનો નોંધાયા પછી સેશન્સ અદાલતે આરોપી ધર્મેશભાઈ ઠેસીયાના આગોતરા જામીન મંજુર કર્યાં છે. આ કેસમાં આરોપી વતી એડવોકેટ પિયુષભાઇ એમ.શાહ, અશ્વીનભાઈ ગોસાઈ, નીવીદભાઈ પારેખ, નીતેશભાઈ ક્થીરીયા, વીજયભાઈ પટગીર, જીતેન્દ્રભાઈ ધુળકોટીયા, હર્ષીલભાઈ શાહ, ચીરાગભાઈ શાહ, તથા આસીસ્ટન્ટ તરીકે રવીરાજભાઈ વાળા, રૂત્વીકભાઈ વઘાસીયા, સંજયભાઈ મેરાણી રોકાયેલા હતા.


## વિકાસ પબ્લીસીટી

RK સુપ્રીમ, 1120-1121, 11માં માળે, ટવીન સ્ટાર સામે, 150 ફુટ રીંગ રોડ, રાજકોટ.
Mo. 98795 18143 • 99795 18143

### વેચવાનું છે

**બંગલો વેચવાનો છે**
૩૦-રૂચી બંગલો, ૩ બીએચકે, ૧૩૦ વાર, ફુલ ફર્નીચર, એરપોર્ટ રોડ વિસ્તાર. મો. ૯૮૨૫૧ ૫૦૫૦૭

**કાર વેચવાની છે**
હોન્ડાસીટી ૨૦૧૧, પેટ્રોલ અને સીએનજી, સારી કંડીશનમાં. મો. ૯૮૨૪૨ ૯૧૧૫૧

**ઓફીસ કસમાં વે. છે**
પેરેમાઉન્ટ કોમ્પલેક્ષ, બીજા માળે, ૧૭૧ સ્કે.ફુટ, ૩-રજપુતપરા, બસ સ્ટેન્ડથી તદ્દન નજીક. મો. ૯૪૨૮૪ ૬૭૧૨૭

**મકાન વેચવાનું છે**
જમીનના ભાવે ટેનામેન્ટ ૧૧૨ વાર, ૨૨ ફુટ, સાધુવાસવાણી રોડ. મો. ૯૯૨૫૦ ૬૬૬૦૯, ૯૬૬૨૬ ૩૨૩૦૯

**બંગલો વેચવાનો છે**
૧૧૭ વાર, ૩ બીએચકે કોર્નરનો નોર્થ-વેસ્ટ ઓપન, મીરાનગર, ૫/૩ રૈયા રોડ, કિ. ૯૦. મો. ૯૩૨૭૧ ૧૨૩૪૧

**ફલેટ વેચવાનો છે**
રાજકોટના સીટી સેન્ટર (નિર્મલા રોડથી તદ્દન નજીક), ૨ બીએચકે, ફુલ્લી ફર્નીશ્ડ. કિ. ૨૪.૫. મો. ૯૫૫૮૮ ૨૯૫૫૮

**ફલેટ વેચવાનો છે**
અંબીકા ટાઉનશીપ, ૨ બીએચકે, ફુલ્લી ફર્નીશ્ડ, જીવરાજપાર્ક, એમેનીટીઝ સાથે. કિ. ૩૮ લાખ. મો. ૯૫૫૮૮ ૨૯૫૫૮

### જોઈએ છે

**જોઈએ છે**
ડાયશોપ સુપરવાઈઝર - ૧ (અનુભવી), ડેલ કેમ વીએમસી પ્રોગ્રામર - ૨, ડાય મેઈકર - ૩ (અનુભવી), વીએમસી ઓપરેટર - ૫ (મેલ / ફિમેલ), ટર્નર - ૨, ફીટર - ૩, ડ્રીલીંગ ઓપરેટર - ૩, પરચેઈઝ અને વર્કશોપ નું રુટીંગ કામ સંભાળી શકે તેવી વ્યક્તિ - ૧, સફાઈ કામદાર - ૧ (મેલ / ફિમેલ), સરફેસ ગ્રાઈન્ડીંગ ઓપરેટર - ૧. સેલેરી : કામના પરફોર્મન્સ પર. વાહન અને રહેવાની સગવડ છે. મો. ૯૮૨૪૮ ૩૫૨૫૧

**કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**
ફુલ ટાઈમ / પાર્ટ ટાઈમ માટે - મેલ મેમ્બર ઓન્લી (ઉ.વ. ૨૦ થી ૪૦). કોમ્પ્યુટરનું નોલેજ જરૂરી. મો. ૯૩૭૪૧ ૨૧૧૬૪

**સ્ટાફ જોઈએ છે**
કોમ્પ્યુટરના જાણકાર, ઓળખાણ આપવી જરૂરી ઉ.વ. ૨૫ થી ૪૦. રૂબરૂ મળો : રાજુભાઈ (૧૧ થી ૧, ૪ થી ૮). રસિકભાઈ ચેવડાવાળા, લીમડા ચોક, પંચનાથ મંદિર સામે, રાજકોટ.

## નયન પબ્લીસીટી

સોરઠીયાવાડી ચોક કોર્નર, રાજકોટ

દરેક પ્રકારની ટચુકડી જા.ખ. માટે મળોઃ
મહેશભાઈ - મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭/૯૭૩૭૪૮૦૨૪૮

**જાહેરાત માટે મળો**
દરેક છાપામાં ટચુકડી, શ્રદ્ધાંજલી, ડીસ્પ્લે વગેરે જાહેરાત આપવા માટે મળો. નયન બુક સ્ટોલ એન્ડ પબ્લીસીટી, સોરઠીયાવાડી ચોક (કોર્નર) રાજકોટ મો. ૯૮૨૪૫ ૩૧૪૧૭

**સુચીત મકાન વે. છે**
૬૦ વાર, રામરણુજા સો. મંદીર પહેલા, કોઠારીયા રોડ, મો. ૯૯૨૪૦ ૧૪૪૪૫

**જોઈએ છે**
મૈત્રી કરારથી લેડીઝ, ફોન કરો, ઉ.૪૭ થી ૫૦ સુધી રાજકોટ મો. ૯૮૨૪૮ ૫૬૨૭૨

**મકાન વેચવાનું**
૩૨ વાર, મવડી ચોકડી પાસે, રાધેશ્યામ સો.૧, મો. ૯૯૦૪૭ ૭૬૮૦૯

**મશીન વેચવાના**
જુના શોર્ટ બ્લાસ્ટીંગ મશીન ૨૭×૩૬ નંગ–૨, વેચવાના છે. નવા શોર્ટ બ્લાસ્ટીંગ મશીન બનાવી આપશુ. આઈ.કે.ઈન્ડસ્ટ્રીઝ લાખાભાઈ મો. ૯૮૨૪૮ ૩૮૫૬૧

**રૂમ ભાડે દેવાની**
શેઠ હાઈસ્કુલ સામે, વાણીયાવાડી ૫/૨ ખુણે, ભગવતી ભુવનમાં મો. ૯૫૮૬૭ ૪૬૬૫૧

**રીનોવેશન, ટાઈલ્સ**
લીકેજ, પ્લમ્બીંગ, કલરકામ માટે ૯૭૨૫૦ ૫૦૮૧૦

**કરિયાણાની દુકાન ભાડે/**
વેચાણથી રાજકોટ તથા આસપાસના વિસ્તારમાં ૨૦,૦૦૦ ડેઈલી વેપારવાળી જોઈએ- ૯૯૦૯૭ ૯૯૮૧૧.

**મકાન ભાડે આપવાનું**
વિદ્યાર્થી/ હોટેલ સ્ટાફ માટે, ૨ રૂમ, રસોડું- ધ્રુવનગર- ૩, રૈયા રોડ- વિપુલ- ૯૮૨૪૬ ૪૬૧૬૯.

**ગાયત્રી- રેલ્વે પ્રવાસો**
કલકત્તા, ગંગાસાગર, જગન્નાથપુરી, કામખ્યા, દાર્જીલિંગ, ચંપારણ્ય, દિ.૧૪/૨૦, દક્ષિણ ભારત સાથે કેરળ દિ.૨૦, ઉપડશે- ૦૮-૦૨, ૧૫-૦૩, ૩-૩- હસુભાઇ ભટ્ટ, રાજકોટ- ૯૪૦૯૨ ૬૩૯૩૯.

**ગાયત્રી- સ્લીપર બસ**
કુંભ સ્નાન, અયોધ્યા, અલાહાબાદ દિ.૧૪, ૧૧ જ્યોતિર્લિંગ, દક્ષિણ ભારત દિ.૩૫, ઉપડશે- ૨૮-૦૧, ૦૮-૦૨, ૨૩-૦૨, ૨૮-૦૨- હસુભાઇ ભટ્ટ, રાજકોટ- ૯૪૦૯૨ ૬૩૯૩૯.

**ડ્રાઈવર જોઈએ છે**
ડ્રાઈવિંગ સ્કૂલમાં ફોર વ્હિલ શીખવવા- પુનિતનગર પાસે, મવડી- ૯૭૩૭૬ ૧૬૭૨૨

**ફલેટ વેચવાના છે**
૧૦૩૦ કારપેટ ૩ બીએચકે સેમીફર લીસ્ટ ગેસ લાઇન વેસ્ટ ઓપન ગીત ગુર્જરી સોસાયટી મેઈન રોડ એરોડામ પાસે ૯૮૯૮૧ ૮૦૨૦૪.

**જય બજરંગ ફ્લોર**
એન્ડ મસાલા મીલ- ચણા, તુવેર, મગ, અડદની ચોખ્ખી દાળ બનાવી આપશુ, માંડવી ફોલી આપશુ, સિંધાલુ હીંગ દળી આપશુ, સાકર દળી આપશુ- ૯૩૨૭૩ ૦૮૭૫૬.

**ઓફિસ વેચવાની છે**
૧૫૦ ફૂટ, ફર્નિચર સાથે, કાલાવડ રોડ ૯૮૯૮૫ ૮૩૭૯૮.

**વેગન આર વેચવાની છે**
૨૦૧૧ મોડલ, પેટ્રોલ સીએનજી સારી કન્ડીશન ૯૮૯૮૫ ૮૩૭૯૮.

**ફક્ત રઘુવંશી**
જ્ઞાતિજનો માટેજ (શ્રી રઘુવંશી યાત્રા પ્રવાસ) વેકેશનમાં હરિદ્વાર, ઋષિકેશ સાથે હિમાલયના ચારધામ યાત્રા- ગંગોત્રી, યમનોત્રી, બદ્રીનાથ, કેદારનાથ- રહેવા, જમવા સાથેનો પ્રવાસ, ઉપડશે- ૧૫-૦૫, દિવસ- ૧૬, બુકીંગ છેલ્લી તા.૨૫-૦૧, નીતિનભાઇ સામાણી- ૯૩૧૩૭ ૫૪૫૪૮.

## જોઈએ છે

સાંજ સમાચાર રાજકોટ કાર્યાલય માટે નીચે મુજબ સ્ટાફ જોઈએ છે.

| | |
|---|---|
| પ્રુફ રીડર (લેડીઝ-જેન્ટસ) | ગુજરાતી ભાષાના જાણકાર અને ઓછામાં ઓછા ૧૨ ધોરણ પાસ એ જ અરજી કરવી. |
| ડેટા એન્ટ્રી ઓપરેટર | શ્રીલીપી ભાષામાં ગુજરાતી ડેટા એન્ટ્રીના જાણકાર |
| પેઈજમેકર ઓપરેટર | પેઈજમેકરમાં પાના બનાવી શકે તેવા અનુભવી/બીન અનુભવીએ પણ અરજી કરવી. |

સંપર્કઃ સાંજ સમાચાર કાર્યાલય
કસ્તુરબા રોડ, શારદા બાગની સામે, રાજકોટ.

## લક્ષ્મી એડ. એજન્સી

મો. ૯૪ ૨૬ ૨૪ ૭૧ ૫૬
૨૦૭, આદર્શ પ્લાઝા, ગુજરાત ગેસ સામે, રૈયા ટેલીફોન એકસચેંજ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ

### જોઈએ છે

**પુરૂષ સ્ટાફ જોઈએ છે**
ડેન્ટલ કિલનિક માટે, ફુલ ટાઈમ / પાર્ટ ટાઈમ, લાયકાત, ધો. ૧૦ પાસ, મો. ૯૮૯૮૯ ૦૬૦૮૭

### વેચવાનું છે

**ફલેટ વેચવાનો છે**
કોટેચા ચોકથી નજીક, જલારામ - ૨ માં, ૨ બીએચકે ફલેટ, ૫૭૦ કાર્પેટ, ફુલ ફર્નિચર સાથે, મો. ૯૧૭૩૮ ૮૫૪૧૫

**ફલેટ વેચવાનો છે**
૩૯ - ન્યુ જાગનાથમાં, બાલમુકુંદ એપાર્ટમેન્ટ, ૧ બીએચકે ફલેટ, બીજા માળે, લિફ્ટ નથી, મો. ૮૫૧૧૨ ૩૦૫૯૯

### ભાડે વિભાગ

**નવો ફલેટ ભાડે આપવાનો છે**
સાધુવાસવાણી રોડ ઉપર, ૩ બીએચકે, હોલ કિચનવાળો, ફ્લેટ બદલી પાત્ર, બેંક, એલઆઈસી કે ગર્વમેન્ટના ઓફિસર કે સારા વેપારીને ૧૧ માસના કરારથી ભાડે આપવાનો છે, બ્રોકર આવકાર્ય, સંપર્ક : ૯૪૨૬૬ ૫૩૧૩૮, ૯૪૦૯૬ ૭૩૨૬૭

## જોઈએ છે

**કોલેજમાં ભણતા છોકરા જો. છે**
એડવોકેટ ઓફિસ યાજ્ઞિક રોડને કોલેજમાં બી.કોમ ભણતા છોકરા સાંજે ૫ થી ૧૦:૩૦ માટે ઓફિસવર્ક કરવા ઓફિસથી ફકત ત્રણ કિ.મી.અંદર કુટુંબ સાથે રહેતા મો.૯૮૨૪૫ ૪૪૧૦૦(૭૭૦૨)

## ધ્રુવ એડસ

હિરા કોમ્પ્લેક્ષ, બીજા માળે, ફુલછાબ ચોક પાસે, પટ્ટણી સોની બોર્ડીંગ સામે, રાજકોટ-૧.
M. 96247 10323

### વેંચવાનું છે

**દુકાન સાથે ઓફિસ**
સદ્દગુરૂ માર્કેટ શોપ નં. ૬, ગ્રાઉન્ડ ફ્લોર, સીટી સેન્ટર સામે, રૈયા રોડ, રાજકોટ. કિં. ૧૫.૫૧, મો. ૯૮૨૫૪ ૭૯૧૦૦

**ફ્લેટ વેંચવાનો છે**
રેસકોર્ષ પ્રાઈમ લોકેશનમાં ૨ બીએચકે, ફર્નિચર સાથે, કિં. ૪૦,મો.૯૪૨૬૭૧૨૧૩૬

**ફ્લેટ વેચવાનો છે**
૩ બીએચકે + ટેરેસ, ૧૧૨૫ ચો. ફુટ કાર્પેટ, ફર્નિચર સાથે, શિલ્પન રેગાલીના, એ વિંગ, ચોથો માળ, સત્ય સાંઈ હોસ્પિટલ પાસે, રાજકોટ. કિં. ૯૮,મો.૮૦૦૦૯૯૦૦૦૫

**ફ્લેટ- દુકાન વેચવાના છે**
ફ્લેટઃ ૨ બીએચકે, ૬૫૦ સ્કે.ફુટ, દુકાનઃ ૧૪૦ સ્કે.ફુટ, સૈફલ ગોલ્ડ, મોટા મવા, કાલાવડ રોડ, રાજકોટ, મો. ૯૯૦૪૮૫૮૭૭૧

### જોઈએ છે

**જોઈએ છે**
સબરસ બેવેરેજીસ (ઠંડા પીણા)ના ડીસ્ટ્રીબ્યુશન માટે સેલ્સ અને બુકીંગ માટે સેલ્સમેન, રાજકોટ સીટી, પોતાનું વાહન જરૂરી, પટેલ બ્રધર્સ, વોટ્સએપ - ૯૭૪૯૭ ૭૭૭૭૪, ૮૭૫૮૭૮૭૭૭૭

## વેચવાનું છે

**મકાન વેચવાનુ છે**
હસનવાડી ૫૦ વાર, ફુલ ફર્નિચર , સોલાર કિં. ૪૦ લાખ, મો. ૯૩૭૫૭ ૬૮૩૩૦ (૭૭૨૪/૧)

**ફ્લેટ વેચવાનો છે**
શ્રીજી કોમ્પલેક્ષ બે બેડ, હોલ કી.૬૫૦ કાર્પેટ, ફિક્સ ફર્નિ ઉજા માળે, લીફ્ટ, સોલાર ટોપ કંડીશન બજરંગવાડી શેરી નં.૧ મો.૯૫૫૮૧ ૪૦૦૭૪

## એપેક્ષ એડવર્ટાઈઝીંગ

કોમર્સ હાઉસ, ઢેબર રોડ, વન-વે, રાજકોટ.
મો. ૯૪૨૬૯ ૯૧૮૦૦

**દુકાન વેચવાની છે**
લાખાજીરાજ રોડ ટચ - ૧ લે માળે ૨૨૦+૨૨૦ ફૂટ+ ૧૧૦ ફૂટ પેસેજ રીટેઈલ તથા હોલસેલ થઈ શકે તેવી ૨ દુકાન મળો મો. 63527 25233

**મારૂતીવેન વેચવાની છે**
1999 મોડેલ ચાલુ કંડીશન મો. 98240 41559.

**મો.દુકાન ભાડે.દે. છે**
૩૭૫ સ્કે.ફીટ ગ્રા.ફ. પ્રોફેશનલ ધંધા લાયક ફુલ મોકાની,કોર્નર ૩ શટર વાળી કૃષ્ણનગર મેઈન રોડ સ્વામીનરાયણ ચોકમાંજ વ્યાજબી ભાડુ મો. 87587 04242.

**ફલેટ ભાડે.દે. છે**
૨ બી.એચ.કે. લીફ્ટ સોલાર પાણી ફૂલ સગવડ સાથે વ્યાજબી ભાડુ સ્વામીનારાયણ ચોક પી.ડી.એમ કોલેજ પાસે મો. 87587 04242.

**દરજી કારીગર જો.છે**
દરેક જાતનુ સીલાઈ કામના અનુભવી નવા તથા જુના કપડા સીવી આપે તેવા કારીગર આકર્ષક પગાર ધર્મેન્દ્ર રોડ મોઃ 98240 41559.

**માણસ જો.છે**
બિલ્ડરની ઓફિસમાં બેસીને પરચુરણ કામ કરી શકે તવા સ્વામીનારનયણ ચોક પી.ડી.એમ કોલેજ પાસે ગોંડલ રોડ મોઃ 87587 04242.

# સાંજ સમાચાર

**ટચુકડી જાહેર-ખબર**

શ્રી ®

MODI ESTATE

# મોદી એસ્ટેટ

## શેઠનગર, જામનગર રોડ, રાજકોટ - મો : ૯૫૧૦૧૦૧૦૪૪

**મોટી ચણોલ**
તા. પડધરી
જુની શરતની, ૫.૫ એકર
જમીન વેચવાની છે
ભાવ-૪૭ લાખ (એકર)

**જામનગર રોડ**

**મનહરપુર-૧**
૨૩૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૦,૦૦૦

**પ્રયાગરાજ-૧**
માધાપર ચોકડી, ૫૫૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦,૦૦૦

**માધાપર-૩૧**
જામનગર રોડ, ૪૫૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦૦

**પરાપીપળીયા-૭૫**
૨૪૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**ક્રિસ્ટલ સીટી**
ઘંટેશ્વર-૧૪૦, ૧૯૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૫૦૦૦

**ગ્રીન એકર**
તરઘડી, ૫૧૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૧૦૦

**સૈનિક સોસાયટી**
૪૦૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૫૦૦૦

**મારૂતિ પાર્ક**
નારણકા, ૧૪૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૦૦૦

**નાગેશ્વર**
ઘંટેશ્વર-૨૮, ૩૪૫ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૨૦૦૦

**જમીન**

**ભીચરી વાડી**
૪ એકર, ૨૨ ગુંઠા, જમીન વેચવાની છે. ભાવ-૨.૧૦ કરોડ (એકર)

**ખંભાળા**
૪ એકર, જમીન વેચવાની છે. ભાવ-૩.૫૦ કરોડ (એકર)

**બેડલા**
તા. રાજકોટ, ૫ એકર જમીન વેચવાની છે. ભાવ-૫૫ લાખ (એકર)

**પાંચીયાવદર**
શેમળા નજીક, ૪ એકર, જમીન વેચવાની છે. ભાવ-૧.૧૦ કરોડ (એકર)

**મોણપર**
તા. ચોટીલા, ૧૬ એકર, જમીન વેચવાની છે. ભાવ-૨૦ લાખ (એકર)

**શાપર**
૪ એકર, જમીન વેચવાની છે. ભાવ-૨.૫૦ કરોડ (એકર)

**ઈન્ડસ્ટ્રીયલ**

**રૂડા ટ્રાન્સપોર્ટ નગર**
આણંદપર, ૭૫૦ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**ઉર્જા ઈન્ડસ્ટ્રીયલ**
તા.પડધરી, ૨૬૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૫૦૦

**બાલાજી ઈન્ડ. એરીયા**
ગોંડલ રોડ, ૩૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**શ્રી હરિ ઈન્ડસ્ટ્રીઝ**
વેરાવળ-૬૬૬, ૪૪૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૭૫૦૦

**માધવ ઈન્ડસ્ટ્રીસ**
બાલસર, ૭૩૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૫૦૦

**ગ્રીન એકર**
તરઘડી
૫૧૨ વારનો પ્લોટ
તાત્કાલીક વેચવાનો છે.
ભાવ-૪૧૦૦

**જય હરિ**
ગોંડલ રોડ, ૨૦૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૧,૦૦૦

**ખીરસરા GIDC**
૧૦૪૬ ચો.મી. પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૦,૦૦૦ (ચો.મી.)

**સરદાર પાર્ક**
કાંગશિયાળી-૨૭૧, ૫૮૪ વાર, પ્લોટ વેચવાના છે. ભાવ-૫૫૦૦૦

**ઉમિયા ઈન્ડ. ઝોન**
રિબડા-૩૦૮, ૯૦૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૪૦૦૦

**મોરબી રોડ**

**દેવ પાર્ક**
હડાળા-૪૭/૧, ૩૬૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૦૦૦

**વિશ્વકર્મા વિહાર**
રતનપર-૧૩૫, ૨૬૪ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૫૦૦

**અક્ષરવાટિકા**
હડાળા, ૨૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૪૦૦

**શ્રધ્ધા-૪**
હડાળા-૨૨૪, ૧૪૮ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૫૦૦

**અમરનાથ પાર્ક**
હડાળા-૯૪ પૈકી ૩, ૩૬૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૯૦૦

**રાધાકૃષ્ણનગર**
રતનપર-૧૭૩, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪,૫૦૦

**સીટી વિસ્તાર**

**વિમલનગર**
પુષ્કરધામ રોડ, ૧૬૮ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૫૦૦૦

**વિનાયક વાટિકા**
દોશી હોસ્પિટલ પાસે, ૬૪૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૫૦૦૦

**ઉદયનગર**
મવડી ચોક, ૨૧૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૫૦૦૦

**ગુરૂદેવ પાર્ક**
નારાયણનગર, ૧૯૧ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૦,૦૦૦

**તાપસ સોસાયટી**
નાનામવા, ૧૩૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧.૪૨ લાખ

**અનંતા સોસાયટી**
બિગ બજાર પાસે, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૯૦,૦૦૦

**લાખાજીરાજ સોસાયટી**
ચુનારાવાડ ચોક પાસે, ૧૭૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૦૦૦૦

**ખોડીયારનગર**
મવડી, ૩૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**જીવરાજ પાર્ક**
અંબિકા ટાઉનશીપ, ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૮૦૦૦

**રોયલ પાર્ક**
કે.કે.વી. હોલ પાસે, ૧૦૨ વાર પ્લોટ વેચવાનો છે. ભાવ-૧ લાખ

**અંજની સોસાયટી**
સૌરભ સોસાયટીની સામે,
પ્રગતિ સોસાયટીની બાજુમાં,
૩૦×૬૦-૧૯૬ વાર, પ્લોટ
વેચવાનો છે. ભાવ-૭૫૦૦૦

**ધર્મજીવન સોસાયટી**
ભક્તિનગર, ૧૫૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૦,૦૦૦

**છોટુનગર**
હનુમાન મઢી પાસે, ૧૫૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૬૦,૦૦૦

**શ્રીનાથજી સોસાયટી**
યુનિવર્સિટી રોડ, ૧૧૪ વાર, પ્લોટ વેચવાનો છે.ભાવ-૭૨,૦૦૦

**ઓમ રેસીડેન્સી**
કોઠારીયા-૩૧૫, ૬૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૩૦૦૦

**ઘાંચીવાડ સોસાયટી**
કેનાલ રોડ, ૨૯૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૫૧,૦૦૦

**કાલાવડ રોડ**

**આદેશ્વર પાર્ક**
છાપરા-૫૧, ૧૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૧૦૦

**ઋષભ પાર્ક**
વિરડાવાજડી-૪૪, ૨૩૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૪૦,૦૦૦

**આનંદ વાટિકા**
નાગલપર-૧૭૮, ૧૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત-૫ લાખ

**વસુધા પાર્ક**
હરિપર-૫૬/૧/૮, ૨૨૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૩૦,૦૦૦

**હોલી લેન્ડ પાર્ક**
ઈશ્વરીયા-૧૩૦, ૨૦૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૮૫૦૦

**ધનંજય હાઈટસ**
ઢોકળીયા-૫૪, ૧૦૭ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત- ૧૨ લાખ

**વૃંદાવન સોસાયટી**
કાલાવડ રોડ, ૧૬૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૭૮,૦૦૦

**સાત હનુમાન પાર્ક**
પિપળીયા-૫૦, ૬૧૨ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૪૦૦૦

**સહયોગ પાર્ક**
કણકોટ, ૧૪૬ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૨૦૦૦

**હેન્સી વિલા**
તા. લોધીકા, ૧૦૦ વારના પ્લોટ વેચવાના છે. ભાવ-૪,૦૦૦

**તૃષ્ટિ પાર્ક**
કણકોટ, ૧૯૫ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૨૦,૦૦૦

**ચંદ્ર પાર્ક**
મેટોડા, ૨૦૦થી ૨૫૦ વારના પ્લોટ વેચવાના છે. ભાવ-૨૩,૦૦૦

**કાંગશીયાળી-૧૯**
૩૪૦ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ-૧૬,૦૦૦

**અર્જુન પાર્ક**
વિરડાવાજડી-૪૭, ૪૧૯ વાર, પ્લોટ વેચવાનો છે. ભાવ- ૩૦,૦૦૦

**સેતુબંધ સોસાયટી**
સ્વામીનારાયણ મંદિર નજીક, ૧૨૧ વાર, પ્લોટ વેચવાનો છે. કિંમત-૯૦ લાખ

## ફાસ્ટ પેમેન્ટથી પ્લોટ વેચવા માટે મળો

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર






# પ્રજાસત્તાક પર્વ

રાજ્ય મહોત્સવ । ૨૬ જાન્યુઆરી ૨૦૨૫ । તાપી-વ્યારા

અમે,
**માનનીય વડાપ્રધાન**
**શ્રી નરેન્દ્રભાઈ મોદીના**
**'વિકસિત ભારત'ના**
સ્વપ્નને સાકાર કરી
દેશની લોકશાહીને વધુ ઉન્નત
બનાવવાનો સંકલ્પ કરીએ છીએ



માનનીય રાજ્યપાલ
**શ્રી આચાર્ય દેવવ્રતજીના**
વરદ્હસ્તે

**ધ્વજવંદન સમારોહ**


**તારીખઃ** ૨૬ જાન્યુઆરી ૨૦૨૫, રવિવાર, **સવારે** ૯:૦૦ વાગે

**સ્થળઃ** બાજીપુરા, તા. વાલોડ, જિ. તાપી–વ્યારા

પ્રેરક ઉપસ્થિતિ
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી

આવો, આપણે સૌ
**સ્વર્ણિમ ભારતના વારસા અને વિકાસનું**
ગૌરવ લઈએ,
બંધુતા અને સમાનતાની ભાવનાને વધુ મજબૂત બનાવીએ

**પ્રજાસત્તાક પર્વની સૌ ગુજરાતવાસીઓને શુભેચ્છાઓ...**



બજેટ ૨૦૨૫ઃ અર્થતંત્રને ઈંધણ સાથે દેશના એક વિશાળ વર્ગને પણ વિટામીન-એમ નું ટોનિક જરૂરી

# શું કેન્દ્રીય બજેટ આમ આદમીના ઘરમાં રાહતની હલવા સેરેમની લાવશે!

**ગઈકાલે નાણામંત્રાલયમાં નિર્મલા સીતારામને હલવો બનાવીને અંદરોઅંદર જ બાટી દીધો પણ હવે દેશનો એ વિશાળ ટેકસપેયર સહિતનો સામાન્ય વર્ગ પણ ઈચ્છે છે કે હલવાની કમ સે કમ સુગંધ તો બજેટમાં જોવા મળે, છેલ્લા એક વર્ષમાં આંતરરાષ્ટ્રીય અને દેશમાં અનેક આર્થિક પરિબળો બદલાઈ ગયા છે અને બજેટને પણ આઉટ ઓફ બોકસ કરવુ જરૂરી બની ગયુ છે.**

**છેલ્લા પાંચ વર્ષમાં મોંઘવારી ૨૧ ટકા જેવી વધી છે, એક સમયે મનમોહનની મોંઘી દુકાનનુ બોર્ડ ભાજપ બતાવતુ હતું, હવે તેની દુકાનમાં ભાવના બોર્ડ જ મુકવાનું બંધ કરી દેવાયુ છે, પણ વાસ્તવિકતા એ છે કે બજેટમાં જેની સૌથી વધુ નજર હોય છે તે રૂ.પથી૧૫ લાખ સુધીની આવક ધરાવતા કરદાતાઓ માટે હવે સૌથી વધુ રાહત જરૂરી છે, સરકારે નવી આવકવેરા સિસ્ટમમાં લોકોની બચતની ટેવ પણ ભુલાવી છે પણ જરૂરી એ છે કે લોકોને હવે ફરજીયાત બની ગયેલા અનેક ખર્ચમાં રાહત આપવામાં આવે.**



**કોરોના કાળ પછી સરેરાશ લોકોની આરોગ્ય ચિંતા વધી છે, કોરોનાએ અનેક સાઈડ ઈફિકટ આપી છે અને તેમાં જેઓ મેડીકલ પોલીસી ધરાવે છે તેને ૨૦૧૫ પછી વિમા પોલીસીમાં ટેકસ રાહત મળી જ નથી, જયારે મેડીકલ ખર્ચ અનેકગણો વધી ગયો છે, સરકાર પોલીટીકલ સબસીડીના બિલ વધારતી જાય છે જે અંતે તો લોકોના ખિસ્સા જ કપાય છે તો કમ સે કમ મેડીકલ વિમા પ્રીમીયમની કરમુક્તિ મર્યાદા વધારવી એ સૌથી પહેલી જરૂરિયાત બની ગઈ છે.**

નાણામંત્રી નિર્મલા સીતારામને ગઈકાલે વિત ભવનમાં હલવા સેરેમની યોજી લીધી અને તેની સાથે જ તારીખ ૧ ફેબ્રુઆરીના બજેટનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે.પરંતુ જે રીતે વૈશ્વીક સિનારીયો અચાનક જ બદલાઈ ગયો છે અને દુનિયાભરમાં હવે ટ્રમ્પ ઈફેકટ જોવા મળી રહી છે તેથી બજેટને પણ નિર્મલા સીતારામને આખરી ઘડીએ નવો મોડ આપવો પડે તો આશ્ચર્ય થશે નહિ. વાસ્તવમાં લાંબા સમયથી ઘર આંગણે પણ આર્થિક મુદ્દાઓ પર નવા નવા પડકારો ઉભા થઈ રહ્યા છે અને હાલ દાવોસમાં જે વૈશ્વીક આર્થિક ફોરમની બેઠક છે તેમાં પણ વિશ્વમાં મંદીની શકયતાઓ દર્શાવાય રહી છે.ભારતનું જીડીપી પણ તેની સ્ટીમ ગુમાવી રહી હોય તેવા સંકેત છે અને ઘર આંગણે પણ જે રીતે ડોલર સામે રૂપિયો સતત તૂટી રહ્યો છે વિદેશી સંસ્થાકીય રોકાણકારો પોતાના નાણા પાછા ખેંચી રહ્યા છે તેનાંથી દેશમાં વિદેશી મુદ્રા ભંડાર ૧.૮૮ અબજ ડોલર ઘટીને ૬૨૩.૯૮૩ અબજ ડોલરે પહોંચ્યો છે. તો બીજી તરફ જે રીતે ચૂંટણીઓમાં રેવડી કલ્ચર વધી રહ્યું છે તેનો બોજો રાજયના બજેટો પર પડી રહ્યો છે. સાથોસાથ ખેડૂત આંદોલન સહિતના મુદ્દે સરકારને પોલીટીકલ પ્રેસરને હેન્ડલ કરવા માટે એક બાદ એક કૃષિ પાકોનાં ટેકાના ભાવો પણ વધારવાની ફરજ પડી રહી છે અને હાલમાં જ એક રિપોર્ટ મુજબ ૨૦૨૫ ના નાણાકીય વર્ષમાં કેન્દ્ર સરકારની સબસીડીનો ખર્ચ અંદાજે ૪.૧ થી ૪.૨ લાખ કરોડ રૂપિયા થઈ જશે.જે પણ સરકાર માટે એક મોટો પડકાર છે પરંતુ સૌથી મોટી ચિંતા દેશના એ વિશાળ મધ્યમ વર્ગને છે કે પાંચ વર્ષમાં મોંઘવારી ૨૧ ટકા વધી ગઈ છે. એક સમયે મનમોહનની મોંઘી દુકાનના ગાણા ભાજપ ગાતુ હતું અને સતા મેળવી ગયુ. હવે મોદીની મોંઘીની દુકાનમાં ભાવના બોર્ડ લગાવવાનું જ બંધ કરી દીધુ છે અને તેને કારણે દેશમાં પાંચ લાખથી પંદર લાખ સુધીના આવક ધરાવતાં કરદાતા માટે ભાગ્યે જ કોઈ રાહત આવી છે. નવી કર વ્યવસ્થા લાગુ થયા બાદ રૂ.૧૫ લાખથી ઓછી કમાણી કરતા કરદાતાઓને ટેક્ષ સ્લેબમાં જે રીતે લીમીટ વધારીને રાહત આપવામાં આવી તે મોંઘવારીએ ધોઈ નાંખી છે અને સૌથી વધુ ટેકસ ભરનારની યાદીમાં આ વર્ગ આવે છે. ૧૫ લાખથી વધુની કમાણી કરતા કરદાતાઓની લીમીટમાં ભાગ્યે જ કોઈ વધારો થયો છે અને તેમને ૩૦ ટકાના મહતમ દરથી કર ભરવો પડી રહ્યો છે. સૌથી મહત્વનું એ છે કે રૂ.૫ લાખ કે તેથી વધુ આવક ધરાવતા કરદાતાઓની સંખ્યા ૭૦ ટકા છે અને નિર્મલા સીતારામન માટે તેમને રાહત આપવી એ જરૂરી બની ગઈ છે.

સ્પોટ-લાઈટ
કે.આર.
krisht555@gmail.com

લાંબા સમયથી જે એક માંગણી થઈ રહી છે તેમાં આવકવેરાની કલમ ૮૦-ડી હેઠળ જે આરોગ્ય વિમા પ્રીમીયમને કરમુક્તિ મળે છે તેમાં વધારો કરવો એ આજની જરૂરિયાત બની ગઈ છે. એક તરફ સરકાર ખુદ લોકોને પ્રધાનમંત્રી આરોગ્ય યોજના હેઠળ જે રૂ.૫ લાખ સુધીની સારવાર મફત આપે છે તેમાં એક એવો વર્ગ પણ છે કે જે પોતાના આરોગ્ય ખર્ચ વિમા પ્રીમીયમથી ઉઠાવી શકે છે. હાલની જોગવાઈ મુજબ કલમ ૮૦-ડી હેઠળ ૬૦ વર્ષ સુધીના કરદાતાને વિમા પ્રીમીયમમાં રૂ.૧૫ હજારમાંથી રૂ.૨૫ હજાર સુધીની કરમુક્તિ ૨૦૧૫માં આપવામાં આવી હતી ત્યારબાદ તેમાં કોઈ વધારો થયો નથી જયારે સીનીયર સીટીઝનની આ ડીડકશન લીમીટ રૂ.૩૦ હજારમાંથી ૫૦ હજાર ૨૦૧૮માં કરવામાં આવી હતી ત્યારબાદ તેમાં કોઈ વધારો થયો નથી અને તેથી આગામી બજેટમાં જે રીતે દેશમાં આરોગ્ય ખર્ચ વધી રહ્યો છે અને વિમા પ્રીમીયમ પણ મોંઘા થઈ રહ્યા છે તે જોતા આ લીમીટમાં વધારો કરવો જરૂરી છે. આ ઉપરાંત નવી જે ઈન્કમટેકસ સીસ્ટમ છે જેને ન્યુ રીજીમ તરીકે ઓળખવામાં આવે છે તેમાં આ પ્રકારના ડીડકશનની કોઈ જોગવાઈ નથી.

હાલમાં જ ડેલોઈટ્ટી ઈન્ડિયાના સર્વેમાં જણાવાયુ હતું કે ભારતમાં મેડીકલનો ખર્ચ અને ખાસ કરીને કોરોનાકાળ પછી જે અલગ અલગ પ્રકારના કોમ્પ્લીકેશન શરીરમાં જોવા મળી રહ્યા છે તેના કારણે હૃદયરોગ, ડાયાબીટીક સહિતની બિમારીઓના દર્દીઓ પણ વધ્યા છે જે સમગ્ર આરોગ્ય પર અવળી અસર કરે છે અને તેથી આરોગ્ય ખર્ચ લોકો માટે એક સૌથી મોટી ચિંતા બની રહી છે. આ સ્થિતિમાં મેડીકલ ઈસ્યુરન્સ પ્રિમીયમ તમામ કંપનીઓએ વધારી દીધા છે અને હાલની મર્યાદામાં કોઈ મેજર રોગની સારવારનો ખર્ચ પુરો કવર થતો નથી અને તેથી જ સરકાર માટે હેલ્થ ઈસ્યોરન્સ પ્રીમીયમની કરમુક્તિ લીમીટ વધારવાની પણ જરૂરિયાત છે.

સરકાર એક તરફ લોકોને નવી ટેકસ વ્યવસ્થા ભણી ખેંચી રહી છે અને તેને ડિફોલ્ટ સીસ્ટમ બનાવી દીધી છે જેના કારણે લોકોની બચતની ટેવ પણ ઘટવા લાગી છે. એક સમય એવો હતો કે આરોગ્ય સહિતના વિમા અને અન્ય બચતોના મારફત લોકો પોતાનો ટેકસ બચાવવા માટે ખાસ ચિંતા કરતા હતા પરંતુ સરકાર જ એક તરફ ઈચ્છે છે કે નવી ટેકસ વ્યવસ્થામાં વધુ લોકો સામેલ થાય. સરકાર તેને સરળ વ્યવસ્થા કહે છે અને આથી જ સરકારે જો આવકવેરાની કલમ ૮૦-ડી હેઠળ વિમા પ્રીમીયમની રકમની કરમુક્તિ વધારવી ન હોય તો એ વર્ગ કે જે રૂ.૫ લાખથી રૂ.૧૫ લાખની આવક ધરાવે છે તેમના માટે એકંદર કરમુક્તિ વ્યવસ્થા રૂ.૧૫ લાખ કરી દેવી જોઈએ જેથી તેઓ પોતાના જ વિમા પ્રીમીયમથી પોતાનો આરોગ્ય ખર્ચ ઉપાડે તો સરકાર માટે પણ આરોગ્ય યોજનાની સબસીડીનો જે બોજો છે તે પણ ઓછો થઈ જશે.

વાસ્તવિકતા એ છે કે દેશના ૭૫ ટકા લોકો પોતાના મેડીકલ ખર્ચ તેના જ ખિસ્સામાંથી ચૂકવે છે. પ્રધાનમંત્રી આરોગ્ય યોજના છતા પણ તેનો લાભ મર્યાદીત લોકોને જ મળે છે અને આ એ વર્ગ છે કે જેને કોઈ સરકારી કે ખાનગી વિમા યોજનાનું છત્ર મળતુ નથી અને બીજી તરફ સતત તબીબી ખર્ચ વધી રહ્યો છે. લાંબા સમયથી હેલ્થ અને લાઈફ ઈસ્યુરન્સમાં જે વિમા પોલીસી લેવાય છે તેમાં પણ ૧૮ ટકા જેવો ઉંચો જીએસટી વસુલાય છે અને કેન્દ્રીય મંત્રી નિતીન ગડકરીએ આ મુદ્દો સંસદમાં પણ ઉઠાવ્યો હતો અને ત્યારબાદ જીએસટી કાઉન્સીલની બેઠકમાં પણ ફકત દેખાડા ખાતર તેના પર ચર્ચા કરવામાં આવી પરંતુ છ માસ થયા પછી પણ તેમાં હજુ કોઈ આખરી નિર્ણય લેવાયો નથી. સરકાર વિમા પોલીસી પર જીએસટીથી રૂ.૧૬ હજાર કરોડ જેવી તગડી કમાણી કરે છે. લોકો પોતાની આવકમાંથી વિમા પ્રીમીયમ ભરે, હોસ્પિટલો આ સારવાર અંગેની રકમ વિમા કંપનીઓ પાસેથી વસુલ કરે અને સરકાર ફકત સર્વિસ ટેકસના નામે પોતાની કોઈ માળખાકીય વ્યવસ્થા વગર રૂ.૧૬ હજાર કરોડની આવક મેળવે તે દર્શાવે છે કે સરકારને ફકત ટેકસમાં જ રસ છે. હવે નિર્મલા સીતારામન કે જેઓ પોતાને અનેક રીતે મધ્યમ વર્ગના ગણાવી ચૂકયા છે તેઓ ખરેખર મધ્યમ વર્ગ માટે કોઈ રાહતના દેવી બને છે કે નહી!

## ICC ટીમ ઓફ ધ યરમાં બુમરાહ, જાડેજા અને યશસ્વી સામેલ

### ભારતીય ICC મહિલા વનડે ટીમ ઓફ ધ યરમાં સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્માને સ્થાન



દુબઈ : ભારતીય ઝડપી બોલર જસપ્રિત બુમરાહ, ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા અને ઓપનર યશસ્વી જયસ્વાલને શુક્રવારે ૨૦૨૪ માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ ટીમ ઓફ ધ યરમાં સ્થાન મળ્યું છે.

ઈંગ્લેન્ડના ચાર ખેલાડીઓ પણ આ ટીમનો ભાગ છે જયારે ઓસ્ટ્રેલિયાનાં પેટ કમિન્સને સ્થાન મળ્યું છે. બુમરાહે ૨૦૨૪માં ૧૪.૯૨ની એવરેજથી ૭૧ વિકેટ લીધી હતી અને તે ટેસ્ટમાં વર્ષનો સૌથી વધુ વિકેટ લેનાર બોલર હતો. જાડેજા ૫૨૭ રન કર્યા હતાં અને ૪૮ વિકેટ લીધી હતી અને યશસ્વીએ ૧૪૭૮ રન બનાવી ૨૦૨૪માં અદ્ભુત ટેસ્ટ પ્રદર્શન કર્યું હતું.

આઈસીસી મેન્સ વનડે ટીમ ઓફ ધ યરમાં ભારત, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડનો કોઈ ખેલાડી નથી.

### ટેસ્ટ ટીમ ઓફ ધ યર

પેટ કમિન્સ (કેપ્ટન, ઓસ્ટ્રેલિયા), યશસ્વી જયસ્વાલ (ભારત), બેન ડકેટ (ઇંગ્લેન્ડ), કેન વિલિયમસન (ન્યૂઝીલેન્ડ), જો રૂટ (ઇંગ્લેન્ડ), હેરી બ્રુક (ઇંગ્લેન્ડ), કામિન્દુ મેન્ડિસ (શ્રીલંકા), જેમી સ્મિથ (વિકેટકીપર, ઈંગ્લેન્ડ), રવીન્દ્ર જાડેજા (ભારત), મેટ હેનરી (ન્યુઝીલેન્ડ) અને જસપ્રીત બુમરાહ (ભારત).

### સ્મૃતિ અને દીપ્તિનો સમાવેશ

ભારતીય ઓપનર સ્મૃતિ મંધાના અને દીપ્તિ શર્માને આઈસીસી મહિલા વનડે ટીમ ઓફ ધ યરમાં સ્થાન મળ્યું છે. મહિલા વનડે ટીમમાં ઈંગ્લેન્ડની ત્રણ, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકાની બે-બે અને શ્રીલંકા અને વેસ્ટ ઈન્ડિઝની એક-એક ખેલાડીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### મહિલા વનડે ટીમ ઓફ ધ યર

સ્મૃતિ મંધાના (ભારત), લૌરા વોલ્વાર્ડ (કેપ્ટન, દ. આફ્રિકા), અટાપટ્ટુ (શ્રીલંકા), હેલી મેથ્યુઝ (વેસ્ટ ઈન્ડિઝ), મેરિઝાન કેપ (દ.આફ્રિકા), એશ્લે ગાર્ડનર (ઓસ્ટ્રેલિયા), એનાબેલ સધરલેન્ડ (ઓસ્ટ્રેલિયા) ),એમી જોન્સ (વિકેટકીપર, ઈંગ્લેન્ડ), દીપ્તિ શર્મા (ભારત), સોફી એકલેસ્ટન (ઈંગ્લેન્ડ), કેટ ક્રોસ (ઈંગ્લેન્ડ).

ભારત - ઈંગ્લેન્ડ ૨જી ટી-૨૦ મેચ આજે ચેન્નાઈમાં

## ચેપક સ્ટેડિયમની પિચ સ્પિનરો માટે બેસ્ટ : ભારતીય ટીમ ત્રણ સ્પિનરો સાથે મેદાનમાં ઉતરશે

### નિતીશ રેડ્ડી અને વોશિંગ્ટન સુંદરમાંથી કોઈ એકને જ ટીમમાં સ્થાન : અક્ષર, બિશ્નોઈ અને વરૂણ ટીમમાં સામેલ





ચેન્નાઈ : ભારતીય ટીમે કોલકાતામાં જીત સાથે ઈંગ્લેન્ડ સામેની પાંચ મેચની ટી-૨૦ શ્રેણીની શરૂઆત કરી હતી. હવે બંને ટીમો વચ્ચે બીજી ટી-૨૦ આજે સાંજે ૭ વાગ્યે ચેન્નાઈમાં રમાશે. એવું માનવામાં આવતું હતું કે અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમી આખરે ૧૪ મહિના પછી ભારતીય ટીમમાં વાપસી કરવામાં સફળ થશે, પરંતુ કોલકાતામાં પ્લેઈંગ-૧૧માં તેનો સમાવેશ કરવામાં આવ્યો ન હતો. શમીના ન રમવાના કારણે ફરી એકવાર તેની ફિટનેસને લઈને અટકળો શરૂ થઈ ગઈ છે.

કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં સ્પિન અને ઝડપી બોલરો બંનેને મદદ મળી, પરંતુ ચેન્નાઈના ચેપોક સ્ટેડિયમમાં સ્પિનરોનું વર્ચસ્વ છે. આવી સ્થિતિમાં ભારતીય ટીમ ઉપ-કેપ્ટન અક્ષર પટેલ, રવિ બિશ્નોઈ અને વરુણ ચક્રવર્તી જેવાં ત્રણ સ્પિનરો સાથે જઈ શકે છે. ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે છેલ્લી મેચમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું અને આ ફોર્મેટમાં ભારતનો સૌથી સફળ બોલર બન્યો હતો. તેનું પ્લેઈંગ-૧૧માં હોવું પણ નિશ્ચિત છે. જો કે નીતીશ રેડ્ડી અને વોશિંગ્ટન સુંદરમાંથી કોઈ એકને જ ટીમમાં સ્થાન આપવામાં આવી શકે છે.

ભારતીય ટીમ ચોક્કસપણે શમીને મેદાનમાં ઉતારવાનું પસંદ કરશે, પરંતુ આ બધું તેની ફિટનેસ પર નિર્ભર રહેશે. જો કે, ભારતને પ્રથમ મેચમાં ૩૪ વર્ષીય ફાસ્ટ બોલરની ખોટ પડી ન હતી. છેલ્લી મેચમાં ફાસ્ટ બોલર અર્શદીપ સિંહ અને સ્પિનર વરુણ ચક્રવર્તીએ શાનદાર પ્રદર્શન કરીને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ભારતની પ્લેઈંગ ઈલેવનમાં કોઈ ખાસ ફેરફારની શક્યતા નથી. જો શમી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં વાપસી કરવા માટે ફિટ થઈ જશે તો તેને નીતીશ કુમાર રેડ્ડીની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવશે.

### ભારત અને ઈંગ્લેન્ડની ટીમો

**ભારતના સંભવિત પ્લેઈંગ-૧૧**

સંજુ સેમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), હાર્દિક પંડ્યા, રિંકુ સિંહ, અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી, અર્શદીપ સિંહ, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી.

**ઈંગ્લેન્ડની પ્લેઈંગ-૧૧**

બેન બેકેટ, ફિલ સોલ્ટ (વિકેટકીપર), જોસ બટલર (કેપ્ટન), હેરી બ્રૂક, લિયામ લિવિંગસ્ટોન, જેકબ બેથેલ, જેમી ઓવરટોન, બ્રાઈડન કાર્સ, જોફ્રા આર્ચર, આદિલ રશીદ, માર્ક વુડ.

### ઈંગ્લેન્ડે ટીમમાં એક ફેરફાર કર્યો

જ્યાં સુધી ઇંગ્લેન્ડનો સવાલ છે, તેની ટીમ પ્રથમ મેચમાં હાર બાદ પુનરાગમન કરવા માટે બેતાબ હશે. ઈંગ્લેન્ડે આ મેચ માટે પોતાનું પ્લેઈંગ-૧૧ જાહેર કરી દીધું છે. તેણે ગુસ એટકિન્સનની જગ્યાએ બ્રાઈડન કાર્સને અગિયારમાં સામેલ કર્યો છે. ચેન્નાઈની સ્થિતિ જોઈને એવું લાગતું હતું કે ઈંગ્લેન્ડ યુવા સ્પિનર રેહાન અહેમદને અંતિમ ઈલેવનમાં સામેલ કરી શકે છે, પરંતુ તેમ થયું નહીં. ઈંગ્લેન્ડ તરફથી અનુભવી સ્પિનર આદિલ રાશિદ અને લિયામ લિવિંગસ્ટોન ભારતીય બેટ્સમેનોને પડકાર આપશે. જ્યાં સુધી તેનાં ઝડપી બોલરોનો સંબંધ છે, જોફ્રા આર્ચર સિવાય તેનો કોઈ બોલર પ્રથમ મેચમાં અભિષેક શર્મા અને સંજુ સેમસન સામે સારું પ્રદર્શન કરી શક્યો ન હતો.

### ભારત ૭ વર્ષ પછી ચેપક સ્ટેડિયમમાં રમશે

ભારતીય ટીમ સાત વર્ષ પછી ચેપક રમશે જયારે ઈંગ્લેન્ડ પહેલીવાર આ સ્ટેડિયમમાં રમશે. ટીમ ઈન્ડિયા છેલ્લે ૨૦૧૮ માં વેસ્ટ ઇન્ડીઝ સામે આ સ્ટેડિયમમાં રમી હતી તે સમયે રોહિત શર્મા કેપ્ટન હતો અને ભારતે ૬ વિકેટે તે મેચ જીત્ય હતો. આ સ્ટેડિયમમાં ભારતે બે મેચ રમી છે જેમાં એક મેચ હારી અને એક મેચ જીતી છે.

### ઓપનિંગની જવાબદારી અભિષેક-સેમસન પર

અભિષેક શર્મા અને સંજુ સેમસને પ્રથમ મેચમાં ભારતને સારી શરૂઆત અપાવી હતી અને તે બંને ફરી એકવાર તે જ પુનરાવર્તન કરવા ઈચ્છશે. છેલ્લી છ મેચમાં ત્રણ સદી ફટકારનાર સેમસન લાંબી ઇનિંગ્સ રમી શક્યો ન હતો પરંતુ અભિષેકે ૩૪ બોલમાં ૭૯ રનની તોફાની ઇનિંગ રમી હતી. સેમસન ચેન્નાઈમાં રમાનારી પ્રથમ મેચની ભરપાઈ કરવા ઈચ્છશે. જો અભિષેક અને સેમસનની ઓપનિંગ જોડી ભારતમાં આવતાં વર્ષે યોજાનાર ટી-૨૦ વર્લ્ડ કપ માટે પોતાનો દાવો મજબૂત રાખવા માંગે છે તો તેણે પોતાનાં પ્રદર્શનમાં સાતત્ય જાળવી રાખવી પડશે. ભારતને છેલ્લી મેચમાં વહેલાં આઉટ થયેલાં કેપ્ટન સૂર્યકુમાર યાદવ પાસેથી પણ મોટી ઇનિંગ્સની અપેક્ષા હશે. હકીકતમાં, સૂર્યકુમાર ગયાં વર્ષે ટી-૨૦ વર્લ્ડ કપ પછી ૧૧ ઇનિંગ્સમાં માત્ર બે અડધી સદી ફટકારી શક્યો છે.

## જીત માટે ઈંગ્લેન્ડે ભારત પર સતત દબાણ બનાવવું જરૂરી : ઈંગ્લેન્ડ બેટ્સમેન હેરી બ્રુક



ચેન્નાઈ : ટોચનાં ક્રમનાં બેટ્સમેન હેરી બ્રુકે કહ્યું કે જો ઈંગ્લેન્ડ કોલકાતામાં સાત વિકેટની કારમી હારમાંથી બહાર આવવા ઈચ્છે છે અને શ્રેણી બરોબરી કરવા ઈચ્છે છે તો ઈંગ્લેન્ડ ટીમે ભારત પર સતત દબાણ બનાવવું પડશે.

બ્રુકે કહ્યું કે અમારી ટીમ બિલકુલ દબાણમાં નથી. ભારત ખૂબ જ સારી ટીમ છે તેથી અમે જાણતાં હતાં કે તેઓ અમને સખત લડત આપશે. તેણે કહ્યું કે અમારે માત્ર દબાણ જાળવી રાખવાની જરૂર છે, તે જ સંદેશ બ્રેન્ડન મેક્કુલમ પણ સતત આપતાં રહ્યાં છે. તેણે કહ્યું કે અમારે તેમનાં બોલરો પર દબાણ કરવું પડશે અને તેમની ઇનિંગ દરમિયાન વિકેટ લેવાનો પ્રયાસ કરવો પડશે.

## કેપ્ટને પાછી ખેંચી લીધી અપીલ

### આઉટ થયેલ બેટસમેન રડવા લાગ્યો !



ક્રિકેટની રમતમાં અમ્પાયરનો નિર્ણય અંતિમ ગણાય છે. આંગળી ઉંચી થઇ ગયા પછી બેટસમેન પાસે પેવેલીયન પરત ફરવા સિવાય કોઇ રસ્તો રહેતો નથી. ઘણી વખત ખરાબ નિર્ણય થયો હોવા છતાં અમ્પાયરીંગ ડીસીઝનનું સન્માન કરવું એ સ્પીરીટ ઓફ ધ ક્રિકેટ માટે અનિવાર્ય ગણવામાં આવે છે. હવે તો જોકે DRS આવી જવાથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં બ્લન્ડર સમાન નિર્ણય થવાનું લગભગ બંધ થઇ ગયું છે. આમ છતાં અમુક પરિસ્થિતિઓ એવી સર્જાય છે જયારે વિરોધી ટીમના કેપ્ટને અપીલ પાછી ખેંચી લઇને આઉટ અપાયેલા બેટસમેનને પાછા બોલાવેલા છે.

થોડી જુની વાત કરીએ તો ૧૯૮૦માં મુંબઇમાં રમાયેલ ગોલ્ડન જ્યુબીલી ટેસ્ટ મેચમાં આવી એક સુંદર ઘટના બની હતી. ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની એ ટેસ્ટ મેચમાં ભારતે પ્રથમ બેટીંગ કરીને ફકત ૨૪૨ રન કર્યા હતા. ઇંગ્લેન્ડની ઇનીંગની શરૂઆત પણ ખાસ્સી ખરાબ રહી હતી. કપીલ દેવ, કરસન ઘાવરી અને રોજર બીન્નીની આક્રમક સ્વીંગ બોલીંગ સામે ઇંગ્લેન્ડે ફકત ૫૮ રનમાં ૫ વિકેટ ગુમાવી દીધી હતી. બસ આવા જ સમયે કપીલ દેવની બોલીંગમાં ઇંગ્લેન્ડના વિકેટ કીપર બોબ ટેલરને અમ્પાયર દ્વારા કેચ આઉટ દેવામાં આવ્યો. બોબ ટેલરે નિર્ણય તરફ ખુબ જ નિરાશા વ્યકત કરી અને કહેવા લાગ્યા કે બોલ તેમના બેટને સ્પર્શ્યો જ નથી. ભારતીય કેપ્ટન ગુંડપ્પા વિશ્વનાથે વિકેટ કિપર અને સ્લીપના ફિલ્ડર જોડે વિચાર વિમર્શ કરીને બોબ ટેલરને પાછા બોલાવ્યા અને અપીલ પાછી ખેંચી. કેપ્ટન વિશ્વનાથના આવા નિર્ણયને 'સ્પીરીટ ઓફ ક્રિકેટ' માટે ખુબ જ વખાણવામાં આવ્યો. પણ થયું એવું કે બોબ ટેલરે ઓલરાઉન્ડર ઇયાન બોથમ જોડે પોણા બસ્સો રનની ભાગીદારી કરી અને ટેસ્ટ મેચ ભારતની પકડમાંથી છુટી ગઇ અને અંતે ઇંગ્લેન્ડ એ ટેસ્ટ મેચ ૧૦ વિકેટે જીતી ગયું.

પણ આજે એક એવો કિસ્સો યાદ કરવો છે જે આવા જ 'સ્પોર્ટસમેન સ્પીરીટ' ને તો ઉજાગર કરે છે પણ સાથોસાથ આપણને થોડુ હસવા માટે પણ મજબુર કરી દેશે. ભારતીય ટીમ ૧૯૮૯માં પાકિસ્તાનના પ્રવાસે ગઇ હતી. સચીન તેંડુલકરની આ પ્રથમ ટેસ્ટ અને વન-ડે સીરીઝ હતી અને ભારતીય ટીમના કેપ્ટન હતા. આક્રમક ફટકાબાજ ક્રિષ્નામાચારી શ્રીકાંત, આમ તો આ શ્રેણી એક બેટસમેન તરીકે શ્રીકાંત માટે સાવ નિષ્ફળ રહી હતી.



ક્રિકેટ ક્લાસિકસ
પ્રકાશ ભટ્ટ

પણ એક કેપ્ટન તરીકે ટેસ્ટ સીરીઝ ૦-૦થી ડ્રો કરવામાં સફળ રહ્યા હતા. ૪ વન ડેની શ્રેણીમાં છેલ્લી વન ડે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં હતી. સાવ જ લો-સ્કોરીંગ મેચમાં ભારતને જીતવા ૩૭ ઓવરમાં ૧૫૧ રન કરવાના હતા. શ્રીકાંત તેમના આખા પાકિસ્તાન પ્રવાસના હાઇએસ્ટ સ્કોર ૩૧ રન પર બેટીંગમાં હતા. આ સમયે વકાર યુનુસના બોલ પર તેમને LBW આઉટ દેવામાં આવ્યા. બોલ પણ તેમના બેટ પર લાગીને પેડ પર લાગ્યો હતો. ખરાબ અમ્પાયરીંગ નિર્ણયથી નારાજ થયેલા શ્રીકાંતે ખુબ જ નિરાશા વ્યકત કરી અને સાવ કાકલુદી કરતા રડી પડયા. માન્યામાં ન આવે પણ કેપ્ટન શ્રીકાંતે રડતા-રડતા પાકિસ્તાની કેપ્ટન ઇમરાન ખાનને કહ્યું કે તેઓ આઉટ નથી. ઇમરાન ખાને પણ મોટુ મન રાખી પોતાની અપીલ પાછી ખેંચી અને શ્રીકાંતને બીજો ચાન્સ આપ્યો. પણ કાળનું કરવું ને શ્રીકાંત આગલા બોલ પર એ જ બોલરની બોલીંગમાં વિકેટ કીપરના હાથોમાં કેચ આઉટ થઇ ગયા. ક્રિકેટના ઇતિહાસમાં આ એક અનન્ય પ્રસંગ છે. જેમાં આઉટ થયેલા બેટસમેનને પાછો બોલાવવામાં આવ્યો હોય અને એ પાછો તરત જ આગલા જ બોલ પર ફરી આઉટ થઇ ગયો હોય. યુ-ટયુબ પર આ વિડીયો આજે પણ જોવા મળે છે. ડ્રામા ઇમોશન અને કલાઇમેકસ બધુ જ ફકત બે બોલમાં !

### ૨૬મી જાન્યુઆરી પહેલા જ રૂરલ એસઓજીની સતર્કતા

# પડધરી પાસેથી મહિલા સહિત ત્રણ બાંગ્લાદેશી ઘુસણખોર ઝડપાયા

## સોહીલહુસેન અને રિપોન હુસેન જિલ્લાના પડધરી ખાતે ભાડાની ઓરડીમાં રહેતા, પ્લાસ્ટિક કંપનીમાં મજૂરી કરતા : મહિલા હિના ખુરશીદ દોઢ વર્ષથી ગેરકાયદેસર રીતે વસવાટ કરતી'તી

## બે મહિના પહેલા બોમ્બરા બોર્ડરથી એજન્ટ મારફતે જંગલના રસ્તેથી ભારતમાં ઘુસ્યા હતા, કોલકાતાના બોંગાથી હાવડા એક્સપ્રેસમાં અમદાવાદ અને ત્યાંથી રાજકોટ આવ્યા હતા

### ATS સહિતની સૂરક્ષા એજન્સીઓ સતર્ક

બે બાંગ્લાદેશી ઝડપાતા રાજકોટ જિલ્લા એસપી હિમકર સિંહ, ડીવાયએસપી કે. જી. ઝાલા સહિતના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ એસઓજી, એલસીબી, એએચટીયુ સહિતની ટીમો કામે લાગી ગઈ હતી. બંને બાંગ્લાદેશી કઈ રીતે અહીં પહોંચ્યા. કોને કોને મળ્યાં. અમદાવાદ, રાજકોટ એમાં ક્યાં ક્યાં ગયા. સહિતની વિગતો એકત્ર કરાઈ છે. આવતીકાલે ૨૬મી જાન્યુઆરીનું રાષ્ટ્રીય પર્વ છે એટલે એટીએસ, આઈબી સહિતની સુરક્ષા એજન્સીઓ પણ ગુપ્ત રાહે તપાસ કરી રહી. હાલ તો બાંગ્લાદેશી શખ્સો મજૂરી કરવા જ આવ્યા હોવાનું રટણ કરે છે પણ તેની ઘુષણખોરી પાછળ બીજો કોઈ ઈરાદો નથી ને? તે અંગે તપાસ ચાલે છે.

રાજકોટ, તા.૨૫

૨૬મી જાન્યુઆરી પહેલા જ રૂરલ એસઓજીની સતર્કતાથી રાજકોટ જિલ્લાના પડધરીમાંથી એક મહિલા સહિત ત્રણ બાંગ્લાદેશી ઘુસણખોર ઝડપાયા છે. સોહીલહુસેન અને રિપોન હુસેન જિલ્લાના પડધરી ખાતે ભાડાની ઓરડીમાં રહેતા હતા. પ્લાસ્ટિક કંપનીમાં મજૂરી કરતા હતા. બે મહિના પહેલા બોમ્બરા



બોર્ડરથી એજન્ટ મારફતે જંગલના રસ્તેથી ભારતમાં ઘુસ્યા હતા, કોલકાતાના બોંગાથી હાવડા એક્સપ્રેસમાં અમદાવાદ અને ત્યાંથી રાજકોટ આવ્યા હતા. જ્યારે મહિલા હિના ખુરશીદ દોઢ વર્ષથી ગેરકાયદેસર રીતે વસવાટ કરતી હતી.

આ અંગે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, રાજકોટ રેન્જ આઇજી અશોકકુમાર યાદવ, રાજકોટ જિલ્લા એસપી હિમકર સિંહએ તા.૨૬ જાન્યુઆરીના પ્રજાસત્તાક પર્વે આમ નાગરીકો નિર્ભયપણે તહેવારની

(અનુસંધાન ૧૨ મા પાને)

### ભાડે ઓરડી આપનાર અને નોકરી આપનાર કારખાનેદાર સામે ગુનો દાખલ થશે

સૂત્રોએ માહિતી આપી છે કે, પકડાયેલ બાંગ્લાદેશી શખ્સોને ઓરડી ભાડે આપનાર અને નોકરી આપનાર કારખાનેદાર સામે પોલીસ ગુનો નોંધશે. ઉલ્લેખનીય છે કે, પરપ્રાંતિયને નોકરી આપતી વખતે તેની જાણકારી પોલીસમાં આપવાની હોય છે અને મિલ્કત ભાડે આપતી વખતે પણ પોલીસને જાણ કરવાની હોય છે તેની નોંધ કરાવવાની હોય છે. જેની જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું પણ હોય છે.

### પ્રજાસત્તાક દિવસ પૂર્વે રાજકોટ શહેર પોલીસના ગૌરવમાં વધારો

# કર્મઠ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝાની રાષ્ટ્રપતિ ચંદ્રક માટે પસંદગી

## વિશિષ્ટ કામગીરી બદલ રાજકોટ સીપીને સન્માનવામાં આવશેઃ ઝારખંડના દેવઘરના વતની બ્રજેશકુમાર ઝા ૧૯૯૯ ની બેચના ગુજરાત કેડરના અધિકારી છે

રાજકોટ. તા.૨૫

પ્રજાસત્તાક દિવસ પૂર્વે રાજકોટ શહેર પોલીસના ગૌરવમાં વધારો થયો છે. શહેરના કર્મઠ પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા ને રાષ્ટ્રપતિ ચંદ્રક આપવાની જાહેરાત થતાં અભિનંદન વર્ષા થઈ રહી છે. વિશિષ્ટ કામગીરી બદલ રાજકોટ સીપીને સન્માનવામાં આવશે તેવી સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

કેન્દ્ર સરકાર દ્વારા ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૫ પૂર્વે પોલીસ, ફાયર તેમજ આર્મી સહિતના વિભાગોમાં વિશિષ્ટ સેવા બદલ અને પ્રતિષ્ઠિત સેવા બદલ રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવતાં બ્રજેશકુમાર ઝા ને



વિશિષ્ટ સેવા બદલ રાષ્ટ્રપતિ ચંદ્રક આપવાની જાહેરાત કરવામાં આવી છે. રાજકોટમાં કર્મઠ અને બહોશ અધિકારીની છાપ ધરાવતાં પોલીસ કમિશ્નરને સન્માનીય ચંદ્રકથી નવાજવાની જાહેરાત થતાં રાજકોટના ગૌરવમાં મોરપીંછ ઉમેરાયું હતું.

આઈપીએસ અધિકારી બ્રજેશકુમાર ઝા મૂળ ઝારખંડના દેવઘરના વતની છે અને તેઓએ દિલ્લીની હિંદુ કોલેજમાંથી અભ્યાસ કર્યો છે. ૧૯૯૯ ની બેચના ગુજરાત કેડરના અધિકારી બ્રજેશકુમાર વર્ષ ૨૦૨૦ માં ગૃહ મંત્રાલયના સેક્રેટરીમાંથી આઈજીના પ્રમોશન સાથે અમદાવાદ જોઈન્ટ કમિશ્નર તરીકે જોડાયા હતાં. જે બાદ તેઓ વર્ષ ૨૦૨૩ માં અમદાવાદથી બદલી થઈ રાજકોટ પોલીસ કમિશ્નર તરીકે કર્મઠ ફરજ બજાવી રહ્યાં છે. તેઓને રાષ્ટ્રપતિ ચંદ્રક આપવાની જાહેરાત થતાં રાજકોટ શહેર પોલીસના ગૌરવમાં વધારો થયો છે. પોલીસ કમિશ્નરને ચારે બાજુથી અભિનંદન વર્ષા થઈ રહી છે.

# ગણતંત્ર દિને ગુજરાતના ૯ પોલીસ અધિકારીઓ અને જવાનોનું રાષ્ટ્રપતિ પદકથી સન્માન કરાશે

## બોર્ડર રેન્જ આઇ.જી. સહિતના ૯ પોલીસ કર્મીઓનું સન્માન



રાજકોટ, તા.૨૫

કાલે તા.૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિનના અવસર પર સરકારના ૯૪૨ કર્મચારીઓને વીરતા-સેવા પદકથી સન્માનિત કરવામાં આવશે તેમાં ૯૫ જવાનોને વીરતા પદક ૧૦૧ને સ્પે. સર્વિસ રાષ્ટ્રપદક, ૭૪૬ને સરાહનીય સેવા માટે પદક આપવામાં આવશે. જેમાં ગુજરાતના ૯ પોલીસ અધિકારી અને જવાનોને રાષ્ટ્રપતિ પદકથી સન્માનીત કરાશે.

પોલીસ અધિકારીઓને તેમની પ્રસંશનીય સેવાઓ બદલ બોર્ડર રેન્જ આઇજી ચિરાગ કોરડીયા, આઇપીએસ નિલેશ જાજડિયા, અશોક પાંડોર, મુકેશ નેગી, હેમાંગ મોદી, દેવદાસ બારડ, સુરેન્દ્રસિંહ યાદવ, હિરેન વરણવા, બાબુ પટેલ સહિતના ૯ પોલીસ કર્મીને રાષ્ટ્રપતિને પદકથી સન્માનીત કરાશે.








**મકાન વેચવાનું છે**
3 BHK, ૨૮૨ વાર
પુષ્કરધામ રોડ નજીક
રાજકોટ
M. 84695 30472

**એકેલીક ફોટો**
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836

**ફલેટ વેચવાનો છે**
2 BHK 625 કારપેટ 7 ફલોર
યુનિ.રોડ-મેઈન રોડ થી તદ્દન નજીક
પંચાયત ચોક પાસે
સંપર્ક : 84601 45778

**ધાધર!!!**
થી પરેશાન છો ?
તો માત્ર ૭ દિવસમાં રાહત મેળવો
બાલાજી ફાર્મસી 2 to 5 pm બંધ
રાજશ્રી ટોકીઝ સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ.
70401 99999
દવા રૂા. ૪૯૦/- થી શરૂ.

**શહેર મધ્યે કરણપરામાં કસમાં મકાન વેચવાનું છે**
૧૫૦ વાર, પહોળી શેરીમાં ઉંડાઈ વાળુ મકાન સોની/વેપારી ભાઈઓ લાયક.
98792 92939

**ઘટાડો... ઘટાડો...ઘટાડો...**
પાસપોર્ટ સર્વિસ ચાર્જ
ફક્ત રૂા. 300/-
મનાલી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
૫-સ્ટર્લીંગ એપાર્ટમેન્ટ, જવાહર રોડ, રાજકોટ.
75758 57770 • 93773 54175







